પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 02-11-2026 I VOL : 12 I Issue : 228 I Page : 8 I Price : 1.00/-


સુવિચાર

જીવનમાં પડવું ખરાબ નથી, પડ્યા પછી ન ઊઠવું ખરાબ છે.

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
સ્કૂલમાં હવે ઓછા માર્ક્સ લાવનાર વિદ્યાર્થીનું અપમાન નહીં

4 
ઉદ્યોગોને રાહત આપવા ખેડૂતોનું બલિદાન? કપાસની આયાત ડ્યુટી...

6 
પ્રેમિકા સબા આઝાદના જન્મદિવસે રીતિક રોશને વ્યક્ત કર્યો પ્રેમ

7 
ઈશાન કિશન એક વર્ષમાં T20Iમાં રન બનાવવાના મામલે ભારતીય...

એક નજર...

મેઘા શુક્લાનો સુપર બોલ્ડ અવતાર સોશિયલ મીડિયા પર વાયરલ



મેઘા શુક્લાએ પોતાના લેટેસ્ટ ફોટોશૂટમાં ઓલિવ ગ્રીન કલરના નીટેડ ક્રોશેટ ક્રોપ ટોપ અને મેચિંગ સ્કર્ટમાં અત્યંત હોટ અને ગ્લેમરસ પોઝ આપીને સોશિયલ મીડિયા પર સનસની મચાવી દીધી છે. બાલ્કનીના ગ્લાસ ડોર પાસે ઊભા રહીને આપેલો બેકલેસ પોઝ અને તેમનો ગ્રેસફુલ લુક ચાહકોનું ધ્યાન પોતાની તરફ ખેંચી રહ્યો છે.

NEWS TRACK

જાપાનના દરિયાકાંઠા નજીક 6.0ની તીવ્રતાનો ભૂકંપ:કેન્દ્ર સમુદ્રમાં 352 કિમીની ઊંડાઈએ

જાપાનના મી પ્રાંતના દરિયાકાંઠા નજીક રવિવારે સવારે 6.0ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. અમેરિકન ભૂવૈજ્ઞાનિક સર્વેક્ષણ (USGS) મુજબ, ભૂકંપનું કેન્દ્ર મી પ્રાંતની રાજધાની ત્સુથી આશરે 110 કિલોમીટર દક્ષિણમાં હતું. ત્સુની વસ્તી 2.5 લાખથી વધુ છે. ભૂકંપ સમુદ્રમાં જમીનથી 352 કિલોમીટર ઊંડાઈએ આવ્યો. ભૂકંપ બાદ સુનામીની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી. હાલ કોઈ વ્યક્તિ ઘાયલ થઈ હોવાની અથવા જાનમાલના નુકસાનની માહિતી નથી. યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC)ની વેબસાઇટ પર લોકોએ જણાવ્યું કે આંચકા લાંબા સમય સુધી અનુભવાયા. શરૂઆતમાં હળવા આંચકા આવ્યા, જે ધીમે ધીમે તેજ થતા ગયા.

રીંગ ઓફ ફાયર એ એક એવો વિસ્તાર છે જ્યાં મહાસાગરીય ટેકટોનિક પ્લેટો ખંડીય પ્લેટો સાથે અસ્તિત્વ ધરાવે છે. જ્યારે આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે, ત્યારે ભૂકંપ આવે છે. તેમની અસરને કારણે જ સુનામી આવે છે અને જ્વાળામુખી પણ ફાટી નીકળે છે.

ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીએ અમેરિકા-ઈઝરાયલને ચેતવણી આપી, સેનાને તૈયાર રહેવા કહ્યું

ઈરાનના સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનીએ અમેરિકા અને ઈઝરાયલને ચેતવણી આપી છે કે, જો બંને દેશોએ ફરી હુમલો કર્યો, તો ઈરાન તેનો તાત્કાલિક જવાબ આપશે. તેમણે કહ્યું કે, યુદ્ધ ક્યારે અને કઈ શરતો પર સમાપ્ત થશે, તે પણ ઈરાન જ નક્કી કરશે. ખામેનીએ ઈરાનની સેનાના વરિષ્ઠ કમાન્ડરો સાથેની બેઠકમાં આ નિવેદન આપ્યું હતું. ત્યારબાદ તેમનું નિવેદન ટેલિગ્રામ એકાઉન્ટ પર જાહેર કરવામાં આવ્યું.

સર્વોચ્ચ નેતા ખામેનીએ સેનાને કોઈપણ ખતરાનો જવાબ આપવા માટે તૈયાર રહેવાનો આદેશ પણ આપ્યો છે. તેમણે એમ પણ કહ્યું છે કે, જવાબી હુમલા માટે કોઈ ભૌગોલિક સીમાનું બંધન નહીં હોય. ખામેનીએ ઈરાની સેનાને અમેરિકા અને ઈઝરાયલના સૈન્ય મથકો તથા અન્ય સંપત્તિઓની નવી યાદી તૈયાર કરવાનો આદેશ પણ આપ્યો છે, જેથી જરૂર પડ્યે તેમને નિશાન બનાવી શકાય. બીજી તરફ, અમેરિકન ન્યૂઝ ચેનલ MS NOWના અહેવાલ મુજબ, ટ્રમ્પ પ્રશાસને ખાડી દેશોને સતર્ક રહેવા જણાવ્યું છે.

INDIA બ્લોકે દિલ્હીમાં જ્ઞાનેશ કુમારના રાજીનામા અને SIRના વિરોધમાં પહેલા માર્ચ અને પછી રેલી યોજી

જ્ઞાનેશ કુમાર પછી મોદીજી તમારો વારો: રામલીલા મેદાનમાં રાહુલ ગાંધીનો સરકારને ખુલ્લો પડકાર

નવી દિલ્હી

INDIA બ્લોકે રવિવારે દિલ્હીમાં જ્ઞાનેશ કુમારના રાજીનામા અને SIRના વિરોધમાં પહેલા માર્ચ અને પછી રેલી યોજી. ચાર કલાક ચાલેલા વિરોધ પ્રદર્શનમાં 20 વિપક્ષી પાર્ટીઓ સામેલ થઈ. રામલીલા મેદાનમાં લેફ્ટના નેતા એમ.એ. બેબી, તેજસ્વી યાદવ, મલ્લિકાર્જુન ખડગે, અખિલેશ યાદવ, મમતા બેનર્જી, ફારૂક અબ્દુલ્લા, મહેબૂબા મુફ્તી અને અંતમાં રાહુલ ગાંધીએ ભાષણ આપ્યું. રાહુલે કહ્યું, 'મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે વોટ ચોરી કરાવી છે, તેમણે જેલ જવું પડશે.' મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે તેઓ પાતાળમાં પણ ચાલ્યા જાય, તેમને શોધીને લાવીશું. તેમને છોડીશું નહીં. અખિલેશ યાદવે યુપીનો



ઉલ્લેખ કરીને કહ્યું કે જે લોકો ક્યારેક યુપીથી આવ્યા હતા, તેઓ યુપીથી જ જશે. યુપીવાળા સ્વાગત સારું કરે છે તો વિદાય પણ સારી કરે છે. 2027માં વિદાય નક્કી છે. છેલ્લા 25 દિવસમાં વિપક્ષ આ મુદ્દા પર સાતમી વખત એકજૂટ થયો હતો.

આપણે માત્ર ભગવાનથી ડરવાનું છે, તેમનાથી નહીં: ઓમર અબ્દુલ્લા

નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લાએ કહ્યું કે અમે અહીં એ જણાવવા માટે ભેગા થયા છીએ કે તેઓ મુસ્લિમો પર દરેક સમયે આંગળી ચીંધે છે. કહે છે કે આ લોકો પાકિસ્તાની છે. હું ભાજપને કહેવા માગું છું કે અમે ભારત માટે લોહી વહાવ્યું છે. આગળ પણ વહાવતા રહીશું. અમારે આ જ વતનમાં રહેવાનું છે. જેમ અખિલેશજીએ કહ્યું કે ઉત્તર પ્રદેશમાં એક કરોડ 27 લાખ હિન્દુઓને પણ મતદાર યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે, તો શું તેઓ પણ પાકિસ્તાની છે? આ આંબેડકરનું બંધારણ છે, તેમાં આપણે બધા સમાન છીએ. ફારૂકે એમ પણ કહ્યું કે આપણે સંઘર્ષ કરવો પડશે, જેથી કોઈ પણ ભારતીય મતાધિકારથી વંચિત ન રહે. આપણે માત્ર ભગવાનથી ડરવાનું છે, તેમનાથી ડરવાનું નથી. આપણે સૌએ સાથે મળીને આગળ વધવું પડશે. જમ્મુ-કાશ્મીર અગાઉ પણ ભારતનો હિસ્સો હતું અને આગળ પણ રહેશે.

મહાદેવ બેટિંગ એપ કેસનો મુખ્ય આરોપી સૌરભ ચંદ્રાકાર ઓમાનથી ભારત લવાયો

દેશનું સૌથી મોટું સટ્ટાબાજી નેટવર્ક ચલાવતો હતો

નવી દિલ્હી

છત્તીસગઢના ચર્ચિત મહાદેવ ઓનલાઈન બેટિંગ નેટવર્કના મુખ્ય આરોપી અને કથિત માસ્ટરમાઈન્ડ સૌરભ ચંદ્રાકારને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) દ્વારા ઓમાનથી ભારત પ્રત્યાર્પિત કરવામાં આવ્યો છે. અન્ય કેન્દ્રીય એજન્સીઓના સહયોગથી થયેલી આ કાર્યવાહી બાદ CBIની વિશેષ ટીમ તેને ભારત લઈને પહોંચી છે. હવે તેનું મેડિકલ ચેકઅપ કરાવ્યા અને ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા બાદ રાયપુર લઈ જવામાં આવશે, જ્યાં સોમવારે CBIની વિશેષ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સૌરભ ચંદ્રાકાર CBIના બે કેસોમાં વોન્ટેડ છે, જેમાં એજન્સી પહેલાથી જ ચાર્જશીટ દાખલ કરી ચૂકી છે. આ ઉપરાંત એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ના એક કેસમાં પણ તેની સામે પ્રોસિક્યુશન ફરિયાદ દાખલ કરવામાં આવી ચૂકી છે.

CBIએ મહાદેવ ઓનલાઈન બુક કેસની તપાસ છત્તીસગઢ સરકારની અપીલ પર શરૂ કરી હતી. તપાસમાં સામે આવ્યું કે આ દેશના સૌથી મોટા ગેરકાયદે ઓનલાઈન સટ્ટાબાજી નેટવર્કમાંથી એક હતું, જેનું સંચાલન વિદેશથી કરવામાં આવી રહ્યું હતું.

મણિપુરમાં ફરી હિંસા ભડકી, ગોળીબારમાં 3 લોકોના મોત

ઇમ્ફાલ

અશાંત મણિપુરમાં હિંસા અને તણાવ ઓછવાનું નામ નથી લઈ રહ્યો. મણિપુરના નોની જિલ્લામાં સશસ્ત્ર જૂથો વચ્ચે થયેલી ભીષણ ગોળીબારની ઘટનામાં 3 લોકોના મોત થયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. બીજી તરફ, આ સતત હિંસા અને રાજ્ય સરકારની નિષ્ક્રિયતા સામે રોષે ભરાયેલા નાગરિકોએ રાજધાની ઈમ્ફાલમાં શનિવારે એક વિશાળ રેલી યોજીને સરકારને 'ફાઇનલ વોર્નિંગ' આપી છે. મળતી માહિતી મુજબ, નોની જિલ્લાના નુંગબા પોલીસ સ્ટેશન અંતર્ગત કેકરુ નાગા ગામમાં અજ્ઞાત સશસ્ત્ર બદમાશો અને જૂથો વચ્ચે અચાનક ભારે ગોળીબાર શરૂ થયો હતો. આ હિંસક અથડામણમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં છે. પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ, મૃત્યુ પામનારા તમામ લોકો પાસેથી હથિયારો અને ગોળાબારૂદ પણ મળી આવ્યા છે. આ ઘટના અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે. કુકી આદિવાસી સંગઠન 'કુકી ઈનપી મણિપુર' (KIM) એ આરોપ લગાવ્યો છે કે આ હત્યાઓ પાછળ એ ન એ સ સી એ ન - આ ઈ એ મ (NSCN-IM) અને ઝેલીયાંગ્રોંગ યુનાઇટેડ ફ્રન્ટના સશસ્ત્ર કેડરોનો હાથ છે.

દિલ્હીમાં વિપક્ષની રેલી વિરુદ્ધ ભાજપની માર્ચ

નડ્ડાએ કહ્યું- આજના દિવસે શીખોનો નરસંહાર થયો, રાહુલ પોતાની રાજનીતિ માટે શહીદોને ભૂલી ગયા

નવી દિલ્હી

INDIA બ્લોકની રામલીલા મેદાનમાં રેલીના વિરોધમાં ભાજપ આજે દિલ્હી સહિત દેશભરમાં 'લોકતંત્ર બચાવો, અરાજકતા દૂર કરો' માર્ચ કાઢી રહી છે. દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીના નેતૃત્વમાં આશરે એક કિલોમીટર લાંબો માર્ચ હરિ નગરથી તિલક નગર સુધી કાઢવામાં આવશે. આમાં 1984ના શીખ વિરોધી રમખાણોના પીડિત પરિવારો, શીખ સમુદાય સહિત 5000 લોકો સામેલ થશે. ભાજપનો આરોપ છે કે કોંગ્રેસે રામલીલા મેદાનમાં SIR વિરુદ્ધ રેલી માટે 1 નવેમ્બરની તારીખ જાણીજોઈને પસંદ કરી છે. 1 નવેમ્બર, 1984ના રોજ શીખ વિરોધી હિંસા થઈ હતી. આ ઉપરાંત ભાજપ અધ્યક્ષ નિતિન નવીન હરિયાણાના રોહતકમાં રેલી કાઢી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડાએ કહ્યું કે આજે શીખ વિરોધી હિંસાના પીડિતોને યાદ કરવા જોઈએ હતા, પરંતુ રાહુલ ગાંધી તેમને ભૂલીને રામલીલા મેદાનમાં પોતાની રાજનીતિ ચમકાવી રહ્યા છે. નિતિન નવીને કહ્યું કે આજે તમે બંધારણની નકલ લઈને ફરો છો.

મહારાષ્ટ્રના નંદુરબારમાં કાયદો અને વ્યવસ્થા ધ્વસ્ત: નવાપુરના વિસરવાડીમાં ધમધમી રહ્યું છે સૌથી મોટું જુગાર, ડ્રગ્સ અને દેહવ્યાપારનું સામ્રાજ્ય

પાક્કો ગુજરાત

મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના નવાપુર પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત આવતા વિસરવાડી વિસ્તારમાં અપરાધીઓ અને ભ્રષ્ટ તંત્રનું એવું ખતરનાક ખેલ ચાલી રહ્યો છે, જેને જાણીને રાજ્યની આખી સિસ્ટમ અને કાયદો-વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ખાસ સૂત્રો દ્વારા મળેલી અત્યંત સનસનાટીભર્યા અને ખતરનાક માહિતી મુજબ, પપ્પુ રઈસ શેખ અને સુરજ જયસ્વાલ દ્વારા એક વિશાળ શેડનું નિર્માણ કરાવીને અહીં ખુલ્લેઆમ મોટા પાયે ગેરકાયદેસર જુગારનો ધંધો ચલાવવામાં આવી રહ્યો છે. આ અડ્ડો કોઈ ગુપ્ત જગ્યાએ નહીં, પરંતુ પોલીસ અને પ્રશાસનિક અધિકારીઓની નાક નીચે ખુલ્લેઆમ ચાલી રહ્યો છે.

દરરોજ કરોડોનો જુગાર અને આંતર-રાજ્ય કુખ્યાત અપરાધીઓનો જમાવડો

આ ગેરકાયદેસર જુગારના અડ્ડાનું નેટવર્ક માત્ર સ્થાનિક સ્તરે સીમિત નથી, પરંતુ તેનો વ્યાપ અનેક રાજ્ય સુધી ફેલાયેલો છે. દરરોજ રાત્રે ગુજરાત, નાસિક, દમણ, પાલઘર અને મુંબઈ (બોમ્બે)થી લગભગ ૧૨૦ થી ૧૫૦ હાઈ-પ્રોફાઈલ લોકો અને કુખ્યાત જુગારીઓ અહીં પહોંચે છે. રાત્રિના સમયે આ શેડની અંદર કરોડો રૂપિયા દાવ પર લાગે છે અને હાર-જીતનો આ ખેલ કરોડોની નોટોની લેવડદેવડ સાથે સવાર સુધી ચાલે છે.

સૌથી ખતરનાક બાબત એ છે કે આ અડ્ડા પર માત્ર જુગાર જ નથી રમાતો, પરંતુ દેશના જુદા જુદા હિસ્સામાંથી નાસી છૂટેલા વોન્ટેડ અપરાધીઓ પણ આશરો મેળવે છે. સૂત્રોનો દાવો છે કે આ સમગ્ર નેટવર્કમાં કુખ્યાત ડી-કંપની (D-Company) ની પણ ભાગીદારી અને સીધી સંડોવણી છે. ગુજરાત અને મુંબઈ સાથે જોડાયેલા વોન્ટેડ ગુનેગારો અહીં બેફામ બનીને આવે છે અને જુગારની સાથે-સાથે એમડી ડ્રગ્સ (MD Drugs) નો ગેરકાયદેસર ધંધો પણ ધમધમાવી રહ્યા છે. યુવા પેઢીને બરબાદ કરનાર આ ખતરનાક નશીલો પદાર્થ આ વિસ્તારમાં ખુલ્લેઆમ વેચાઈ રહ્યો છે.

રાજ્યના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીને ખુલ્લો પડકાર

નંદુરબાર જિલ્લાના આ ભ્રષ્ટ અધિકારીઓએ રાજ્ય સરકારના વડા એટલે કે મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના આદેશોને પણ ઘૂંટીને પી લીધા છે. ખુલ્લેઆમ ચાલી રહેલો આ જુગાર, ડ્રગ્સ અને દેહવ્યાપારનો ધંધો સીધી રીતે સરકાર અને શાસન પ્રણાલીને ખુલ્લો પડકાર ફેંકી રહ્યો છે. જ્યારે દેશ અને રાજ્યના કડક કાયદાઓ ગુનેગારો પર સકંજો કસવાની વાતો કરે છે, ત્યારે નંદુરબારના આ અધિકારીઓ પોતાની તિજોરીઓ ભરવામાં વ્યસ્ત છે.

દેહવ્યાપારનો કાળો કારોબાર અને ખાકીની શંકાસ્પદ મિલીભગત

મામલો માત્ર જુગાર અને ડ્રગ્સ પૂરતો મર્યાદિત નથી, પરંતુ વિસરવાડી વિસ્તારમાં આની સાથે-સાથે દેહવ્યાપાર (પ્રોસ્ટીટ્યુશન) નો ગંદો ધંધો પણ પૂરજોશમાં ચાલી રહ્યો છે. દરરોજ રાત્રે વિસરવાડીમાં ગાડીઓ અને બહારના લોકોનો ભારે જમાવડો થાય છે, સેંકડો લોકો એકસાથે ભેગા થાય છે, છતાં સ્થાનિક પોલીસ એવું નાટક કરે છે કે તેમને આ અંગે કોઈ જ જાણ નથી.

મોટો સવાલ એ થાય છે કે શું લાંચની ચમકે પોલીસની આંખો સંપૂર્ણપણે અંધ કરી દીધી છે?

સિસ્ટમની ભ્રષ્ટ મિલીભગત અને હપ્તાનો ખુલ્લો ખેલ

આ સમગ્ર મહા-કૌભાંડ અને અપરાધ સામ્રાજ્ય પાછળ સંરક્ષણનું એક મજબૂત કવચ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI), જિલ્લાના એસપી (SP) અને રેન્જ આઈજી (IG) સુધી આ ગેરકાયદેસર ધંધાની પૂરેપૂરી માહિતી છે. તેમ છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. આની પાછળનું સીધું કારણ લાખો રૂપિયાની એ ગેરકાયદેસર રકમ છે જે દર મહિને 'હપ્તા' તરીકે આ જવાબદાર અધિકારીઓ સુધી પહોંચે છે. ભ્રષ્ટાચારની આ દીમકે આખી સિસ્ટમને અંદરથી ખોખલી કરી નાખી છે. પરિસ્થિતિ એટલી હદે બગડી ચૂકી છે કે જ્યારે પીડિત કે જાગૃત નાગરિકો આ મામલે ફરિયાદ કરવા માટે જિલ્લાના એસપી અને રેન્જ આઈજીને ફોન કરે છે, ત્યારે તેઓ ફોન ઉપાડવાનું પણ મુનાસિબ નથી સમજતા. આ માત્ર વહીવટી બેદરકારી નથી, પરંતુ રાત્રિના સમયે જ્યારે સેંકડો બહારના લોકો અને શંકાસ્પદ વાહનો તે વિસ્તારમાં પહોંચે છે, ત્યારે શું ખાકીને તેની ગંધ સુદ્ધાં નથી આવતી? આ ક્યારેય શક્ય નથી. વાસ્તવિકતા એ છે કે આ બધું જ સ્થાનિક પોલીસ અને વહીવટી તંત્રની જાણ અને મિલીભગતથી જ થઈ રહ્યું છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરની આ ઘાતક અને વિસ્ફોટક રિપોર્ટ બાદ હવે આખી સિસ્ટમ હલી જવી નક્કી છે. શું મહારાષ્ટ્ર સરકાર અને ગૃહ વિભાગ આ ભ્રષ્ટ અધિકારીઓ સામે કોઈ કડક એક્શન લેશે કે પછી હપ્તાના જોરે આ અપરાધ સામ્રાજ્ય આમ જ ફૂલતું-ફાલતું રહેશે? જનતાની નજર હવે સરકારના આગામી પગલાં પર ટકેલી છે.

જો આ અહેવાલ છપાયા બાદ પણ વહીવટી તંત્રની ઊંઘ નહીં ઉડે, તો એવું માની લેવામાં આવશે કે ખાકી અને અપરાધીઓનું આ ગઠબંધન હવે કાયદાથી પણ ઉપર થઈ ગયું છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

ધર્મના મુખવટા પાછળ છુપાયેલા મહાપાપીનો પર્દાફાશ: કુસાધુ સાગરચંદ્ર સાગરના કારનામા

કરોડોની લૂંટ અને અનૈતિકતાના કાળા કીચડથી ખરડાયેલું ચરિત્ર જોઈ જૈન સમાજમાં ફાટી નીકળ્યો લાવા જેવો રોષ!

ઉજ્જૈન/મધ્યપ્રદેશ

અહિંસા, સંયમ, ત્યાગ અને પવિત્રતાની ઉચ્ચ રાહ ચીંધનારા મહાપ્રભુ ભગવાન શ્રી મહાવીર સ્વામીના પવિત્ર ઉપદેશો અને અસ્મિતાને આજકાલ કેટલાક પાયા વિહોણા, ઢોંગી અને લંપટ કુસાધુઓએ પોતાની અધમ લાલસા સંતોષવાનું હીન સાધન બનાવી દીધું છે. ધર્મ, આસ્થા અને શ્રદ્ધાની પવિત્ર આડમાં આચરવામાં આવતા પાપો અને વ્હેશીપણાની તમામ હદો હવે વટાઈ ચૂકી છે.

તાજેતરમાં જૈન સમાજની અંદરોઅંદરથી એક અત્યંત શરમજનક, કાળજું કંપાવી દેતી અને સનસનાટીભરી વિગતો બહાર આવી છે, જેમાં સાધુના પવિત્ર વેશની ઓથ લઈને ફરતા 'સાગરચંદ્ર સાગર' નામના આ કુસાધુના અસંખ્ય નારીઓ અને સાધ્વીઓ સાથેના લજામણા, અનૈતિક સંબંધો તેમજ ભ્રષ્ટાચારના કાળા કાર્યોનો પર્દાફાશ થતાં ખળભળાટ મચી ગયો છે.

પવિત્ર વેશની આડમાં અનીતિનો ઘાતક ખેલ: અસંખ્ય નિર્દોષ જિંદગીઓ બરબાદ કરનાર નરાધમ!

સાધુ કે સંતનું જીવન એટલે જગત માટે સર્વસ્વ ત્યાગ, ઇન્દ્રિય નિગ્રહ અને પવિત્રતાનું જીવંત પ્રતીક. પરંતુ, આ સાગરચંદ્ર સાગરે સંત વેશની પવિત્રતાને કલંકિત કરતા ના જાણે કેટલીય ભોળી મહિલાઓ અને સાધ્વીઓ સાથે શરમજનક



અને અનૈતિક સંબંધો બાંધ્યા હોવાના અત્યંત ગંભીર અને વિસ્ફોટક આક્ષેપો થઈ રહ્યા છે.

ધર્મની તાકાત અને ભોળી જનતાની અંધ શ્રદ્ધાનો ઘાતકી દુરુપયોગ કરીને આ કુસાધુએ અનેક પ્રતિષ્ઠિત પરિવારો અને યુવતીઓની જિંદગી કાયમ માટે બરબાદ કરી નાખી છે.

આટલા બધા ગંભીર, ડરામણા અને પુરાવા સભેર આરોપો લાગવા છતાં આજદિન સુધી આ સાગરચંદ્ર સાગર ખુદ મીડિયા કે જનતાની સામે આવીને એક શબ્દ બોલવાની કે સ્પષ્ટતા કરવાની હિંમત દાખવી શક્યો નથી, જે તેની સીધી ગુનાહિત માનસિકતા અને પાપ છુપાવવાની કાયરતાની જીવતી જાગતી સાક્ષી પૂરે છે.

વાયરલ કોલ રેકોર્ડિંગ અને ફોટોઝનો પરદાફાશ: 'જો ફોટો ફેક જ હતા, તો તે સ્ત્રી સાથે ગુપ્ત વાતચીત શા માટે?'

આ ઘૃણાસ્પદ કૌભાંડ ત્યારે સપાટી પર આવ્યું જ્યારે આ કુસાધુની એક મહિલા મિત્ર સાથેની કથિત અને અસંસ્કારી કોલ રેકોર્ડિંગ તેમજ અશ્લીલ ફોટો-વ્હોટ્સએપ ચેટના પુરાવાઓ સોશિયલ મીડિયા પર આગની જેમ વાયરલ થયા. સૌથી મોટો અને સળગતો સવાલ એ છે કે જો આ તમામ ફોટા અને વાતો તદ્દન ખોટી કે ફેક જ હતી, તો તે મહિલા સાથે સાગરચંદ્ર સાગરને કાનમાં ફૂંક મારવાની કે ફોન પર લાંબી વાતચીત કરવાની જરૂર જ કેમ પડી? 'મારા ફોટાઓ આ રીતે બજારમાં કેવી રીતે વાયરલ થઈ ગયા?' તેવો સવાલ પૂછનાર આ કુસાધુના પોતાના મોઢાના શબ્દો જ સાબિત કરી દે છે કે દાળમાં કંઈક કાળું નહીં, પરંતુ આખી ડાળ જ કાળી અને સડેલી છે. ફોન સેક્સ અને વાંધાજનક ન્યૂઝ-ફોટાઓની ગંદી કરતૂતો સામે આવ્યા પછી પણ તેનો ધર્મગુરુ તરીકેનો નકલી મુખવટો ક્યારનોય ઓગળી ગયો છે, છતાં શરમ નેવે મૂકીને તે હજુ હસતો ફરે છે!

ટ્રસ્ટીઓની ઘાતક મિલીભગત અને દાનના કરોડો રૂપિયાની કાળી કમાણીનો ખેલ

આવા નીચ કુસાધુઓને છાવરવાનું અને તેમને કાયદા તથા સમાજથી બચાવવાનું મહાપાપ કેટલાક સ્વાર્થી અને લાલચુ તત્વો ખુલ્લેઆમ કરી રહ્યા છે. 'સાગર' સમુદાય સાથે જોડાયેલા કેટલાક વિશેષ સંઘો અને અહંકારી જિનાલયોના ભ્રષ્ટ ટ્રસ્ટીઓ આ સમગ્ર પાખંડ અને ષડયંત્રમાં પૂરી રીતે ભાગીદાર છે.

ધર્મસ્થાનોમાં શ્રદ્ધાળુઓ દ્વારા અતૂટ શ્રદ્ધાથી અપાતા દાન, ફાળા અને ભેટ-સોગાદોના કરોડો રૂપિયાનો હિસાબ-કિતાબ ગોલમાલ કરીને આ ભ્રષ્ટ ટ્રસ્ટીઓ અને સાગરચંદ્ર સાગર પોતપોતાની તિજોરીઓમાં વહેંચી રહ્યા છે:

જનતાના ધર્મના નામે ભેગા થયેલા આ પવિત્ર પૈસાથી આ કુસાધુએ મોજશોખ, એયાશીભર્યું અને રાજા જેવું વૈભવી જીવન શરૂ કર્યું છે.

પ્રજાની આસ્થા સાથે રમત કરીને કરોડો રૂપિયાની બેનામી સંપત્તિ, ફાર્મહાઉસ અને અઢળક સામ્રાજ્ય ઊભું કરવામાં આવ્યું છે.

આ સમગ્ર કાળા કારોબાર અને વ્હેશી લીલાઓ પર પડદો નાખવા માટે મીડિયા કન્વીનર 'અભય ચોપરા' અને તેના જેવા કેટલાક સ્વાર્થી દલાલો સક્રિય રીતે કામે લાગેલા છે, જેઓ પૈસાની લાલચમાં આ કુસાધુના મહાપાપો છુપાવવા માટે એડી-ચોટીનું જોર લગાવી રહ્યા છે.

ભગવાન મહાવીરના પવિત્ર ઉપદેશોનું ખુલ્લેઆમ અપમાન: મંદસૌરમાં ચાલી રહેલા પ્રવચનોનો કરો સખત બહિષ્કાર!

હાલમાં આ બદચલન કુસાધુ મધ્યપ્રદેશના મંદસૌર વિસ્તારમાં પોતાના પ્રવચનોનું નાટક ચલાવી રહ્યો છે. જે પવિત્ર મંચ પરથી સત્ય, અહિંસા, સંયમ અને ચારિત્ર્યના પાઠ ભણાવવાના હોય, ત્યાં બેસીને આ લંપટ કુસાધુ પ્રવચનમાં સામે બેઠેલી ભોળી મહિલાઓ અને શ્રદ્ધાળુઓને કઈ ઘાતકી નજરે જોતો હશે? તેની કલ્પના માત્રથી પણ રુંવાડા ઊભા થઈ જાય છે અને લોકનું લોહી ઉકળી ઉઠે છે. જે પ્રવચનો આપનાર ખુદ નખશીખ ચારિત્ર્યહીન અને ભ્રષ્ટ હોય, તે સમાજને શું દીવા જેવું ઉજળું ભવિષ્ય કે દિશા આપી શકે?

સમગ્ર જૈન સમાજ અને ધર્મપ્રેમીઓ માટે આ હવે ચૂપ બેસી રહેવાનો નહીં, પરંતુ આત્મચિંતન અને પ્રચંડ ક્રાંતિ લાવવાનો સમય છે. જે વ્યક્તિ સમાજ, ધર્મ અને સંત પરંપરાને કલંકિત કરી રહી છે, તેને છાવરનારા તમામ ટ્રસ્ટીઓ અને સંગઠનોને જાહેરમાં ખુલ્લા પાડવા હવે અનિવાર્ય બની ગયા છે.

બાયડમાં SMCની રેડ: 10.19 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

અરવલ્લી

અરવલ્લી જિલ્લાના બાયડ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વાત્રક ગામની સીમમાં બ્રિજ નજીક ધનસુરા તરફથી આવતા રોડ પર સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની 89 પેટીમાંથી આશરે 2,629 બોટલ ઝડપી પાડી હતી. દારૂના જથ્થાની કિંમત રૂ. 10,19,076 થાય છે.

પોલીસ સબ ઇન્સ્પેક્ટર સી. કે. સિસોદીયાની આગેવાનીમાં કરવામાં આવેલી આ કાર્યવાહી દરમિયાન દારૂ ભરેલી ક્રેટા કાર સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 20,79,076નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

આ દરોડામાં ક્રેટા કારનો ડ્રાઇવર અને ક્લીનર, કાર નંબર GJ-38-BC-6064નો માલિક/કબજેદાર, રાજસ્થાનથી દારૂનો જથ્થો પૂરો પાડનાર અને અમદાવાદમાં દારૂનો જથ્થો મંગાવનાર સહિત પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ મામલે બાયડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આમોદ-જંબુસર હાઈવે પર કાર આંબલીના ઝાડ સાથે અથડાઈ

ભરૂચ

ભરૂચ જિલ્લાના આમોદ-જંબુસર હાઈવે પર મંગણાદ ગામથી આગળ પેટ્રોલ પંપ અને એપલ હોટલ નજીક કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર રસ્તા પાસેના જૂના આંબલીના ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ઉમરાજ ગામના 52 વર્ષીય યુનુસ ઈબ્રાહીમ કુમારવાલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્મતમાં કારમાં સવાર રફીક અહેમદ મલેક ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માતની જાણ થતાં જ જંબુસરની 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત રફીક મલેકને જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખસેડ્યા હતા. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રફીક અહેમદ મલેકની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે વડોદરા મોકલવામાં આવ્યા હતા. અકસ્માતમાં એક વ્યક્તિના મોત અને અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અંકલેશ્વરમાં રોડ ખોદકામ દરમિયાન ગુજરાત ગેસની પાઇપલાઇનમાં ભંગાણ

અંકલેશ્વર

અંકલેશ્વરમાં વાલિયા ચોકડીથી શાલીમાર હોટલ નજીક 6 લેન રોડના ખોદકામ દરમિયાન ગુજરાત ગેસ કંપનીની મુખ્ય પાઇપલાઇનમાં ભંગાણ સર્જાતાં ભારે દબાણ સાથે ગેસ લીક થવા લાગ્યો હતો. ગેસના જોરદાર પ્રવાહને પગલે રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને આસપાસના વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાને પગલે વાહનવ્યવહારને પણ અસર થઈ હતી. ઘટનાની જાણ થતાં ગુજરાત ગેસ કંપનીના અધિકારીઓ અને ટેકનિકલ ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. દુર્ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી મુખ્ય લાઈનમાંથી ગેસ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. બીજી તરફ અંકલેશ્વર ડી.પી.એમ.સી. ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી ગેસને કારણે આગ ન ભભૂકે તે માટે સતત પાણીનો છંટકાવ કરી જરૂરી કામગીરી હાથ ધરી હતી. વાલિયા ચોકડીથી કોસમડી સુધી બની રહેલા 6 લેન રોડની વચ્ચે ગુજરાત ગેસની મુખ્ય પાઇપલાઇન પસાર થતી હોવાનું સામે આવ્યું છે. રોડની કામગીરી દરમિયાન પાઇપલાઇનને નુકસાન થતાં ભવિષ્યમાં પણ આવી જોખમી સ્થિતિ સર્જાવાની ભીતિ ઊભી થઈ છે.

અંકલેશ્વર GIDCથી હજીરા પોર્ટ મોકલાયેલા રૂપિયા 1.12 કરોડના પિગમેન્ટ ગ્રીન-7ની ચોરી

અંકલેશ્વર

અંકલેશ્વર GIDCની શુભશ્રી પિગમેન્ટ્સ કંપનીમાંથી સુરતના હજીરા પોર્ટ મોકલાયેલા રૂ. 1,12,99,761ની કિંમતના પિગમેન્ટ ગ્રીન-7ની રસ્તામાં ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે. 44 જંબ બેગમાં ભરેલો કુલ 16,500 કિલોગ્રામ માલ કન્ટેનરમાં મોકલાયો હતો. 29 ઓક્ટોબરે કન્ટેનર હજીરા પોર્ટ પહોંચતાં તપાસમાં સીલ સાથે ચેડાં થયાનું બહાર આવ્યું હતું.

કંપનીએ 26 ઓક્ટોબર, 2026ના રોજ પિગમેન્ટ ગ્રીન-7નું ઉત્પાદન કર્યું હતું. માલની હેરફેર માટે વડોદરાની પ્રિયંકા લોજિસ્ટિક્સની સેવા લેવામાં આવી હતી. ટ્રક નંબર GJ-16-AY-5543 અને કન્ટેનર નંબર FANU 102241માં ઈ-સીલ તથા OTS સીલ લગાવી માલ રવાના કરાયો હતો. દરેક જંબ બેગનું વજન 375 કિલોગ્રામ હતું. ફરિયાદ મુજબ, કન્ટેનરની સીલ સાથે ચેડાં કરી અસલ પિગમેન્ટનો જથ્થો કાઢી લેવામાં આવ્યો હતો અને તેની જગ્યાએ સિમેન્ટની પ્લાસ્ટિકની થેલીઓમાં રેતી તથા માટી ભરી દેવાઈ હતી.

મોટી ભોયણ નજીક રિક્ષામાંથી 360 લીટર દેશી દારૂ ઝડપાયો!!

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશન વિસ્તારના મોટી ભોયણ ગામ ત્રણ રસ્તા રોડ પરથી પોલીસે પૂર્વ બાતમીના આધારે એક સીએનજી રિક્ષામાંથી 72 હજારની કિંમતનો 360 લિટર દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ રૂ. 1.22 લાખનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી અન્ય બે શખ્સો સામે પણ ગૂનો દાખલ કર્યો છે.

ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરતી સાંતેજ પોલીસ સ્ટેશનની ટીમની બાતમી મળી હતી કે સીએનજી રિક્ષા (GJ01TH5492)માં દેશી દારૂ ભરીને કડી તરફથી મોટી ભોયણ થઈને અમદાવાદ તરફ જવાની છે. આ બાતમીના આધારે પોલીસે મોટી ભોયણ ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન વડાવાળી-હાજીપુર રોડ તરફથી આવી રહેલી શંકાસ્પદ રિક્ષાને રોકીને તલાશી લેવામાં આવી હતી.

રિક્ષાના ડ્રાઇવર સીટ પર બેઠેલા ઈસમનું નામ પૂછતાં તેણે પોતાનું નામ મેહુલ ભરતભાઈ પરમાર (રહે. સાબરમતી) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રિક્ષાની પાછળની સીટની વચ્ચે અને ડેકીના ભાગે તપાસ કરતા પ્લાસ્ટિકની થેલીઓના કટ્ટાઓ મળી આવ્યા હતા. જેમાં 10 કટ્ટા ભરીને 360 લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

એસએમસી (SMC) નો સપાટો

સુરતના પાંડેસરામાં કુબેરના ભંડારની જેમ ધમધમતો દેશી દારૂનો અડ્ડો પકડાયો!

હજારો લીટર દેશી દારૂ, વેન ગાડી અને ગેસ સિલિન્ડર કબ્જે; તો શું ખાખી વર્દીની રહેમનજર હેઠળ જ ચાલતો હતો આ મહાકૌભાંડનો કાળો કારોબાર?

સુરત

ગુજરાતમાં દારૂબંધીના કાગળ પરના દાવાઓની પોલ ફરી એકવાર સુરતના પાંડેસરા વિસ્તારમાં ખુલ્લી પડી ગઈ છે. ગાંધીના ગુજરાતમાં બુટલેગરોના મહોત્સવ ખુલ્લેઆમ ચાલી રહ્યા છે, જેની સાબિતી આપતા સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમ દ્વારા પાંડેસરા વિસ્તારમાં એક અત્યંત રેડ પાડવામાં આવી છે. એસએમસીના આ ધમાકેદાર સપાટાથી બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે, પરંતુ સાથે જ સ્થાનિક પોલીસની કાર્યશૈલી સામે પણ ગંભીર સવાલોના ઘાતક વંટોળ ઊભા થયા છે! પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે સુરતના પાંડેસરા વિસ્તારમાં અચાનક ત્રાટકીને એક મોટા દારૂના અડ્ડા પર દરોડો પાડ્યો હતો. સ્થળ પર જે દ્રશ્યો



જોવા મળ્યા તે જોઈને પોલીસ અધિકારીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા. આ રેડ દરમિયાન હજારો લીટર દેશી દારૂનો જથ્થો ખુલ્લેઆમ મળી આવ્યો છે. દારૂ ગાળવા અને હેરાફેરી કરવા માટે ઉપયોગમાં લેવાતી વેન ગાડી, રાંધણ ગેસના સિલિન્ડરો, મોટા ડ્રમ્સ અને કેમિકલયુક્ત ગંદો આથો મોટા પ્રમાણમાં કબ્જે કરવામાં આવ્યો છે. કરોડો રૂપિયાના આ ગેરકાયદેસર દેશી દારૂના કારોબારને જોઈને સાબિત થાય છે કે અહીં લાંબા સમયથી ખુલ્લેઆમ આખો સિન્ડિકેટ ચલાવવામાં આવી રહ્યો હતો. સૌથી મોટો અને લોહી ઉકાળી દે તેવો સવાલ એ છે કે જો સુરતના પાંડેસરા જેવા ગીચ અને સંવેદનશીલ વિસ્તારમાં આટલા મોટા પાયે, હજારો લીટર દેશી દારૂનું ઉત્પાદન અને હેરાફેરી ખુલ્લેઆમ ચાલતી હોય, તો શું સ્થાનિક પાંડેસરા પોલીસ સ્ટેશનના બીટ જમાદાર, ઇન્સ્પેક્ટર કે ઉચ્ચ અધિકારીઓને તેની કાનભેર પણ ખબર નહોતી? શું આ લાખો રૂપિયાનો ગેરકાયદેસર કારોબાર સ્થાનિક પોલીસની મિલિભગત, હપ્તાખોરી અને અમીદ્રષ્ટિ વિના ચાલી શકે ખરો? સામાન્ય પ્રજા અને નાના વેપારીઓ પર કાયદાનો દંડો ઉગામતી પોલીસ શું બુટલેગરો સામે આંખ આડા કાન કરીને બેઠી હતી? આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે સ્થાનિક પોલીસની રહેમનજર અને 'હપ્તાશાહી' વગર આટલા મોટા પાયે દારૂનું સામ્રાજ્ય ચાલવું અશક્ય છે.

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ખજોડ ડમ્પિંગ સાઇટમાં ભીષણ આગ

ધુમાડાના ગોટેગોટાથી આસપાસના વિસ્તારોમાં દૂષિત હવાનો ફફડાટ!

સુરત

સુરત મહાનગરપાલિકા (SMC) ની સંચાલિત અને દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ગણાતી ખજોડ ડમ્પિંગ સાઇટ ખાતે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી અને સનસનાટી મચી ગઈ છે. કચરાના વિશાળ પહાડો પર લાગેલી આગે જોતજોતામાં રૌદ્ર રૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે અડધો કિલોમીટર દૂર સુધી આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા નજરે પડી રહ્યા છે.

આગ લાગવાની ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર બ્રિગેડની ટીમ હરકતમાં આવી ગઈ હતી. ઘટનાસ્થળે ફાયર ટેન્ડરો અને મોટી સંખ્યામાં ફાયર ફાઈટરોની ટીમો તાત્કાલિક ધોરણે રવાના કરવામાં આવી હતી. કચરાના ઊંડાણપૂર્વકના ભાગોમાં લાગેલી આગને બુઝાવવા માટે સતત વોટર બ્રાઉઝર અને જેસીબી મશીનોની મદદથી કાટમાળ ખસેડીને પાણીનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. જોકે, ડમ્પિંગ સાઇટ પર મીથેન ગેસના સતત ઉત્સર્જન અને ગરમીના કારણે આગ બુઝાવવાની કામગીરીમાં ફાયર ફાઈટરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખજોડ ડમ્પિંગ સાઇટમાં લાગેલી આ વિકરાળ આગના કારણે આસપાસના રહેણાંક વિસ્તારો અને બાજુમાંથી પસાર થતા માર્ગો પર ધુમાડાના કારણે વિઝિબિલિટી ઘટી ગઈ છે. ઝેરી અને દૂષિત ગેસના ધુમાડા હવામાં પ્રસરી જતાં



સ્થાનિક લોકોને આંખોમાં બળતરા અને શ્વાસ લેવામાં તકલીફ પડવાની ફરિયાદો ઊભી થઈ છે. પર્યાવરણને પહોંચી રહેલા મોટા નુકસાનના પગલે આસપાસના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ડમ્પિંગ સાઇટ પર અવારનવાર લાગતી આગને લઈને પાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટર એજન્સીની બેદરકારી સામે મોટા સવાલો ઊભા થઈ રહ્યા છે. શ્રમિકો કે ઔદ્યોગિક હોટ-મિક્સ કચરો અહીં નાખવામાં આવે છે કે કેમ, તેની યોગ્ય ચકાસણી કેમ કરવામાં આવતી નથી?

દ્વારકામાં સિંચાઈના પાણીની અછતથી મગફળીનો પાક સુકાયો

પાણી વિના સુકાઈ મગફળીનો પાક, કાચી મગફળી ઉપાડવા ખેડૂતો મજબૂર

દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જગતના તાત આજે પોતાની આંખો સામે ઊભા પાકને બરબાદ થતો જોઈને લોહીના આંસુ રોઈ રહ્યા છે. 'બોર કે કૂવામાં પાણી નથી એટલે પિયત આપી શક્યો નહીં અને મગફળી સુકાઈ રહી છે. મગફળી કાચી હોવા છતાં હું તેને ઉપાડી રહ્યો છું. આ છોડવા માલેય (પશુ) ખાતા નથી. આ કડવા છે, ઝેર જેવા છે.' - દ્વારકાના એક લાચાર અને પીડિત ખેડૂતના આ કરુણ શબ્દો આજે સમગ્ર ગુજરાતની કૃષિ વ્યવસ્થા અને સિંચાઈના મોટા મોટા દાવાઓની પોલ ખોલી રહ્યા છે. પરસેવો પાડીને ઉગાડેલો પાક જ્યારે ખેડૂત પોતાની જ હાથે કાચો ઉપાડવા મજબૂર બને, ત્યારે તેના દિલ પર શું વિતતી હશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સિંચાઈના પાણીની ભયંકર અછત સર્જાઈ છે. ચોમાસાની ઋતુ પૂર્ણ થયા બાદ જ્યારે મગફળીના પાકને છેલ્લું અને સૌથી મહત્વનું પિયત આપવાની જરૂર હતી, બરાબર તે જ



સમયે બોર અને કૂવાના પાણીના તળ ઊંડા ઊતરી ગયા અથવા તળિયાઝાટક થઈ ગયા છે. કેનાલોમાંથી પાણી મળતું નથી અને કુદરતે પણ સાથ ન આપતાં ખેડૂતો પાકને બચાવવા માટે લાચાર બની ગયા છે. પાણી વગર મગફળીનો છોડ ખેતરોમાં જ સુકાઈને ખાખ થઈ રહ્યો છે. મગફળીનો પાક હજુ પૂરો તૈયાર પણ નહોતો થયો અને દાણા પણ કાચા હતા, છતાં જો પાકને ખેતરમાં જ રહેવા દેવામાં આવે તો તે સંપૂર્ણપણે બળીને રાખ થઈ જાય તેમ હતો. આ સ્થિતિમાં ખેડૂતો ભારે હૈયે કાચેકાચી મગફળી ઉપાડવા માટે મજબૂર બન્યા છે. કાચી મગફળી ઉપાડવાથી બજારમાં તેનો કોઈ યોગ્ય ભાવ મળવાનો નથી. વેપારીઓ આ કાચી મગફળીના પાણીના ભાવે દામ અંકાવશે, જેનાથી ખેડૂતનો બિયારણ, ખાતર અને મજૂરીનો ખર્ચ પણ નીકળવો અશક્ય છે. ખેડૂત માટે સૌથી મોટા દુ:ખની વાત એ છે કે સુકાઈ ગયેલા આ મગફળીના છોડવા (પાલો) પશુ આહાર કે ઘાસચારા તરીકે પણ કામમાં આવી રહ્યા નથી. પાણી વગર સુકાઈ ગયેલા અને રોગિષ્ટ બનેલા આ છોડવાઓનો સ્વાદ એટલો કડવો થઈ ગયો છે કે માલધારીઓના પશુઓ પણ તેને મોં લગાડતા નથી. ખેડૂતોનું કહેવું છે કે આ છોડવા પશુઓ માટે ઝેર સમાન બની ગયા છે. એટલે કે, ન તો મગફળી બજારમાં વેચવા લાયક રહી, ન તો તેનો પાલો પશુઓને ખવડાવવા લાયક રહ્યો! દેવાના ડુંગર તળે દબાતો દ્વારકાનો ખેડૂત: તંત્ર ક્યારે જાગશે? દ્વારકાના ખેડૂતોએ બિયારણ, ખાતર, દવાઓ અને ટ્રેક્ટરના ભાડા પેટે લાખો રૂપિયાનું દેવું કરીને મગફળીનું વાવેતર કર્યું હતું.

ડાકોરમાં ફિલ્મી દ્રશ્યો: પોલીસ પકડથી બચવા બકરા ચોરે બ્રિજ પરથી લગાવી મોતની છલાંગ!

ખેડા

ખેડા જિલ્લાના પવિત્ર યાત્રાધામ ડાકોર વિસ્તારમાંથી એક અત્યંત રોમાંચક અને ફિલ્મી ઘટના સામે આવી છે. પોલીસ પકડાઈ જશે તેવી દહેશતથી બકરા ચોરીના એક શંકાસ્પદ આરોપીએ જીવનું જોખમ ખેડીને બ્રિજ પરથી નીચે છલાંગ લગાવી દીધી હતી. આ બનાવના પગલે પંથકમાં ચકચાર મચી ગઈ છે અને ઘટનાનો આખો સિનારિયો ચર્ચાનો વિષય બન્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ડાકોર પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બકરા ચોરીની શંકાસ્પદ ગતિવિધિઓ ધરાવતી એક શંકાસ્પદ ગાડી પોલીસની નજરે ચઢી હતી. પોલીસે તરત જ સાવચેતી દાખવીને આ ગાડીને રોકવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસને જોઈને ગાડીમાં બેસેલા ઈસમોના શ્વાસ અદ્ધર થઈ ગયા હતા અને તેઓ કાયદાના શીખંજામાં ફસાઈ જવાના ડરથી ગભરાઈ ગયા હતા. પોલીસ ગાડી નજીક



આવે તે પહેલાં જ, ગાડીમાં સવાર એક શખ્સે પકડાઈ જવાના ડરથી કોઈ પણ જાતનો વિચાર કર્યા વગર જીવના જોખમે બ્રિજ પરથી જ સીધી નીચે છલાંગ લગાવી દીધી હતી. ઊંચાઈ પરથી કૂદકો મારવાને કારણે આ શખ્સને ગંભીર ઈજાઓ પહોંચી હોવાની માહિતી સામે આવી છે. સમગ્ર ઘટના બાદ ડાકોર પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને સ્થળ પરથી બે શંકાસ્પદ શખ્સોની અટકાયત કરી લીધી છે અને કાયદેસરની પૂછપરછ હાથ ધરી છે. બકરા ચોરીના આ રેકેટમાં અન્ય કોણ-કોણ સંકળાયેલું છે અને આ ગાડી ક્યાંથી ચોરી કરીને લાવવામાં આવી હતી તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પાક્કો ગુજરાત
સોમવાર । 02 નવેમ્બર 2026 । અમદાવાદ

બેદરકારી બદલ શાળાઓ સામે થશે કડક કાર્યવાહી


સ્કૂલમાં હવે ઓછા માર્ક્સ લાવનાર વિદ્યાર્થીનું અપમાન નહીં થાય : પરિણામના આધારે વિદ્યાર્થીઓને અલગ નહીં બેસાડી શકાય

■ શાળામાં 100 કે તેથી વધુ વિદ્યાર્થીઓ હોય તો એક લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકર્તાની નિમણૂક કરવી પડશે

ગાંધીનગર

અત્યાર સુધી શાળાઓમાં વિદ્યાર્થીની ક્ષમતા તેના માર્ક્સ અને પરીક્ષાના પરિણામથી માપવામાં આવતી હતી, પરંતુ હવે આ અભિગમ બદલવાનો સમય આવ્યો છે. ગુજરાત સરકારે એવો નિયમ બનાવ્યો છે કે શાળામાં ઓછા માર્ક્સ લાવનાર વિદ્યાર્થીનું જાહેરમાં અપમાન નહીં કરી શકાય કે વધુ માર્ક્સ લાવનારા વિદ્યાર્થીઓ સાથે તેની સરખામણી પણ નહીં કરી શકાય. એટલું જ નહીં, પરિણામના આધારે વિદ્યાર્થીઓને અલગ બેસાડવા પર પણ પ્રતિબંધ રહેશે. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને આત્મહત્યા નિવારણ માટે રાજ્યની ધોરણ 9થી 12ની તમામ શાળાઓમાં નવી વ્યવસ્થા ઊભી કરવાનો નિર્ણય લેવાયો છે.

શિક્ષણ વિભાગે આ માટે શિક્ષણ નિયમોમાં સુધારો કર્યો છે. નવી વ્યવસ્થા મુજબ દરેક શાળામાં 'સ્કૂલ



વેલનેસ ટીમ' બનાવવી પડશે. આ ટીમનું કામ વિદ્યાર્થીઓમાં માનસિક તણાવ, હતાશા, ભય અને અસામાન્ય વર્તનનાં શરૂઆતનાં સંકેતો ઓળખવાનું રહેશે. એટલે કે વિદ્યાર્થીની મુશ્કેલી ગંભીર બને તે પહેલાં જ શાળા સ્તરે મદદ મળી શકે તેવી વ્યવસ્થા ઊભી કરાશે.

શાળાઓમાં વધુ માર્ક્સ લાવનારા વિદ્યાર્થીઓને આગળ બેસાડવા અને ઓછા માર્ક્સ લાવનારાઓને અલગ રાખવાની પ્રથા સામે સરકારની નવી જોગવાઈ મહત્વની છે. હવે શૈક્ષણિક દેખાવના આધારે વિદ્યાર્થીઓનું વિભાજન કરી શકાશે નહીં. કોઈ વિદ્યાર્થીને જાહેરમાં ઉતારી પાડવો કે બીજા સાથે તેની સરખામણી કરવી પણ નિયમ વિરુદ્ધ ગણાશે. શાળાઓએ એવું વાતાવરણ બનાવવું પડશે જેમાં વિદ્યાર્થીને ઓછા માર્ક્સ આવવા છતાં અપમાન કે ભયનો સામનો ન કરવો પડે.

નવી વ્યવસ્થામાં 'મનો-મિત્ર' નામની અનોખી પહેલ સામેલ કરવામાં આવી છે. દરેક શાળામાં વિદ્યાર્થીઓમાંથી લીડરની પસંદગી કરાશે. આ મનો-મિત્ર પોતાના સહપાઠીઓની વાત સાંભળશે અને તેમને મુશ્કેલી હોય તો યોગ્ય શિક્ષક કે કાઉન્સેલર સુધી પહોંચાડવામાં મદદ કરશે. ઘણી વખત વિદ્યાર્થીઓ પરિવાર કે શિક્ષકો સામે પોતાની સમસ્યા વ્યક્ત કરતાં અચકાય છે, ત્યારે સહપાઠી સાથે વાત કરી શકે તેવો વિકલ્પ ઊભો કરવાનો આ પ્રયાસ છે. શાળામાં 100 કે તેથી વધુ વિદ્યાર્થીઓ હોય તો એક લાયકાત ધરાવતા કાઉન્સેલર, મનોવૈજ્ઞાનિક અથવા સામાજિક કાર્યકર્તાની નિમણૂક કરવી પડશે. નાની શાળાઓએ નજીકના આરોગ્ય કેન્દ્રો, જિલ્લા માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ અથવા ટેલી-માનસ સેવા સાથે જોડાણ કરવાનું રહેશે. એટલે હવે વિદ્યાર્થીની માનસિક સમસ્યાને માત્ર શિસ્તનો પ્રશ્ન ગણીને અવગણી શકાશે નહીં.

બોર્ડની પરીક્ષા, પરિણામ જાહેર થવાનો સમય અને ધો. 8માંથી 9 તથા ધો. 10માંથી 11માં પ્રવેશ જેવા તબક્કાઓમાં વિદ્યાર્થીઓ પર વધતું દબાણ ધ્યાનમાં રાખીને ખાસ માર્ગદર્શન આપવું પડશે. શાળાઓએ યોગ, ધ્યાન, રમતગમત, સંગીત, નૃત્ય અને અન્ય સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ નિયમિત કરાવવી પડશે.

વડોદરામાં સનસનાટી મચી: અંધશ્રદ્ધા કે કોઈ મોટું કાવતરું?

કંકુ, ચોખા અને ઘઉંની પોટલી ફેંક્યા બાદ ચાની કીટલીમાં ધડાકાભેર સિલિન્ડર બ્લાસ્ટ!

વડોદરા

વડોદરા શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને હૃદયના ધબકારા વધારી દે તેવી ઘટના સામે આવી છે. શહેરના બાજવા-કરચિયા રોડ પર આવેલી એક સામાન્ય ચાની કીટલી પર બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને સનસનાટી મચાવી દીધી છે. કીટલી સળગીને ખાક થઈ ગઈ છે અને આસપાસના લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બાજવા-કરચિયા રોડ પર આવેલી એક ચાની કીટલી પાસે અચાનક એક શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. કોઈ અજાણ્યા શખ્સે ત્યાં કંકુ, ચોખા અને ઘઉંની પોટલી જેવી પૂજાપાની કે વિધિની સામગ્રી ફેંકી હતી. આ અંધશ્રદ્ધા કે શંકાસ્પદ ચેષ્ટા જેવી ઘટના બની તેના થોડી જ ક્ષણોમાં તે ચાની કીટલી પર રાખેલું ગેસ સિલિન્ડર ધડાકાભેર ફાટ્યું હતું. સિલિન્ડર બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે જોતજોતામાં આખી કીટલી આગની લપેટમાં આવી ગઈ અને તે સંપૂર્ણપણે નાશ પામી હતી. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા અને રોડ પર મોટો ટ્રાફિક તથા હડકંપ મચી ગયો હતો. આ ભયાનક બ્લાસ્ટમાં ચાની કીટલી અને તેની અંદરનો સામાન સંપૂર્ણપણે ભસ્મીભૂત થઈ ગયો છે.



રાજકોટમાં ચકચારી સરાઝા હોટલ દારૂકાંડ

આરોપીઓ જામીન પર છૂટતા જ વાયરલ થયેલા વીડિયોથી હોબાળો

રાજકોટ

રંગીલા રાજકોટ શહેરમાં ચર્ચાનો વિષય બનેલા અનેક હાઈપ્રોફાઈલ કૌભાંડોમાં વધુ એક મોટો અધ્યાય જોડાઈ ગયો છે. રાજકોટના કાલાવડ રોડ પર આવેલી કુખ્યાત બનેલી સરાઝા હોટલમાં ઝડપાયેલી દારૂની મહેફિલ મામલે નવો જ વળાંક આવ્યો છે. આ પ્રકરણમાં પકડાયેલા આરોપીઓ કાયદાની આંટીઘૂંટી પાર કરીને જામીન પર મુક્ત થતાંની સાથે જ બહાર આવ્યા બાદના તેમના વિવાદાસ્પદ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે, જેના કારણે પોલીસ તંત્રની કામગીરી અને પારદર્શિતા સામે લોકમુખે ભારે સવાલો ઉઠી રહ્યા છે.



થોડા દિવસો અગાઉ રાજકોટના કાલાવડ રોડ પર આવેલી ખ્યાતનામ સરાઝા હોટલમાં પોલીસની ટીમે બાતમીના આધારે સપાટો બોલાવ્યો હતો. અહીં એક બર્થડે પાર્ટીની આડમાં દારૂ અને હુક્કાની અસલી જમાવટ કરવામાં આવી હોવાનું સામે આવ્યું હતું. LCB અને સ્થાનિક પોલીસે કરેલા આ રેડ દરમિયાન આગાઉથી જ આયોજકો, ગ્રાહકો અને હોટલ સ્ટાફ સહિતના શખ્સો સામે ગુનાઓ દાખલ કરવામાં આવ્યા હતા. આશરે ૭૬ થી વધુ શખ્સોને પકડીને તેમના મેડિકલ ટેસ્ટ અને બ્લડ સેમ્પલ લેવાની કામગીરી કરવામાં આવી હતી, જેના કારણે ગુજરાતભરમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ગુજરાતમાં કડક દારૂબંધીના દાવાઓ વચ્ચે મોટા ગજાના શખ્સો કાયદાને કેવા હળવાશથી લે છે તેનું જીવંત ઉદાહરણ આ કેસમાં જોવા મળ્યું છે. સરાઝા હોટલ દારૂકાંડના જે આરોપીઓ પોલીસ પકડમાં હતા અને કાયદાના શિખંજામાં ફસાયા હતા, તેઓ અદાલતમાંથી જામીન મેળવીને બહાર આવી ગયા છે. પરંતુ ચોંકાવનારી વાત એ છે કે જેવી જ તેમની જેલમાંથી કે જામીન પર મુક્તિ થઈ, તે સાથે જ તેમના સ્વાગત કે બહાર નીકળતી વખતના મસ્તીવાળા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગયા છે.

ગાંધીધામ બી ડિવિઝન પોલીસે બનાસકાંઠાના ભિલડીથી દબોચી લીધો વિજય શ્રીમાળી!

ગાંધીધામ

પૂર્વ કચ્છના ગાંધીધામ વિસ્તારમાં ચકચાર મચાવનાર સગીરાના અપહરણ પ્રકરણમાં પોલીસને મોટી સફળતા મળી છે. સગીરાનું અપહરણ કરી લાંબા સમયથી નાસતા ફરતા કુખ્યાત આરોપી વિજય સુરેશભાઈ શ્રીમાળીને ગાંધીધામ બી ડિવિઝન પોલીસની ટીમે બાનાસકાંઠાના ભિલડી (ડીસા) ખાતેથી દબોચી લીધો છે. પોલીસની કડક કાર્યવાહીથી અપહરણકારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઘટનાની વિગતો મુજબ, ગત ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગાંધીધામના કાર્ગો વિસ્તારમાં આવેલા બાપા સીતારામનગર ઝૂંપડામાંથી ફરિયાદીની માસૂમ સગીર પુત્રીનું રહસ્યમય સંજોગોમાં અપહરણ થયું હતું. આ બનાવ અંગે ગાંધીધામ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસે ત્વરિત તપાસ હાથ ધરીને અપહરણ કરાયેલી સગીરાને હેમખેમ શોધી કાઢી હતી, પરંતુ મુખ્ય આરોપી વિજય સુરેશભાઈ શ્રીમાળી પોલીસ પકડથી દૂર ભાગી જવામાં સફળ રહ્યો હતો.

આરોપી લાંબા સમયથી પોલીસને થાપ આપીને અલગ-અલગ જગ્યાએ છુપાઈને ફરતો હતો.

ઉમેટા બ્રિજ મોતની છલાંગનું એપી સેન્ટર બન્યો : વધુ એક યુવકે નદીમાં પડતું મૂક્યું

માત્ર એક જ સપ્તાહમાં ત્રણ-ત્રણ જીવ હોમાતા સુરક્ષા સામે સવાલિયા નિશાન!

આણંદ

આણંદ જિલ્લાના પવિત્ર અને ચકચારી બનેલા ઉમેટા બ્રિજ પરથી વધુ એક અત્યંત દુખદ અને હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે. ઉમેટા બ્રિજ પરથી વધુ એક યુવકે નદીમાં ઝંપલાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની ઘટના બનતા સમગ્ર પંથકમાં હાહાકાર મચી ગયો છે. સૌથી મોટી ચિંતાની વાત તો એ છે કે માત્ર એક જ અઠવાડિયાના ટૂંકા સમયગાળામાં આ બ્રિજ પરથી કૂદીને ત્રણ-ત્રણ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે, જેના કારણે તંત્રની કામગીરી અને બ્રિજ પરની સુરક્ષા વ્યવસ્થા સામે ભારે રોષ અને ગંભીર સવાલો ઊભા થયા છે.

મળતી વિગતો અનુસાર, ઉમેટા બ્રિજ હવે આપઘાતનું સુરક્ષિત કેન્દ્ર



બનતો જતો હોય તેવા ડાઘાવાળા અહેવાલો સામે આવી રહ્યા છે. છેલ્લા માત્ર એક જ સપ્તાહની અંદર આ બ્રિજ પરથી નદીમાં કૂદીને જીવન ટૂંકાવવાની આ ત્રીજી ઘટના છે. એક પછી એક બની રહેલી આ ગંભીર ઘટનાઓએ સ્થાનિક રહીશો, વહીવટી તંત્ર અને પોલીસ પ્રશાસનની ઊંઘ ઉડાડી દીધી છે. સળંગ બની રહેલી આ કરુણાંતિકાઓથી મૃતકોના પરિવારજનોમાં કલ્પાંત છવાઈ ગયો છે અને આખો વિસ્તાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. આટલી ગંભીર ઘટનાઓ સતત બની રહી હોવા છતાં સ્થાનિક પ્રશાસન કે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કોઈ જ કડક પગલાં લેવામાં આવ્યા નથી. બ્રિજ પર લોખંડની રેલિંગ ઊંચી કરવા અથવા તો સેફ્ટી જાળી લગાવવા અંગે આજદિન સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. રોજના હજારો વાહનો અને રાહદારીઓ પસાર થતા આ બ્રિજ પર સુરક્ષાના નામે માત્ર મીંડું જોવા મળી રહ્યું છે, જેના કારણે લોકો જીવના જોખમે અવરજવર કરવા મજબૂર બન્યા છે. તંત્ર તાત્કાલિક સુરક્ષા વધે તેવી પ્રચંડ માંગ

આ બેદરકારીભર્યા વલણને લઈને સ્થાનિક નાગરિકો અને આગેવાનોમાં તંત્ર સામે ભારે ઉશ્કેરાટ અને આક્રોશ જોવા મળી રહ્યો છે.

AAP નેતા પ્રવીણ રામનો શાસક પક્ષ પર સણસણતો પ્રહાર!

"આદિવાસી સમાજના રૂપિયા ખાઈ જનારા મહેલમાં રહે છે અને ચૈતર વસાવાને જેલમાં નાખી દીધા છે"

ગાંધીનગર


ગુજરાતના રાજકારણમાં આદિવાસી સમાજના હકો અને નેતૃત્વને લઈને વિવાદ વધુ વકર્યો છે. આર્મડ ફોર્સિસ અને રાજકીય ગરમાવા વચ્ચે આમ આદમી પાર્ટી (AAP) ના પ્રદેશ નેતા પ્રવીણ રામે શાસક પક્ષ પર અત્યંત આકરા, ઘાતક અને તીખા પ્રહારો કર્યા છે. તેમણે આદિવાસી સમાજના લોકપ્રિય નેતા અને ધારાસભ્ય ચૈતર વસાવા સામે થયેલી કાનૂની કાર્યવાહી અને ધરપકડ સામે રોષ ઠાલવતા જનતા સમક્ષ મોટો સવાલ ઊભો કર્યો છે. વિશાળ જનસભા અને માધ્યમો સમક્ષ આક્રમક અંદાજમાં બોલતા પ્રવીણ રામે જણાવ્યું હતું કે, 'આ રાજ્યમાં આદિવાસી સમાજના કલ્યાણ માટે આવતી કરોડો રૂપિયાની ગ્રાન્ટો અને ભંડોળ સ્વાહા કરી જનારા અસલી ભ્રષ્ટાચારીઓ આજે આલીશાન મહેલોમાં રહે છે અને મોજ-શોખ કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ, આદિવાસીઓ, શોષિતો અને પીડિતોના હક માટે દિવસ-રાત લડાઈ લડનારા ધારાસભ્ય ચૈતર વસાવાને ખોટા કેસોમાં ફસાવીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.' આમ આદમી પાર્ટીના નેતાએ દાવો કર્યો હતો કે શાસક પક્ષ આદિવાસી સમાજનું સાચું પ્રતિનિધિત્વ કરનારા નેતાઓથી ડરી ગયો છે. ચૈતર વસાવા જે રીતે જમીની સ્તરે જઈને આદિવાસી વિસ્તારના જળ, જમીન અને જંગલના અધિકારો માટે અવાજ ઉઠાવી રહ્યા હતા, તેનાથી સત્તામાં બેઠેલા લોકોના પાપ ખુલ્લા પડી રહ્યા હતા. આ અવાજને દબાવી દેવા માટે અને આદિવાસી સમાજમાં ભયનો માહોલ ઊભો કરવા માટે જ સરકારી તંત્રનો દુરુપયોગ કરીને આ કાવતરું રચવામાં આવ્યું છે. પ્રવીણ રામે ચિમકી આપતા કહ્યું હતું કે ભાજપ સરકાર ગમે તેટલા ષડયંત્રો કરે કે નેતાઓને જેલમાં પૂરી દે, પરંતુ આદિવાસી સમાજ અને ગુજરાતની જાગૃત પ્રજા બધું જ જોઈ રહી છે. લોકશાહીમાં પ્રજા જ આખરી ન્યાયાધીશ છે અને આવનારા સમયમાં આ અન્યાય સામે જનતા ચૂંટણીના માધ્યમથી વ્યાજ સાથે હિસાબ ચૂકવશે. આ નિવેદન બાદ રાજ્યના રાજકારણમાં ભારે હોબાળો મચી ગયો છે અને આદિવાસી વિસ્તારોમાં આ મુદ્દે ભારે અસંતોષ અને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

રાજકોટ સહિત ગુજરાતના ચર્ચાસ્પદ

નાઇટલાઇફ કલ્ચરમાં નવો ધડાકો: દારૂની ગુપ્ત પાર્ટીઓમાં 'ફીમેલ જેલી'નો ચિંતાજનક ટ્રેન્ડ!!!

રાજકોટ

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ અને રાજ્યના અન્ય અગ્રણી શહેરોની હાઈ-પ્રોફાઈલ દારૂ પાર્ટીઓ તેમજ હોટેલ કલ્ચરમાં એક નવી જ અને જોખમી બાબત ચર્ચાના કેન્દ્રમાં આવી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા કેટલાક વીડિયો અને અફવાઓ બાદ 'ફીમેલ જેલી'ના નામે ઓળખાતા એક પ્રોડક્ટનો ક્રેઝ યુવતીઓ અને યુવકોમાં ઝડપથી વધી રહ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. દારૂની મહેફિલોમાં સેક્સવર્ધક તરીકે ઓળખાવાતી આ



જેલીના વપરાશને લઈને હવે અનેક સવાલો ઉભા થયા છે. અહેવાલો અનુસાર, નાઇટ પાર્ટીઓ અને હોટેલ્સમાં ખાનગી રીતે વેચાતી આ જેલીને યુવતીઓની કામોત્તેજના કે શારીરિક ક્ષમતા વધારવાના દવાનો દાવો કરીને પીરસવામાં આવે છે. પરંતુ આ પાછળનું કડવું સત્ય કંઈક અલગ જ છે. ગેરકાયદેસર અને અપ્રમાણિત પ્રોડક્ટ: બજારમાં કે ઓનલાઈન બ્લેકમાં વેચાતી આ પ્રકારની મોટાભાગની જેલીઓ સત્તાવાર મેડિકલ એજન્સીઓ દ્વારા પ્રમાણિત હોતી નથી. તેમાં કયા કેમિકલ્સ વાપરવામાં આવ્યા છે તેનો કોઈ રેકોર્ડ હોતો નથી. દારૂ સાથે કેમિકલનું ઝેરી મિશ્રણ: દારૂ (આલ્કોહોલ) પોતે જ શરીરના સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ પર અસર કરે છે. એવામાં આવી નશાકારક કે અજાણી કેમિકલ યુક્ત જેલી દારૂ સાથે ભેળવીને લેવામાં આવે ત્યારે તે શરીરમાં સ્લો-પોઇઝનિંગ અથવા હાર્ટ અટેક જેવી ગંભીર સ્થિતિ સર્જી શકે છે. ૩. ગેરમાર્ગે દોરતી જાહેરાતો: સોશિયલ મીડિયાના માધ્યમથી વાયરલ વીડિયો બનાવીને યુવાપેઢીને ગેરમાર્ગે દોરવાનો અને ફેન્સી પેકિંગમાં ખતરનાક કેમિકલ્સ વેચવાનો આ એક બ્લેક માર્કેટિંગ ખેલ છે. તબીબો અને વિજ્ઞાનના નિષ્ણાતોના મતે, કોઈપણ તબીબી સલાહ વગર આ પ્રકારના સપ્લીમેન્ટ્સ કે જેલીનો ઉપયોગ કરવો એ સીધો જીવન સાથે ખેલવા સમાન છે.

રૂપિયાનો વરસાદ અને પૈસા ડબલ કરવાની લાલચ ભારે પડી: વલસાડમાં નકલી અઘોરી બાવાની ગેંગે વૃદ્ધને 19 લાખનો ચૂનો લગાવ્યો

વલસાડ

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાંથી અંધશ્રદ્ધા, લાલચ અને સાયબર ઠગાઈનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રૂપિયાનો વરસાદ કરાવવા અને ટૂંકા સમયમાં નાણાં ડબલ કરી આપવાની માયાજાળ બિછાવીને એક નકલી અઘોરી બાવાની ગેંગે વયસ્ક વૃદ્ધને પોતાની ઠગાઈની જાળમાં ફસાવી ૧૯ લાખથી વધુની રકમનો ચૂનો લગાવ્યો છે. આ કૌભાંડ આચરનાર સાયબર ગુનેગારો સામે વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે લાલ આંખ કરીને મહીસાગર જિલ્લામાંથી મુખ્ય આરોપી મહેબૂબ સહિત કુલ ૩ આરોપીઓની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. પ્રાપ્ત સાચી વિગતો અનુસાર, વલસાડના પીડિત વૃદ્ધનો સંપર્ક નકલી અઘોરી બાવાની આ ગેંગ સાથે થયો હતો. આરોપીઓએ વૃદ્ધની મજબૂરી અને અંધશ્રદ્ધાનો ગેરલાભ ઉઠાવીને તેમને વિશ્વાસમાં લીધા હતા કે તેઓ વિધિ-વિધાન કરીને 'રૂપિયાનો વરસાદ' કરાવી શકે છે અને રોકાણ કરેલા નાણાં ખૂબ જ ઝડપથી ડબલ કરી આપી શકે છે. આરોપીઓએ પોતાની ખોટી ઓળખ ઊભી કરીને વૃદ્ધને ચમત્કાર બતાવવાના અને તાંત્રિક વિધિના બહાને પોતાના ઝાળમાં આબાદ ફસાવ્યા હતા. નકલી અઘોરી બાવાની ગેંગે અલગ-અલગ પૂજા-વિધિ, સામગ્રી ખરીદવા અને પ્રોસેસિંગ ફીના નામે વૃદ્ધ પાસેથી ઓનલાઈન ટ્રાન્સફર (UPI અને બેંક એકાઉન્ટ્સ) દ્વારા તબક્કાવાર નાણાં મંગાવવાનું શરૂ કર્યું હતું. પૈસા ડબલ થવાની અને રૂપિયાનો વરસાદ થવાની આશામાં વૃદ્ધે આરોપીઓના કહ્યા મુજબ પોતાના જીવનભરની કમાણીમાંથી ૧૯ લાખથી વધુની રકમ ઓનલાઈન માધ્યમથી ટ્રાન્સફર કરી દીધી હતી.



દિવાળી પર્વે રાજ્ય સરકારનો સંવેદનશીલ અને મોટો નિર્ણય

ગુજરાતની જેલોમાંથી 143 કેદીઓને 15 દિવસના પેરોલ, પરિવાર સાથે ઉજવી શકશે પ્રકાશનું પર્વ!

ગાંધીનગર

આગામી રોશનીના પર્વ દિવાળીને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય સરકારે જેલમાં સજા કાપી રહેલા કેદીઓ અને તેમના પરિવારો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને માનવીય નિર્ણય લીધો છે.

રાજ્ય સરકારે તહેવારોની ખુશીઓમાં ભાગીદાર બનવા માટે ગુજરાતની વિવિધ જેલોમાં બંધ કુલ ૧૪૩ જેટલા સજા નીતિ હેઠળના કેદીઓને ૧૫ દિવસના ખાસ પેરોલ મંજૂર કરવાની જાહેરાત કરી છે. સરકારના આ નિર્ણયથી વર્ષોથી જેલની ચાર દીવાલો વચ્ચે બંધ કેદીઓના પરિવારોમાં પણ ખુશીનો માહોલ છવાઈ ગયો છે.

સરકાર દ્વારા લેવાયેલા ઐતિહાસિક નિર્ણય મુજબ, પેરોલ માટે લાયક ઠરેલા તમામ ૧૪૩ કેદીઓને આવનારી ૬ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ધનતેરસના પવિત્ર દિવસે જેલમાંથી મુક્ત કરવામાં આવશે. જેથી તેઓ પોતાના ઘરે



પહોંચીને પરિવારજનો સાથે ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી અને બેસતા વર્ષ જેવા મુખ્ય તહેવારો આનંદ અને ઉલ્લાસ સાથે ઉજવી શકશે. ૧૫ દિવસના પેરોલનો સમયગાળો પૂર્ણ થયા બાદ કેદીઓએ નિર્ધારિત સમયે પરત જેલ તંત્ર સમક્ષ હાજર થવાનું રહેશે.

આ ખાસ પેરોલ નીતિ હેઠળ ઉંમર અને પાત્રતાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ: ઉંમરલાયક પુરુષ કેદીઓ: ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા કુલ ૧૦૩ વયસ્ક પુરુષ કેદીઓને આ પેરોલનો લાભ આપવામાં આવ્યો છે. મહિલા કેદીઓ: કુલ ૪૦ મહિલા કેદીઓને પણ પોતાના પરિવાર અને બાળકો સાથે દિવાળીની ઉજવણી કરવા માટે ૧૫ દિવસના પેરોલ પર છોડવામાં આવશે. જેલ સુધારણા અને માનવતાવાદી અભિગમને ધ્યાનમાં રાખીને વયસ્ક અને મહિલા કેદીઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રાજ્ય સરકારે સ્પષ્ટતા કરી છે કે આ પેરોલનો લાભ તમામ કેદીઓને આંધળુકિયા રીતે આપવામાં આવ્યો નથી. દેશદ્રોહ, આતંકવાદી પ્રવૃત્તિઓ, પોક્સો (POCSO), નર સંહાર કે અત્યંત ગંભીર અને સંગઠિત ગુનાઓમાં સજા ભોગવી રહેલા કેદીઓને આ ખાસ પેરોલ સ્કીમથી દૂર રાખવામાં આવ્યા છે. જે કેદીઓનું જેલમાં વર્તણૂક સારું રહ્યું હોય અને જેમના ગુનાની ગંભીરતા મર્યાદિત હોય તેવા જ નિયમાનુસાર પાત્ર કેદીઓની પસંદગી કરવામાં આવી છે.

જામનગરમાં શરમજનક અને હૃદયકંપાવનારી ઘટના: 13 વર્ષની માસૂમ સગીરા પર બે વૃદ્ધોનું દુષ્કર્મ

જામનગર

ગુજરાતના સંતો અને શૂરવીરોની ભૂમિ ગણાતા જામનગર શહેરમાંથી એક અત્યંત શરમજનક અને માનવતાને શરમાવે તેવી ભયાનક ઘટના સામે આવી છે. જામનગરમાં માત્ર ૧૩ વર્ષની માસૂમ સગીરા પર બે નરાધમ વૃદ્ધો દ્વારા વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાનો સસંસનીખેજ ખુલાસો થયો છે.

સગીરાએ બાળકને જન્મ આપ્યા બાદ આ સમગ્ર કાળો કારનામો સામે આવ્યો છે, જેને પગલે જામનગર સિટી બી ડિવિઝન પોલીસે તાત્કાલિક ધોરણે એક્શનમાં આવી બંને હેવાન વૃદ્ધોની અટકાયત કરી તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. મળતી પ્રાથમિક વિગતો અનુસાર, જામનગરના વિસ્તારમાં રહેતી ૧૩ વર્ષીય માસૂમ બાળકીને એકલતાનો લાભ ઉઠાવી તેમજ વિવિધ લાલચો આપીને વિસ્તારના જ બે વૃદ્ધોએ પોતાની હવસનો શિકાર બનાવી હતી.

આ નરાધમો સગીરાની મજબૂરી અને અજ્ઞાનતાનો લાભ ઉઠાવીને અવારનવાર તેની સાથે કુકર્મ આચરતા હતા. સગીરા ડરના માર્યા પરિવારજનોને કાંઈ કહી શકી નહોતી, જેના કારણે આ વિકૃત માનસિકતા ધરાવતા વૃદ્ધોનો પાપનો ઘડો ભરાતો ગયો હતો.

સમય જતાં ૧૩ વર્ષની માસૂમ સગીરા ગર્ભવતી બની હતી. શારીરિક ફેરફારો થતાં અને સગીરાને હોસ્પિટલ ખસેડવામાં આવતા તેણે એક સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો. ૧૩ વર્ષની બાળકીએ બાળકને જન્મ આપતાં પરિવારજનોના પગ નીચેથી જમીન ખસી ગઈ હતી. બાળકીની આપવીતી સાંભળીને પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા અને તાત્કાલિક જામનગર સિટી બી ડિવિઝન પોલીસ મથકનો સંપર્ક સાધી નરાધમો સામે કડકમાં કડક ફરિયાદ નોંધાવી હતી.


તંત્રી લેખ...

દિવાલો પર અમીરીના દેખાડા કે દીકરીના ભવિષ્યનો દીવો? કથા-ડાયરામાં રૂપિયા ઉડાડવાની પ્રથા સામે લાલબત્તી!

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા અને ઉત્સવપ્રિય સ્વભાવમાં સંત કથા, ભવ્ય લોકડાયરા અને ધાર્મિક કે સામાજિક પ્રસંગોનું હંમેશાથી વિશેષ સ્થાન રહ્યું છે. અહીં ધર્મ અને લોકસાહિત્ય પ્રત્યેનો પ્રેમ અદ્ભુત છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી આ ઉત્સવોમાં રૂપિયા ઉડાડવાની પ્રથા જે રીતે હદ વટાવી રહી છે, તે હવે એક ગંભીર સામાજિક ચર્ચાનો વિષય બન્યો છે. મંચ પર બેઠેલા કલાકારો પર નોટોનો વરસાદ કરવો, પોતાની આર્થિક પ્રતિષ્ઠા કે શોખ ખાતર લાખો રૂપિયા હવામાં ઉડાડવા એ હવે માત્ર શોખ નહીં પરંતુ સ્ટેટસ સિમ્બોલ બની ગયું છે. કલાકારોના મંચ પર રૂપિયાની ચાદરો પથરાય છે, નોટોના બંડલો ઉડે છે, પરંતુ આ ભવ્યતા અને ચકાચૌંધ પાછળનું કડવું સત્ય એ છે કે આ પ્રથા હવે આસ્થાના બદલે માત્ર અહમ, દેખાડા અને ધનપ્રદર્શનનું રૂપ લેતી જઈ રહી છે. આ જ સંદર્ભમાં સોશિયલ મીડિયા પર વાયરલ થતી એક અત્યંત સચોટ, હચમચાવી દેતી અને વિચાર માંગી લે તેવી લાઈન સૌ કોઈના અંતરાત્માને ઝંઝોડી રહી છે: 'કથા કે ડાયરામાં રૂપિયા ઉડાડવા કરતાં પિતા વગરની દીકરીની સ્કૂલની ફી ભરી દયો, જિંદગી જન્નત બની જશે.' આ નાનકડી વાક્યરચના આજના સમયની સૌથી મોટી સામાજિક વાસ્તવિકતા અને માનવતાના સાચા અર્થને અત્યંત સચોટ રીતે ઉજાગર કરે છે.

આસ્થા કે માત્ર અહંકાર અને દેખાડાનું પ્રદર્શન?

આપણી સંસ્કૃતિનો મુખ્ય પાયો ધર્મ, આસ્થા અને કલા પ્રત્યેનો આદર છે. કથાકાર કે લોકસાહિત્યકાર આપણને જીવનના સાચા સંસ્કાર આપે છે, આપણી સનાતન સંસ્કૃતિને જીવંત રાખે છે અને ડાયરો આપણી લોકબોલી, સંગીત તથા વિરાસતને ઉજાગર કરે છે.



કલાકારને માન-સન્માન આપવું, તેમની કલાની કદર કરવી અને યથાશક્તિ ભેટ આપવી તેમાં કોઈ બેમત નથી કે કોઈ ખોટું નથી. સદીઓથી કલાકારોને રાજા-મહારાજાઓ દ્વારા પણ બક્ષિસ આપવામાં આવતી હતી. પરંતુ, સમય બદલાયો છે તેમ આ પદ્ધતિનો હેતુ પણ બદલાયો છે. જ્યારે આ સન્માન માત્ર દેખાડા, અહંકાર અને 'કોણ કેટલા લાખો રૂપિયા ઉડાડે છે' તેની આંધળી સ્પર્ધા કે રેસમાં ફેરવાઈ જાય છે, ત્યારે તેનો મૂળ આત્મા અને પવિત્રતા મરી જાય છે. જે મંચ પરથી ભક્તિ, દયા, પરોપકાર, ક્ષમા અને માનવતાના પાઠ ભણાવવામાં આવતા હોય, તેની જ સામે હજારો-લાખો રૂપિયા હવામાં ઉડાડીને ધૂળમાં રગદોળાઈ જતા જોઈને પ્રશ્ન થાય કે શું ખરેખર આ જ સાચી આસ્થા છે? શું ભગવાન કે કલાકાર આ પ્રકારના આંધળા દેખાડાથી પ્રસન્ન થાય છે ખરા?

પિતાની છત્રછાયા ગુમાવનાર દીકરીઓનો મૂંગો અને અસહાય સંઘર્ષ

જ્યારે એક તરફ પાર્ટીઓ અને ડાયરાઓમાં રૂપિયા પાણીની જેમ વહે છે, ત્યારે તેની તદ્દન વિરુદ્ધ આપણા જ આ સમાજમાં એવા કેટલાય સંઘર્ષી પરિવારો છે જ્યાં અંધકાર છવાયેલો છે. જે પરિવારમાં પિતાની છત્રછાયા અચાનક છીનવાઈ ગઈ છે, તે ઘરની માતા અને નાની દીકરીઓનું જીવન કેટલું કપરું બની જાય છે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આર્થિક સંકડામણના કારણે પિતા વગરની દીકરીઓ પોતાનું ભણતર પૂરું કરવા માટે રોજેરોજ હાડમારીઓનો સામનો કરે છે. એક અસહાય માતા પોતાની દીકરીને સારી શાળામાં ભણાવવા, તેના સપના પૂરા કરવા માટે દિવસ-રાત લોકોના ઘરે મહેનત કરે છે, સીવણકામ કરે છે કે મજૂરી કરે છે, પરંતુ ક્યારેક મહિનાના અંતે સ્કૂલની ફી ભરવાના બે-ત્રણ હજાર રૂપિયા પણ ન હોવાને કારણે તે દીકરીનું ભણતર અધવચ્ચે જ અટકી જાય છે અથવા તેને શાળા છોડવાની ફરજ પડે છે. આજના આ સ્પર્ધાત્મક યુગમાં શિક્ષણ એ જ દરેક બાળકના ઉજ્જવળ ભવિષ્યનો એકમાત્ર પાયો છે. જો કોઈ જરૂરિયાતમંદ કે પિતા વગરની દીકરીને સમયસર આર્થિક સહાય મળી જાય, તો તેનું આખું ભવિષ્ય સુરક્ષિત થઈ શકે છે. એક દીકરીનું ભણતર એટલે માત્ર એક વ્યક્તિનો નહીં, પણ આવનારી આખી પેઢી અને પરિવારનો સાચો ઉદ્ધાર છે.

શિક્ષણદાન અને નિરાધારની સહાય એ જ ઈશ્વરની સાચી ભક્તિ

જરા ઊંડાણપૂર્વક વિચારો કે, જે વ્યક્તિ ડાયરામાં કે કથામાં પોતાની વાહવાહી મેળવવા માટે હજારો કે લાખો રૂપિયા હવામાં ઉડાડી દે છે, જો તે જ રકમનો અથવા તેના એક નાના હિસ્સાનો ઉપયોગ કોઈ ગરીબ, પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલી તેજસ્વી દીકરીની વાર્ષિક સ્કૂલની ફી, પુસ્તકો, ચોપડા કે યુનિફોર્મ પાછળ કરે, તો તેનાથી મોટું પુણ્ય કે ધર્મ કાર્ય બીજું શું હોઈ શકે? કથા કે ડાયરામાં રૂપિયા ઉડાડવાથી ત્યાં બેઠેલી ભીડ તરફથી ક્ષણિક તાળીઓ જરૂર પડે છે, થોડીવાર માટે અખબારો કે સોશિયલ મીડિયામાં નામ ચમકે છે, પરંતુ કોઈ નિરાધાર દીકરીના આંસુ લૂછવાથી અને તેના ચહેરા પર સ્મિત લાવવાથી જે આંતરિક આશીર્વાદ મળે છે, તેની સરખામણી દુનિયાના કોઈપણ ભૌતિક આનંદ કે એશઆરામ સાથે થઈ શકી ના શકે. સાચી જન્નત, સાચું સ્વર્ગ કે પરમ શાંતિ ક્યાંય ઉપર સાતમા આસમાને નથી, પરંતુ પૃથ્વી પર જ છે - જ્યારે આપણે કોઈ અસહાય કે લાચાર વ્યક્તિની ખરા અર્થમાં વ્હારે ચડીએ છીએ. વાચકો માટે ગંભીર ચિંતન અને સામાજિક ક્રાંતિની આવશ્યકતા આપણા સૌ વાચકો માટે આ એક અત્યંત ગંભીર ચિંતનનો વિષય છે. આપણા ધાર્મિક ઉત્સવો ઉજવો, ખુશીથી આનંદ કરો, કલાકારોને યથાવત માન-સન્માન આપો, તેમાં કોઈ ના પાડી રહ્યું નથી અને આપણી સંસ્કૃતિ તેની પરવાનગી પણ આપે છે. પરંતુ દેખાડાની આ આંધળી અને અહંકારયુક્ત દોડમાં અસંવેદનશીલ બનીને પૈસા પાણીમાં વહાવવા કરતાં જો આપણે આપણી આસપાસ નજર દોડાવીશું, તો આપણને ખબર પડશે કે આપણી જ ગલીમાં, આપણા જ પાડોશમાં અસંખ્ય જરૂરિયાતમંદ બાળકો અને ખાસ કરીને દીકરીઓ આપણી નાનકડી આર્થિક સહાયની રાહ જોઈ રહી છે. જો આપણે આપણી ખુશીના પ્રસંગોમાં, લગ્નોમાં કે ધાર્મિક આયોજનોમાં થતા બિનજરૂરી અને ફાલતુ ખર્ચાઓમાં કાપ મૂકીને આવી હોશિયાર દીકરીઓના શિક્ષણની જવાબદારી ઉપાડી લઈશું, તો આપણો આખો સમાજ ખરા અર્થમાં આર્થિક અને નૈતિક રીતે સમૃદ્ધ બનશે.

એક નવો સંકલ્પ: સમયની સૌથી મોટી માંગ

આવો, આજથી જ એક દ્રઢ સંકલ્પ કરીએ - દેખાડા પાછળ પાણીની જેમ રૂપિયા ઉડાડવાની આ ખોટી માનસિકતાને હંમેશા માટે તિલાંજલિ આપીએ. વાયરલ થતી એ સચોટ લાઈનને આપણા જીવનનો મંત્ર બનાવીએ અને ખરા અર્થમાં જરૂરિયાતમંદ પરિવારની દીકરીના જીવનમાં શિક્ષણનો દીવો પ્રગટાવીને માનવતાની સાચી અને સુગંધિત મહેંક ચારેય બાજુ ફેલાવીએ. કારણ કે, એક દીકરીને ભણાવવી એ સમાજ સેવા સર્વોપરી છે.

- ગ્રુપ એડિટર પવન માકન

ઉદ્યોગોને રાહત આપવા ખેડૂતોનું બલિદાન? કપાસની આયાત ડ્યુટી માફીના નિર્ણય સામે ગુજરાતના ખેડૂતોમાં ભભૂકતો રોષ!

ગુજરાતના અન્નદાતા અને કપાસના પાક પર નભતા લાખો ખેડૂતોના માથે હાલ ફરી એકવાર મોટું આર્થિક સંકટ તોળાઈ રહ્યું છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બનાસકાંઠાના ભીલડી ખાતે આપવામાં આવેલા નિવેદનો અને ત્યારબાદ કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા નીતિગત નિર્ણયો સામે ખેડૂત આલમમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. વિપક્ષીસૂરો અને ખેડૂત સંગઠનોના જણાવ્યા મુજબ, સરકારની નીતિઓ હંમેશાં ઉદ્યોગપતિઓ અને મોટા કોર્પોરેટ હાઉસને ફાયદો કરાવવા માટેની રહી છે, જ્યારે પરસેવો રેડનાર ખેડૂતના ભાગે માત્ર મુશ્કેલીઓ જ આવે છે.

શું છે સમગ્ર વિવાદ અને સરકારનો નવો આદેશ?

આ મામલાની શરૂઆત જોઈએ તો, નાણા મંત્રાલય દ્વારા અગાઉ એક નોટિફિકેશન બહાર પાડીને ૧ જૂન ૨૦૨૬ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ સુધી કપાસની આયાત પરની તમામ કસ્ટમ ડ્યુટી સંપૂર્ણપણે માફ કરી દેવામાં આવી હતી. આટલું ઓછું હોય તેમ, તારીખ ૩૦ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ નોટિફિકેશન નંબર 35/2026-Customs બહાર પાડીને આ આયાત છૂટની મુદતને લંબાવીને સીધી ૩૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી કરી દેવામાં આવી છે. એટલે કે, હવે આગામી ૩૧ ડિસેમ્બર સુધી વિદેશમાંથી મોટા પ્રમાણમાં કપાસ ૦% ડ્યુટી પર ભારતમાં આવશે.

સરકારની દલીલ: કાપડ ઉદ્યોગને બચાવવાનું બહાનું?

કેન્દ્ર સરકાર અને કાપડ મિલોનું કહેવું છે કે દેશમાં આ વર્ષે કપાસનું ઉત્પાદન ઘટ્યું છે. દેશની વાર્ષિક જરૂરિયાત અંદાજે ૩૨૮ થી ૩૩૦ લાખ ગાંસડીની છે, જ્યારે સામે પક્ષે આ વર્ષે ઉત્પાદન ઘટીને માત્ર ૨૯૧ લાખ ગાંસડી આસપાસ જ અંદાજવામાં આવ્યું છે. કાપડ ઉદ્યોગો અને મિલોએ સરકાર સમક્ષ રજૂઆત કરી હતી કે કાચા માલની અછત છે, સ્થાનિક બજારમાં ભાવ વધારો છે અને અમેરિકાના ટેરિફ જેવા કારણોસર નિકાસના ઓર્ડર પૂરા કરવા મુશ્કેલ બન્યા છે. ઉદ્યોગોની આ જ રજૂઆતને આધારે સરકારે કપાસ પરની



આયાત ડ્યુટી હટાવવાનો નિર્ણય લીધો છે.

પરંતુ, વાસ્તવિકતા અને ખેડૂતોનું નુકસાન કેટલું ભયાનક છે?

ડ્યુટી માફીના આ નિર્ણયને કારણે બજારમાં વિદેશી કપાસનો ભરાવો થશે. અંદાજ મુજબ આયાત વધીને ૬૦ થી ૬૫ લાખ ગાંસડી સુધી પહોંચી શકે છે (ગયા વર્ષે આ આંકડો ૭૨ લાખ ગાંસડી હતો). જ્યારે બજારમાં સસ્તો વિદેશી કપાસ ઠલવાશે, ત્યારે ગુજરાત સહિત દેશભરના સ્થાનિક ખેડૂતોએ પોતાનો પાક ખૂબ જ નીચા ભાવે મજબૂરીમાં વેચવો પડશે.

સરકાર ભલે એમ દાવો કરતી હોય કે ખેડૂતોને ટેકાના ભાવ (MSP) નું રક્ષણ છે અને આ સિઝન માટે MSP ૮,૧૧૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવી છે, પરંતુ જમીની હકીકત તદ્દન વિપરીત છે. એપીએમસી (APMC) માર્કેટિંગ યાર્ડોમાં પ્રવર્તતો ભ્રષ્ટાચાર અને મર્યાદિત જથ્થામાં જ થતી સરકારી ખરીદીના કારણે સામાન્ય ખેડૂત સુધી MSPનો પૂરેપૂરો લાભ ક્યારેય પહોંચતો નથી. જ્યારે ઓક્ટોબરથી ડિસેમ્બર વચ્ચે ખેડૂતોનો નવો કપાસ બજારમાં વેચાવા માટે આવવાની શરૂઆત થાય છે, બરાબર તે જ સંવેદનશીલ સમયે ૦% ડ્યુટી ફ્રી આયાતને લંબાવવાથી બજારભાવ કચડાઈ જાય છે અને ખેડૂતોને માર્કેટમાં MSP કરતા પણ ઓછા ભાવ સ્વીકારવાની ફરજ પડે છે.

ભૂતકાળના નિર્ણયો પણ ખેડૂત વિરોધી જ રહ્યા છે

આ કોઈ પહેલીવાર નથી બન્યું. અગાઉ પણ ગગડતા ભાવો વચ્ચે ખેડૂતોને પાયમાલ કરવાનો ખેલ ખેલાયો છે. ગત વર્ષે પણ જ્યારે કપાસનું ઉત્પાદન બજારમાં આવવાની તૈયારીમાં હતું, ત્યારે મોદી સરકારે કપાસની આયાત પરની ૧૧% ડ્યુટી ઘટાડીને સીધી ૦% કરી દીધી હતી. ૧૯ ઓગસ્ટ ૨૦૨૫ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી આ છૂટ અપાઈ, પછી તેને ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી અને ત્યારબાદ ૧ જાન્યુઆરી ૨૦૨૬થી ફરી ૧૧% ડ્યુટી લાગુ કરવામાં આવી હતી. આ જ પેટર્ન આ વર્ષે પણ પુનરાવર્તિત થઈ રહી છે.

ખેડૂત સંગ્રાહકોનો આક્ષેપ: "ઉદ્યોગપતિઓ વહાલા, ખેડૂતો લાચાર"

ખેડૂત નેતાઓ અને યુનિયનોનો સીધો અને આક્રમક આક્ષેપ છે કે ચૂંટણી ફંડ અને આર્થિક મદદ મેળવતા ઉદ્યોગપતિઓ સત્તાપક્ષને ખૂબ વહાલા છે, જ્યારે અન્નદાતા ખેડૂતો કોઈ રાજકીય પાર્ટીને ફંડ આપતા નથી એટલે તેમની પીડા સરકારને દેખાતી નથી. 'ઉદ્યોગોને રાહત આપવા માટે ખેડૂતોનું બલિદાન આપવાની' આ નીતિએ ગ્રામ્ય વિસ્તારોમાં ભારે રોષ પેદા કર્યો છે. જો સરકારે તાત્કાલિક ધોરણે આ ખેડૂત વિરોધી આયાત નીતિ પાછી નહીં ખેંચી, તો આગામી દિવસોમાં ગુજરાતના ખેડૂતો રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન કરવા માટે મજબૂર બનશે તે નક્કી છે.

કોઈને મેળવ્યા વગર પણ એને આખી જિંદગી ચાહતા રહેવું, એ જ તો એકતરફી પ્રેમની ખરી તાકાત છે!

'કોઈને મેળવ્યા વગર પણ એને આખી જિંદગી ચાહતા રહેવું, એ જ તો એકતરફી પ્રેમની ખરી તાકાત છે. જે વાર્તા ક્યારેય પૂરી નથી થવાની, એનો અહેસાસ જ સૌથી સુંદર હોય છે.'

આજના આધુનિક અને સંબંધોની વ્યાખ્યા બદલી નાખનારા યુગમાં પ્રેમ એટલે મેળવી લેવું, હાસિલ કરી લેવું કે પઝેશન (Possession) રાખવું એવું માનવામાં આવે છે. પરંતુ, આ ભીડભાડભરી દુનિયામાં એક એવી પણ લાગણી છે જે આ બધી ભૌતિક સરહદોથી પર છે - અને તે છે 'એકતરફી પ્રેમ'! જે સંબંધ કાગળ પર ક્યારેય ઉત્તર્યો નથી, જેનું કોઈ સરનામું નથી છતાં જે આખી જિંદગી શ્વાસની જેમ ધબકતો રહે છે, તેનું નામ જ સાચો પ્રેમ છે.

મેળવવું એટલે જ પ્રેમ નથી: એકતરફી પ્રેમનું ફિલસૂફીક સત્ય

લોકો માને છે કે જેને પ્રેમ કરો તેને પામી લેવો જરૂરી છે, નહીં તો એ પ્રેમ અધૂરો ગણાય. પરંતુ વાસ્તવિકતા આનાથી બિલકુલ વિપરીત છે. જ્યારે તમે કોઈને પામવાની કે મેળવવાની જીદ છોડીને માત્ર એની ખુશીમાં ખુશ થવાનું શીખી જાઓ છો, ત્યારે પ્રેમ સ્વાર્થમાંથી મુક્ત થઈને ઈશ્વરીય બની જાય છે. કોઈ વ્યક્તિ તમારા નસીબમાં ભલે ન હોય, પણ તમારા વિચારોમાં, તમારી કવિતામાં અને તમારા શ્વાસમાં તે કાયમ માટે અમર બની જાય છે. આ જ તો એકતરફી પ્રેમની અદભુત અને અદ્રશ્ય તાકાત છે, જે વ્યક્તિને કમજોર નહીં પરંતુ અંદરથી અદ્ભુત રીતે મજબૂત બનાવે છે.

જે વાર્તા ક્યારેય પૂરી નથી થતી, એનો અહેસાસ જ અનમોલ છે!

જે પ્રેમ કહાનીઓનું સુખદ કે દુખદ અંત આવી જાય છે, તે સમયની સાથે ઝાંખી પડી જાય છે. પરંતુ જે અધૂરી વાર્તાઓ છે, જે ક્યારેય પૂરી જ નથી થવાની, તેનું વજન અને તેની સુંદરતા જીવનના અંત સુધી ઓછી થતી નથી. સામેવાળાની એક ઝલક મેળવવા માટે કલાકો રાહ જોવી, એના ફોટાને કે તેની યાદોને મૌન થઈને વળગી રહેવું અને એના જીવનમાં અંધારું ન થાય એટલા માટે ખુદ અંધારામાં જીવવાની તાકાત માત્ર એકતરફી પ્રેમ જ આપી શકે છે. આ અધૂરી પ્રેમ કહાનીમાં જે દર્દ છે, તે દર્દમાં પણ એક અજબ પ્રકારનો નશો અને આંતરિક શાંતિ છુપાયેલી હોય છે.

સંબંધોની ભીડમાં એકાંતનો સાચો સહારો

આજના સંબંધોમાં સ્વાર્થ, શરતો અને અપેક્ષાઓ વધી ગઈ છે. અપેક્ષાઓ પૂરી ન થાય એટલે સંબંધો તૂટતા વાર નથી લાગતી. આની સામે એકતરફી પ્રેમ એવો નિર્મળ ધોધ છે જેમાં કોઈ જ અપેક્ષા હોતી નથી. સામેવાળાને ખબર પણ નથી હોતી કે કોઈ વ્યક્તિ એને પોતાની દુનિયા માનીને બેઠી છે, છતાં તે બદલામાં કશું જ માંગ્યા વગર પ્રેમ કરવાનું ચાલુ રાખે છે. આ અપેક્ષાઓ વગરનો પ્રેમ જ જીવનને એક નવો જ અર્થ અને ઊંડાણ આપે છે.

સૌંદર્ય અને દર્દનો અદ્ભુત સમન્વય

એકતરફી પ્રેમ એ કોઈ નબળાઈ નથી, પણ બેહદ મજબૂત દિલવાળા લોકોનું કામ છે. જેમાં પામવાની કોઈ હાયવોય નથી હોતી, બસ માત્ર કોઈની યાદોના સહારે આખી જિંદગી હસતાં-હસતાં કાઢી નાખવાની અદભુત તાકાત હોય છે.

લગ્નજીવનમાં ત્રીજી વ્યક્તિનો પ્રવેશ અને વિશ્વાસનું સંકટ : એક ભૂલથી કેવી રીતે વિખેરાઈ જાય છે આખું કુટુંબ !

લગ્નજીવન માત્ર બે વ્યક્તિઓનું મિલન નથી, પરંતુ વિશ્વાસ, લાગણી, સમર્પણ અને જવાબદારીથી બંધાયેલો એક પવિત્ર સંબંધ છે. બે અજાણી વ્યક્તિઓ જ્યારે જીવનભર સાથે રહેવાનો નિર્ણય કરે છે ત્યારે તેમની વચ્ચે પ્રેમની સાથે એકબીજા પ્રત્યેનો વિશ્વાસ પણ એટલો જ મહત્ત્વનો હોય છે. પરંતુ આજના સમયમાં અનેક પરિવારોમાં એક ગંભીર પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે, લગ્નજીવનમાં ત્રીજી વ્યક્તિનો વધતો પ્રવેશ!

ક્યારેક સામાન્ય મિત્રતા, મોબાઈલ પરની વાતચીત કે સોશિયલ મીડિયા પર શરૂ થયેલો પરિચય ધીમે ધીમે અંગત સંબંધમાં પરિવર્તિત થાય છે. જ્યારે જીવનસાથીથી વાતો છુપાવવાની શરૂઆત થાય છે ત્યારે સંબંધોમાં શંકા અને અંતર જન્મે છે.



સૌથી દુઃખદ બાબત એ છે કે આવા સંબંધોની અસર માત્ર પતિ-પત્ની સુધી મર્યાદિત રહેતી નથી. બાળકોનું બાળપણ, માતા-પિતાની માનસિક શાંતિ અને આખા પરિવારનું વાતાવરણ પણ પ્રભાવિત થાય છે.

વિશ્વાસ તૂટે ત્યારે પ્રેમ પણ નબળો પડે છે

લગ્નજીવનમાં મતભેદ થવા સ્વાભાવિક છે. દરેક વ્યક્તિના વિચારો, સ્વભાવ અને અપેક્ષાઓ અલગ હોય છે. પરંતુ મતભેદનો ઉકેલ સંવાદથી લાવવાને બદલે જ્યારે વ્યક્તિ બહાર કોઈ ત્રીજી વ્યક્તિમાં લાગણીનો સહારો શોધે છે ત્યારે સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

બાળકો પર પડતી અસર

માતા-પિતાના ઝઘડા અને સંબંધોમાં આવતી તિરાડની સૌથી ઊંડી અસર બાળકો પર પડે છે. તેઓ ઘણીવાર પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકતા નથી, પરંતુ ઘરના બદલાતા વાતાવરણને અનુભવે છે. માતા-પિતાની વચ્ચેનો તણાવ તેમના મનમાં અસુરક્ષા અને એકલતાની લાગણી ઊભી કરી શકે છે.

સંબંધો બચાવવા સંવાદ જરૂરી

કોઈપણ લગ્નજીવનમાં પ્રેમની સાથે પારદર્શિતા, એકબીજાને સમય આપવો, લાગણીઓ સમજવી અને ભૂલો સ્વીકારવાની તૈયારી હોવી જરૂરી છે. શંકા કરતાં સંવાદને, અહંકાર કરતાં સમજણને અને ગુસ્સા કરતાં ધીરજને મહત્ત્વ આપવું જોઈએ.

દરેક સંબંધમાં મુશ્કેલ સમય આવે છે, પરંતુ મુશ્કેલીના સમયમાં એકબીજાનો હાથ છોડવાને બદલે સાથે મળીને ઉકેલ શોધવો એ જ સાચી સમજદારી છે.

અંતે એક વિચારવા જેવી વાત...

ત્રીજી વ્યક્તિનો પ્રવેશ હંમેશાં સંબંધ તૂટવાનું એકમાત્ર કારણ હોતો નથી, પરંતુ જ્યારે વિશ્વાસ, સન્માન અને પારદર્શિતા ખોવાઈ જાય છે ત્યારે મજબૂત લાગતો સંબંધ પણ નબળો પડી શકે છે.

લગ્નજીવનમાં પ્રેમ મેળવવો જેટલો જરૂરી છે, એટલો જ જરૂરી છે એ પ્રેમને વિશ્વાસથી સાચવવો. કારણ કે એક ક્ષણનો ખોટો નિર્ણય માત્ર બે હૃદય નહીં, પરંતુ આખા પરિવારની ખુશીઓ પર અસર કરી શકે છે.

સંબંધો બનાવવામાં વર્ષો લાગે છે, પરંતુ વિશ્વાસ તૂટે તો તેને ફરીથી જોડવામાં આખું જીવન પણ ઓછું પડી શકે છે.

- રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

દેશની રાજનીતિ બદલનાર ઐતિહાસિક રણભૂમિ: દિલ્હીનું રામલીલા મેદાન અને તેનો ભવ્ય ઇતિહાસ

દિલ્હીનું ઐતિહાસિક રામલીલા મેદાન આજે ફરી એકવાર દેશના રાજકીય ગરમાવા અને મોટા શક્તિપ્રદર્શનનું કેન્દ્ર બન્યું છે. દિલ્હીના આ જ મેદાનમાં ઈન્ડિયા ગઠબંધનની વિરાટ મહારેલીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લાખોની સંખ્યામાં સમર્થકો અને કાર્યકરો ઉમટી પડે તેવી શક્યતા છે. પરંતુ આ મેદાન માત્ર એક જમીનનો ટુકડો નથી, આ એ જ ઐતિહાસિક સ્થળ છે જેણે સ્વતંત્ર ભારતની સામાજિક અને રાજકીય તસવીર બદલવામાં સૌથી મહત્વની ભૂમિકા ભજવી છે.

બ્રિટિશ કાળથી લઈને આઝાદી સુધીનો સંગ્રામ

રામલીલા મેદાનનો ઈતિહાસ દાયકાઓ જૂનો છે. શરૂઆતના સમયમાં આ એક મોટો તળાવ જેવો વિસ્તાર હતો, જેને ૧૯૩૦ના દાયકામાં ભરીને મેદાનનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું જેથી અહીં પરંપરાગત રામલીલાનું આયોજન થઈ શકે. આઝાદી પહેલા મહાત્મા ગાંધી, પંડિત જવાહરલાલ નેહરૂ અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા મહાન દેશભક્તોએ અહીં વિશાળ જનસભાઓને સંબોધિત કરી હતી અને દેશવાસીઓમાં દેશભક્તિની આઝાદીની ચિનગારી ચાંપી હતી.

'જય જવાન, જય કિસાન' નો ઐતિહાસિક નારો

૧૯૬૫માં જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું અને દેશમાં અનાજની ભારે અછત સર્જાઈ હતી, ત્યારે તત્કાલીન વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ આ જ રામલીલા મેદાનથી દેશને એક નવી દિશા આપી હતી. તેમણે અહીંથી અમર નારો આપ્યો હતો–'જય જવાન, જય કિસાન'. આ નારાએ સમગ્ર દેશમાં એક નવી ઉર્જા અને એકતાનો સંચાર કર્યો હતો.

ઇન્દિરા ગાંધીનું કટોકટી શાસન અને અટોપાયેલું જે.પી. આંદોલન

૧૯૭૫માં જ્યારે દેશ પર ઈમરજન્સી (કટોકટી) લાદવામાં આવી, ત્યારે રામલીલા મેદાન સત્તા સામેના વિરોધનું સૌથી મોટું કેન્દ્ર બન્યું હતું. ઐતિહાસિક નેતા જયપ્રકાશ નારાયણે (જે.પી.) આ જ મેદાન પરથી ઈન્દિરા ગાંધી સરકાર સામે મહાઆંદોલનનું આહ્વાન કર્યું હતું. તેમણે રામધારી સિંહ 'દિનકર'ની પ્રખ્યાત પંક્તિ ઉચ્ચારી હતી: 'સિંહાસન ખાલી કરો કે જનતા આતી હૈ'. આ આંદોલને દેશની રાજનીતિનું પાસું પલટી નાખ્યું હતું અને કટોકટી બાદ દેશમાં પ્રથમ વખત ગેર-કોંગ્રેસી સરકાર રચાઈ હતી.

અણ્ણા હજારેનું ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન

આધુનિક સમયની વાત કરીએ તો ૨૦૧૧માં જન લોકપાલ બિલની માંગ સાથે અણ્ણા હજારેએ શરૂ કરેલું ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન પણ આ જ રામલીલા મેદાન પર ખેલાયું હતું. આ આંદોલને દેશના યુવાનોને એક તાંતણે બાંધ્યા હતા. આ જ મેદાન પરથી ભારતીય રાજકારણમાં એક નવો વળાંક આવ્યો અને આમ આદમી પાર્ટી (AAP) જેવા નવા રાજકીય પક્ષનો જન્મ થયો.

વસુબારસ



વસુબારસ એટલે જ ગોવત્સ બારસ. ગોવત્સ બારસ દિવાળીના આરંભમાં આવે છે. આ ગોમાતાનો સવત્સ એટલે કે વાછરડા સાથે પૂજા કરવાનો દિવસ છે. શક સંવત્સર અનુસાર આસો વદ બારસ જ્યારે વિક્રમ સંવત અનુસાર કારતક વદ બારસ ગોવત્સ બારસના નામથી ઓળખાય છે. આ દિવસ એક વ્રત તરીકે ઊજવવામાં આવે છે.

ગોવત્સબારસનું અધ્યાત્મશાસ્ત્રીય મહત્વ

ગોવત્સબારસના દિવસે શ્રી વિષ્ણુની આપતત્વ યુક્ત લહેરો સક્રિય બનીને બ્રહ્માંડમાં આવે છે. આ લહેરોનું વિષ્ણુલોકથી બ્રહ્માંડ સુધીનું વહન વિષ્ણુલોકની એક કામધેનુ અવિરત કરે છે. તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે કામધેનુના પ્રતીક તરીકે આ દિવસે ગાય-વાછરડાનું પૂજન કરવામાં આવે છે.

ગોવત્સબારસને દિવસે ગોપૂજન સવારે અથવા સાંજે કરવાની શાસ્ત્રીય મિમાંસા. સવારે અથવા સાંજે શ્રી વિષ્ણુ ભગવાનની પ્રગટ રૂપની લહેરો ગાયમાં વધારે પ્રમાણમાં આકર્ષિત થાય છે. આ લહેરો શ્રી વિષ્ણુ ભગવાનની અપ્રગટ લહેરોને ૧૦ ટકા વધારે પ્રમાણમાં વેગવાન બનાવે છે. તેથી ગોવત્સબારસનું ગોપૂજન સર્વસામાન્ય રીતે સવારે અથવા સાંજે કરવાનું કહેવામાં આવ્યું છે.

ગોવત્સબારસથી થનારા લાભ. ગોવત્સબારસને દિવસે ગોપૂજન કરીને તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે. તેથી વ્યક્તિમાં લીનતાની વૃદ્ધિ થાય છે. તેનાં ફળસ્વરૂપે થોડા ક્ષણો માટે તેનો આધ્યાત્મિક સ્તર વધે છે. ગોપૂજન વ્યક્તિને ચરાચરમાં ઈશ્વરીય તત્ત્વનું દર્શન કરવાની શિખામણ આપે છે.

સંદર્ભ : સનાતનનો ગ્રંથ તહેવાર, ધાર્મિક ઉત્સવ અને વ્રત

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત ચાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન સુંદર અને પ્રોફેશનલ લુક

ઓઇલ ફ્રી ભજીયા પુરાણ: સૂરત મહાનગરપાલિકાની 'અમૃત-રેસીપી' કે પ્રજાના ટેક્સના પૈસા પર ભ્રષ્ટાચારની જ્યાફત?



સુરત

ગુજરાતના હીરા અને ટેક્સટાઇલ નગરી સુરતમાંથી રાજકારણ અને વહીવટી તંત્રની પોલ ખોલતી એક અત્યંત ચકચારી અને કટાક્ષભરી ઘટના સામે આવી છે. સુરત મહાનગરપાલિકાની એક મહત્વપૂર્ણ બેઠકમાં અચાનક જ પ્રજાના પૈસે કિલોના ૭૫૦ ના ભાવે અતિ-વીઆઈપી 'ઓઈલ ફ્રી ભજીયા' મંગાવવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું છે. આ કૌભાંડ જેવું પ્રકરણ બહાર આવતા જ જ્યારે વિવાદ વકર્યો, ત્યારે મેયરશ્રીએ સફાઈ આપતા એવું નિવેદન આપ્યું કે, 'ઓઈલ ફ્રી ભજીયા હતા, સારી ગુણવત્તાના ભજીયા ખવડાવવા શું ગુનો છે?'

આવા અજીબોગરીબ ખુલાસા બાદ સોશિયલ મીડિયાથી લઈને ચાની કિટ્લીઓ સુધી સુરતનું આ 'ભજીયા પુરાણ' ટોક ઓફ ધ ટાઉન બન્યું છે.

વાહ રે નેતાઓની તબિયતની કાળજી! અગાઉના જમાનામાં નેતાઓ પબ્લિકના પૈસે ગરમાગરમ તેલવાળા ભજીયા અને ફરસાણ ઉડાવતા હતા, પરંતુ સમય બદલાયો તેમ હવે આપણા માનનીય પબ્લિક સર્વન્ટ્સ પણ 'હેલ્થ કોન્શિયસ' થઈ ગયા છે. સ્વાસ્થ્ય પ્રત્યેની આ જાગરૂકતા જોઈને સવાલ થાય છે કે પ્રજાના પરસેવાની કમાણી અને ટેક્સના પૈસે નેતાઓએ પોતાનું સ્વાસ્થ્ય સુધારવાનો આ કેવો ભગીરથ અને ખર્ચાળ પ્રયાસ શરૂ કર્યો છે? ભ્રષ્ટાચારના રંગ બદલાયા છે, પ્લેટમાં તેલ ભલે ન હોય, પણ ખિસ્સા સાફ કરવાની રીત એકદમ ઓઈલ ફ્રી અને સ્મૂથ થઈ ગઈ છે!

સામાન્ય રીતે ગુજરાતના કોઈપણ ખૂણે જાઓ તો ૧૦૦ થી ૧૫૦ કિલોના ભાવમાં ગરમાગરમ અને એકદમ મસ્તીના ભજીયા પેટ ભરીને મળી જાય. પરંતુ સુરત મહાનગરપાલિકાના દરબારમાં આ ભજીયાનો ભાવ સીધો ૭૫૦ પ્રતિ કિલો પહોંચી ગયો! ભાઈ, આ ભજીયામાં બટાકાના ટુકડા હતા કે સોનાના બિસ્કિટ? કે પછી બેસનમાં કેસર ઘોળીને ઉપર ચાંદીનો વરખ ચોંટાડવામાં આવ્યો હતો? કદાચ આ ભજીયા તળવા માટે સામાન્ય સિંગતેલ કે કપાસિયા તેલ નહીં, પણ અમેરિકાથી સ્પેશિયલ વિમાનમાં મંગાવેલા શુદ્ધ ઓલિવ ઓઈલનો ઉપયોગ થયો હશે... અરે હા, યાદ આવ્યું, આ ભજીયા તો 'ઓઈલ ફ્રી' હતા ને! તો પછી આટલો તોતિંગ ભાવ કઈ ગણતરીએ આવ્યો, તેનો જવાબ તંત્ર પાસે નથી.

જ્યારે મેયરશ્રીને આ ભજીયા બિલ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે બચાવ કરતા પૂછ્યું કે, 'સારી ગુણવત્તાના ભજીયા ખવડાવવા શું ગુનો છે?' સાચી વાત છે સાહેબ, સારી ગુણવત્તા ખાવા-પીવામાં આપવી એ કોઈ ગુનો નથી. પરંતુ અસલી ગુનો ગુણવત્તાનો નથી, પણ ભાવ અને લૂંટનો છે. તમે બજારમાં ૧૫૦ ના મળતા ભજીયાના બિલમાં ૭૫૦ લખાવીને પાલિકાની તિજોરીમાંથી રૂપિયા સેરવી લો અને બાકીના પૈસા ખિસ્સામાં નાખો, તો એને સીધેસીધો ભ્રષ્ટાચાર જ કહેવાય! જો ખરેખર ૭૫૦ ચૂકવ્યા હોય તો એનાથી મોટો ગુનો મૂર્ખતાનો છે, જે પ્રજાના ટેક્સના પૈસા પર છૂટથી આચરવામાં આવી રહ્યો છે.

આ ઓઈલ ફ્રી ભજીયાકાંડ બહાર આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ગુજરાતીઓએ જોરદાર મજા લીધી છે. પ્રજા હવે વોટ આપીને થાકી ગઈ છે, એટલે હવે હસીને પોતાની વેદના ઠાલવી રહી છે. સોશિયલ મીડિયા પર કોમેન્ટ્સનો વરસાદ વરસી રહ્યો છે કે, શાસક પક્ષના ભક્તો અત્યારે ભારે મૂંઝવણમાં છે કે આનો બચાવ કઈ રીતે કરવો? શું એવું કહેવું કે 'દેશ માટે ભજીયા ખાધા' કે પછી એવો રુદન પ્રયોગ કરવો કે 'પંડિત નેહરૂના જમાનામાં ભજીયા ૧૦૦૦ કિલો મળતા હતા!'

વડોદરામાં કાળજું કંપાવી દેતી ઘટના

છાણી કેનાલમાં તરતી મળી મહિલા, કમર સાથે ઓઢણીથી બાંધેલી હતી 8 મહિનાની માસૂમ બાળકી!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના છાણી વિસ્તારમાંથી એક અત્યંત કરુણ, ચોંકાવનારી અને કાળજું કંપાવી દેતી ઘટના સામે આવી છે. છાણી કેનાલમાં એક મહિલાનો મૂર્છિત દેહ તરતો મળી આવ્યો હતો, પરંતુ જ્યારે સ્થાનિકોએ તેને બહાર કાઢી ત્યારે સામે આવેલું દ્રશ્ય જોઈને સ્થળ પર હાજર સૌ કોઈના આંખમાંથી અશ્રુ ધારા વહી નીકળી હતી. મહિલાની કમર સાથે તેની ૪ મહિનાની માસૂમ દીકરી ઓઢણી વડે બાંધેલી હાલતમાં મળી આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, ગતરોજ છાણી કેનાલ પાસેથી પસાર થતા સ્થાનિક લોકોને પાણીમાં એક મહિલા તરતી નજરે પડી હતી. કેનાલમાં મહિલાને ડૂબતી કે તરતી જોઈને આસપાસના લોકોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આ દ્રશ્ય જોતાં જ નજીકમાં ગેરેજ ચલાવતા એક સ્થાનિક યુવક સહિત અન્ય લોકો ક્ષણનો પણ વિલંબ કર્યા વગર મદદ માટે દોડી આવ્યા હતા. સ્થાનિક યુવકોએ અદ્ભુત સમયસૂચકતા, સાહસ અને માનવતા દાખવીને તાત્કાલિક દોરડાની વ્યવસ્થા કરી હતી. પોતાની જાનના જોખમે યુવકો દોરડાની મદદથી કેનાલના ઊંડા પાણીમાં ઉતર્યા હતા અને ભારે જહેમત બાદ મહિલાને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળ રહ્યા હતા. સ્થાનિક યુવકોના આ હિંમતભર્યા અને દયાળુ પ્રયાસને સમગ્ર વડોદરા શહેર બિરદાવી રહ્યું છે. મહિલાને જ્યારે કેનાલની બહાર કાઢવામાં આવી ત્યારે એક અત્યંત ચોંકાવનારી અને હૃદયસ્પર્શી બાબત સામે આવી હતી. મહિલાની કમરના ભાગે તેની માત્ર ૪ મહિનાની માસૂમ બાળકી ઓઢણી વડે મજબૂત રીતે બાંધેલી હતી. માતા પોતાની બાળકીને પોતાની સાથે જ કેનાલમાં લઈ ગઈ હતી કે કોઈ દુર્ઘટનાનો ભોગ બની હતી તે જોઈને લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. આ કરુણ ઘટના પાછળનું સાચું કારણ શું છે? શું મહિલાએ પારિવારિક ત્રાસ કે આર્થિક સંકડામણથી કંટાળીને બાળકી સાથે કેનાલમાં ઝંપલાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, કે પછી આ કોઈ અકસ્માત કે કાવતરું છે? તે અંગે હાલ અનેક આશંકાઓ અને સવાલો ઊભા થઈ રહ્યા છે.

"26 વર્ષ દેશની સરહદે રહ્યા ખડેપગે, વતન પરત ફરતાં વીર જવાનનું રાજપારડીમાં ભવ્ય સ્વાગત!"

રાજપારડી



દેશની સરહદો પર ૨૬ વર્ષ સુધી ખડેપગે રહી માતૃભૂમિની રક્ષા કરનાર વીર જવાન જ્યારે નિવૃત્તિ બાદ પોતાના વતન પરત ફર્યા, ત્યારે સમગ્ર વિસ્તાર દેશભક્તિના રંગે રંગાઈ ગયો હતો. બેન્ડવાજા, પુષ્પવર્ષા અને ભારત માતા કી જયના નારાઓ સાથે વીર સપૂતનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.ભરૂચ જિલ્લાના માંડવી ગામના વતની અને ભારતીય સેનામાં ૨૬ વર્ષ સુધી નિષ્ઠાપૂર્વક દેશસેવા કરનાર કનુભાઈ ગોરધનભાઈ વસાવા નિવૃત્તિ બાદ પ્રથમ વખત પોતાના વતન પરત ફરતાં રાજપારડી ખાતે તેમનું ભવ્ય અને ઐતિહાસિક સ્વાગત કરવામાં આવ્યું હતું.કનુભાઈ વસાવાએ પોતાની ૨૬ વર્ષની સૈન્ય કારકિર્દી દરમિયાન દેશના વિવિધ સરહદી વિસ્તારોમાં ફરજ બજાવી માતૃભૂમિની સુરક્ષામાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

તેમના આગમનને લઈને રાજપારડીમાં સવારથી જ ઉત્સાહ અને દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો. રાજપારડી ચોકડીથી બેન્ડવાજા સાથે ભવ્ય સ્વાગત રેલી કાઢવામાં આવી હતી, જે રાધિકા સોસાયટી ખાતે પહોંચી હતી.ત્યારબાદ રાધિકા સોસાયટી ખાતે યોજાયેલા સન્માન સમારોહમાં પુષ્પવર્ષા, ફૂલહાર અને દેશભક્તિના નારાઓ સાથે કનુભાઈ વસાવાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.આ ગૌરવવંતા પ્રસંગે ઝઘડિયાના ધારાસભ્ય રિતેશભાઈ વસાવા સહિત સામાજિક અગ્રણીઓ, સ્થાનિક આગેવાનો તેમજ માંડવી, રાજપારડી અને આસપાસનાં ગામોના મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણીઓએ જણાવ્યું હતું કે, પોતાના પરિવારથી દૂર રહીને દેશની સુરક્ષા માટે જીવનનાં અમૂલ્ય ૨૬ વર્ષ સમર્પિત કરનાર જવાનો સમગ્ર સમાજ માટે ગૌરવ અને પ્રેરણાના પ્રતીક છે.સન્માન સમારોહ બાદ ઉપસ્થિત મહેમાનો અને ગ્રામજનો માટે ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.૨૬ વર્ષની દેશસેવા સરહદ પરની અવિરત ફરજ અને હવે વતનની માટીમાં ગૌરવભેર વાપસી!

કૃષિ ભવનના હેડ ક્લાર્કના ઘરે ચોરી.. દિવાળીની સાફ સફાઈ માટે ક્લિનિંગ એજન્સી બોલાવવી ભારે પડી

ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર 3ડી વિસ્તારમાં દિવાળીના તહેવારોને પગલે ઘરની સફાઈ કરાવવાનું એક પરિવારને ભારે પડી ગયું હતું. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર રીલ જોઈને હોમ ક્લીનિંગ સર્વિસ બુક કરનાર સરકારી કર્મચારીના ઘરમાંથી બપોરના સમયે સાફ-સફાઈ કરવા આવેલા કારીગરો 6,16,000ની કિંમતના સોનાના દાગીના ચોરીને રફુચક્કર થઈ જવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે સેક્ટર-7 પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

તહેવારોની મોસમમાં કોઈપણ ચકાસણી કે વેરિફિકેશન વગર અજાણ્યા પ્લેટફોર્મ પરથી ઘરકામ કે સફાઈ માટે માણસો બોલાવતા નાગરિકો માટે આ કિસ્સો લાલબત્તી સમાન છે. સેક્ટર 3ડીમાં રહેતા અને કૃષિ ભવનમાં હેડ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા કવનકુમાર યોગેશચંદ્ર પંડ્યાએ ઈન્સ્ટાગ્રામ પર GJ Home Clinic Service ની રીલ જોઈ હતી. તેમાં દર્શાવેલ નંબર પર સંપર્ક કરી વિડીયો મોકલી સમગ્ર ઘરની સફાઈ માટે 9,500માં ડીલ નક્કી કરવામાં આવી હતી. 29 ઓક્ટોબરના રોજ કંપનીના 5 માણસો સફાઈના સાધનો સાથે કવનકુમારના ઘરે આવ્યા હતા. પ્રથમ માળે આવેલી તિજોરીમાં કિંમતી દાગીના હોવાથી તેને સાફ ન કરવા કવનકુમારના માતા છાયાબેને સ્પષ્ટ સૂચના આપી હતી. બાદમાં બેડરૂમમાં કામ કરી રહેલા માણસોએ ચા માંગતા છાયાબેન નીચે ગયા હતા. આ તકનો લાભ ઉઠાવી તસ્કરો કબાટમાંથી ઘરેણાં ભરેલું પાઉચ તફડાવી ગયા હતા અને કામ પૂર્ણ કરી ગુગલ પે મારફતે 9,500 મેળવી ચાલ્યા ગયા હતા.

બળેજ–અમીપુર માર્ગ પર બોક્સ કલ્વર્ટ મૂકવા વિપુલ પરમારની ખેડૂતોની વતી માંગ

વરસાદી પાણીના નિકાલના અભાવે ખેતીની જમીનને નુકસાન થતું હોવાની રજૂઆત

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર તાલુકાના બળેજથી અમીપુર ગામ તરફ જતા માર્ગ પર વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા તથા ખેડૂતોની ખેતીની જમીનને નુકસાનથી બચાવવા બોક્સ કલ્વર્ટ મૂકવા અથવા રસ્તાની ઊંચાઈ આસપાસની જમીનના લેવલ મુજબ કરવા માંગ ઉઠી છે. આ અંગે બળેજ ગામના રહેવાસી વિપુલ નરબતભાઈ પરમારે જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, બળેજથી અમીપુર તરફ જતા માર્ગની ઊંચાઈ આસપાસની ખેતીની જમીન કરતાં વધુ હોવાથી ચોમાસા દરમિયાન રસ્તાની એક બાજુ વરસાદી પાણીનો ભરાવો થાય છે. પાણીના સતત ભરાવાને કારણે રસ્તાની બીજી બાજુ આવેલી ખેતીની જમીનમાં ધોવાણ અને ખરાસ થતી હોવાથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે અને જમીન ધીમે ધીમે બંજર બનવા ની સ્થિતિ સર્જાઈ રહી છે. જેના કારણે ખેડૂતોને ખેતીમાં નુકસાન વેઠવાનો વારો આવી રહ્યો છે. વધુમાં, અગાઉ ચોમાસામાં વરસાદ બાદ રસ્તાની એક બાજુ પાણી ભરાઈ જતાં ખેડૂતોની રજૂઆતને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તો તોડીને પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બાબત જ માર્ગ પર વરસાદી પાણીના કાયમી અને યોગ્ય નિકાલની વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત દર્શાવે છે. હાલમાં આ માર્ગનું કામ ચાલુ છે અને ટેન્ડરની જોગવાઈ મુજબ ચોક્કસ અંતરે બોક્સ કલ્વર્ટ મૂકવાની વ્યવસ્થા છે. જોકે, કેટલાક ખેડૂતો દ્વારા બોક્સ કલ્વર્ટ ન મૂકવા અંગે રજૂઆત કરવામાં આવી રહી હોવાનું પણ અરજીમાં જણાવાયું છે. પરંતુ પાણીના ભરાવાથી અમુક જમીનોને લાભ થતો હોય તો પણ બીજી અનેક જમીનોને નુકસાન થતું હોવાથી તમામ ખેડૂતોના હિતને ધ્યાનમાં રાખીને ટેકનિકલ દૃષ્ટિએ યોગ્ય નિર્ણય લેવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે. વિપુલ પરમારે તંત્ર સમક્ષ માંગ કરી છે કે માર્ગના ચાલુ કામ દરમિયાન ટેન્ડરની જોગવાઈ અને ટેકનિકલ નિયમો મુજબ યોગ્ય અંતરે બોક્સ કલ્વર્ટ મૂકવામાં આવે, જેથી વરસાદી પાણીનો કુદરતી પ્રવાહ જળવાઈ રહે અને રસ્તાની બંને બાજુ પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે. જો બોક્સ કલ્વર્ટ મૂકવાથી પાણીનો યોગ્ય નિકાલ શક્ય ન બને તો રસ્તાની ઊંચાઈ અંગે સ્થળ તપાસ કરીને આસપાસની જમીનના લેવલ મુજબ રસ્તો બનાવવાનો વિકલ્પ અપનાવવામાં આવે.

છત્રાલ GIDCમાં 74 કિલો કોપર વાયર ચોરીનો ભેદ ઉકેલાયો

મૂળ યૂપી-રાજસ્થાનના ત્રણ શખસને પોલીસે દબોચ્યા, પીકઅપ ડાલા સહિત કોપર વાયરનો મુદ્દામાલ રીકવર

ગાંધીનગર



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના છત્રાલ GIDC વિસ્તારમાં એક ઇલેક્ટ્રિક દુકાનમાં ત્રાટકીને 74 કિલો કોપર વાયર ચોરી કરી નાસી છૂટેલા આંતરરાજ્ય ચોર ગેંગના ત્રણ શખસોને 74 હજારની કિંમતના મુદ્દામાલ સાથે દબોચી લઈ ગણતરીના દિવસોમાં ગુનાનો ભેદ ઉકેલી કાઢવામાં આવ્યો છે. કલોલ તાલુકાના છત્રાલ GIDC ફેઝ-2 ખાતે જૂની ખોડીયાર હોટલ રોડ પર આવેલા પ્લોટ નંબર 1801માં ગણેશ ઇલેક્ટ્રિક વર્ક્સ નામની દુકાન આવેલી છે. 17થી 18 ઓક્ટોબર દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરો આ દુકાનનું શટર ઊંચું કરીને અંદર પ્રવેશ્યા હતા અને ત્યાંથી અંદાજે 74 કિલોગ્રામ વજનનો કોપર વાયર કિંમત રૂપિયા 74000નો ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ મામલે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ અંગે PI જે.જે. ગઢવી સહિતની ટીમે CCTV ફૂટેજનું એનાલિસિસ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન પેટ્રોલિંગમાં ફરતી ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, આ ચોરીને અંજામ આપનાર ઈસમો ચોક્કસ વાહન સાથે અમદાવાદ તરફ છે.

પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાનું વધુ એક મહાકૌભાંડ ઉજાગર!

ગુજરાત યુનિ.માં તમારા ઓળખીતા છે તો તમારો ય મેળ પડી શકે!

અમદાવાદ

અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીમાંથી શિક્ષણ જગતને હચમચાવી મૂકે તેવી એક અત્યંત શરમજનક અને સનસનાટીભરી વિગતો બહાર આવી છે. ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાનું વધુ એક મોટું અને ગંભીર કૌભાંડ સામે આવતા સમગ્ર રાજ્યના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં ભારે ભૂકંપ સર્જાયો છે. સરકારી નિયમો અને શિસ્તને સરેઆમ નેવે મૂકીને નીરજા ગુપ્તા અને તેમના મળતિયાઓએ 'સ્ટડી અબ્રોડ' (Study Abroad) કાર્યક્રમના ફંડમાંથી કરોડો રૂપિયાનો દુરુપયોગ કરીને બેંગકોક અને જાપાનના આકાશી ખર્ચે લાખો રૂપિયાના વિદેશ પ્રવાસો આચર્યા હોવાની ચોંકાવનારી માહિતી બહાર આવી છે. પ્રાપ્ત વિગતો અને આંતરિક અહેવાલો અનુસાર, સરકારી ગ્રાન્ટ્સ અને યુનિવર્સિટીના ભંડોળના ઉપયોગ બાબતે સરકારની સ્પષ્ટ માર્ગદર્શિકા અને મનાઈ હોવા છતાં, નીરજા ગુપ્તા અને તેમની ટીમે નિયમોની ધજાગરા ઉડાવ્યા હતા. જાપાનના વિદેશ પ્રવાસ માટે સરકારી તિજોરીમાંથી સીધા ૧૪ લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા હતા. આટલું જ નહીં, આ પ્રવાસો માટે ટિકિટો બુક કરાવવામાં પણ નિયમોનું પાલન કરવાના બદલે બ્લેકલિસ્ટ થયેલી કંપનીના માલિકોને કોન્ટ્રાક્ટ અને ટિકિટો અપાઈ હોવાનો ગંભીર આક્ષેપ પણ થઈ રહ્યો છે. વિદેશી ધરતી પર ગયા પછી બેંગલુરુ અને અન્ય સ્થળોએ આવેલી વૈભવી 'તાજ' (Taj) જેવી ફાઈવ સ્ટાર હોટેલોમાં રોકાઈને પ્રજા અને વિદ્યાર્થીઓના પરસેવાની કમાણીના પૈસા પાણીની જેમ વહાવવામાં આવ્યા છે. સામાન્ય પરિવારોમાંથી આવતા વિદ્યાર્થીઓ પોતાની ફી ભરવા માટે બે-ત્રણ ઘરની મજૂરી કે લોન લેવા મજબૂર બને છે. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સુવિધાઓ, લાઈબ્રેરી કે હોસ્ટેલના વિકાસ માટે નાણાં ખૂટતા હોવાની બૂમો હંમેશા પડતી હોય છે, પરંતુ સત્તાના નશામાં ચૂર બેઠેલા પદાધિકારીઓ માટે યુનિવર્સિટીનું ફંડ એટલે જાણે પોતાની જાગીર હોય તેમ મનફાવે તેમ ઉડાડવામાં આવ્યું છે. 'તમારા યુનિવર્સિટીમાં ઓળખીતા હોય તો તમારો ય મેળ પડી શકે' તેવી સાહેબશાહી અને ભ્રષ્ટ વ્યવસ્થાએ શિક્ષણના પવિત્ર મંદિરને કલંકિત કરી દીધું છે. વિદ્યાર્થીઓની સખત મહેનતની ફીના લાખો રૂપિયા વિદેશ પ્રવાસો પાછળ ઉડાડનારા આ જવાબદાર અધિકારીઓ સામે સરકાર અને ઉચ્ચ સ્તરેથી કેવી અને ક્યારે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવશે? તે એક મોટો સવાલ છે. શિક્ષણ જગતને લાંછન લગાવતા આ મહાકૌભાંડ સામે સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓમાં અને જનતામાં અત્યંત તીવ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે. તમને શું લાગે છે? વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારા અને યુનિવર્સિટીના નાણાં લૂંટનારા આવા ભ્રષ્ટ અધિકારીઓ સામે કયા પ્રકારની સખત કાનૂની કાર્યવાહી થવી જોઈએ?

ડુંગરીમાં SMCની રેડ: 4.33 લાખનો દારૂ ઝડપાયો, 9.45 લાખનો મુદ્દામાલ જપ્ત

વલસાડ

વલસાડ જિલ્લાના ડુંગરી પોલીસ સ્ટેશનની હદમાં નેશનલ હાઈવે નં. 48 પર ડુંગરી ચાર રસ્તા પાસે બ્રિજ ચઢતા બાબુભાઈ ઉબાડીયાના સ્ટોલ નજીક સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC)એ દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂ અને બિયરની આશરે 45 પેટીમાંથી 1,692 બોટલ ઝડપી પાડી હતી. દારૂના જથ્થાની કિંમત રૂ. 4,33,008 થાય છે.


પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એ. તુવરની આગેવાનીમાં વાપીથી સુરત તરફ જતા હાઈવે પર કરવામાં આવેલી આ કાર્યવાહીમાં એક વાહન સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 9,45,008નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે રીતેશ ઉત્તમભાઈ પટેલ (રહે. બાલદા ગામ, મોરા ફળિયા, તા. પારડી, જિ. વલસાડ)ને ઝડપી પાડ્યો હતો.

આ કેસમાં કમલેશ ઉર્ફે મુનશી રાધેશ્યામ યાદવ અને વિપુલ રાજેશ ગુપ્તા (બંને રહે. પારડી, જિ. વલસાડ) તેમજ નિરવ ઉર્ફે કાલી સોમાભાઈ રાઠોડ (રહે. દેગામ ગામ, તા. ચીખલી, જિ. નવસારી) સહિત પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ મામલે ડુંગરી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

આપ નેતા ઈસુદાન ગઢવીનો સરકાર સામે મોટો પડકાર!

"જો ગુજરાત સરકાર ખેડૂતોનું દેવું માફ કરે, તો હું સરકારને નતમસ્તક થઈને પગે પડવા તૈયાર છું"

ગાંધીનગર



ગુજરાતના રાજકારણમાં ખેડૂતોના પ્રશ્નો અને દેવા માફીનો મુદ્દો ફરી એકવાર જોરશોરથી ગાજી રહ્યો છે. આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયુક્ત મહામંત્રી અને દિગ્ગજ નેતા ઈસુદાન ગઢવીએ રાજ્ય સરકાર સમક્ષ ખેડૂતોના દેવા માફ કરવા અંગે ખુલ્લો અને સીધો પડકાર ફેંક્યો છે. અન્નદાતાઓની દયનીય સ્થિતિ અને વધતા દેવાના બોજ પર સરકારનું ધ્યાન દોરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે જો ગુજરાતની વર્તમાન સરકાર હિંમત દાખવીને ખેડૂતોનું સંપૂર્ણ દેવું માફ કરી દે, તો તેઓ સરકારના આ નિર્ણયને વધાવવા માટે ખુદ નતમસ્તક થઈને પગે પડવા તૈયાર છે! ગુજરાતનો ખેડૂત આજે મોંઘા ખાતર, બિયારણ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને પાક વીમાની વિડંબનાઓ વચ્ચે પિસાઈ રહ્યો છે. ખેતીમાં ખર્ચ સતત વધતો જાય છે અને સામે પાકના પૂરતા ટેકાના ભાવ ન મળવાને કારણે કિસાન બેંકો અને સાહુકારોના દેવા તળે કચડાઈ રહ્યો છે. આ ગંભીર મુદ્દા પર રાજ્ય સરકારને ઘેરતા ઈસુદાન ગઢવીએ આક્રમક અંદાજમાં કહ્યું હતું કે, 'ગુજરાતનો ખેડૂત રાત-દિવસ એક કરીને મહેનત કરે છે, છતાં તેના હાથમાં અઢળક દેવું જ આવે છે. જો આ સરકાર ખરેખર ખેડૂતોની હિતેચ્છુ હોવાનો દાવો કરતી હોય, તો તેણે ખેડૂતોનું દેવું માફ કરીને પોતાની નિયત સાબિત કરવી જોઈએ.' અન્ય ક્ષેત્રો અને રાજ્યોના ઉદાહરણો ટાંકીને પ્રહાર કરતા ગઢવીએ જણાવ્યું હતું કે દેશમાં મોટા-મોટા ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓના હજારો-કરોડો રૂપિયાના દેવા રાતોરાત માફ કે રાઈટ-ઓફ કરી દેવામાં આવે છે, પરંતુ જ્યારે અન્નદાતા ખેડૂતો માટે રાહત આપવાની વાત આવે છે ત્યારે તંત્રની તિજોરી ખાલી હોવાના બહાના બતાવવામાં આવે છે. તેમણે ઉમેર્યું કે જો સરકાર ખેડૂતોનો આર્થિક બોજ હળવો કરવાનો ઐતિહાસિક નિર્ણય લેશે, તો તેઓ તમામ રાજકીય વિરોધ ભૂલીને સરકારનું સન્માન કરવા તૈયાર છે. ઈસુદાન ગઢવીના આ ખુલ્લા પડકાર બાદ ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. આગામી સમયમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને વિપક્ષ દ્વારા વધુ આક્રમક આંદોલનો છેડવામાં આવે તેવી પૂરી શક્યતા છે. કિસાન પુત્ર હોવાનો દાવો કરતી સરકાર સામે હવે આ નિવેદને મોટો સવાલ ઊભો કર્યો છે કે શું સરકાર ખેડૂતોના દેવા માફી અંગે કોઈ હકારાત્મક પગલું ભરશે કે કેમ? સમગ્ર રાજ્યના ખેડૂતોની નજર હવે સરકારના પ્રતિસાદ પર ટકેલી છે.



હિના ખાન અને રોકીની લવ સ્ટોરી કોઇ ફિલ્મી કહાનીથી કમ નથી

રોકી સાથે માત્ર 15 મિનિટમાં લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો: હિના

મુંબઇ

ટીવી અભિનેત્રી હિના ખાન અને રોકી જયસ્વાલની લવ સ્ટોરી કોઈ ફિલ્મી કહાનીથી કમ નથી. બંને લાંબા સમયથી એકબીજાની સાથે છે. જોકે, તેમના લગ્નનો નિર્ણય અચાનક લેવાયો હતો. હિના ખાને ખુલાસો કર્યો હતો કે તેમણે રોકી સાથે માત્ર 15 મિનિટમાં લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. અભિનેત્રીએ જણાવ્યું કે તે સમયે પોતાની તબિયતને લઈને અનિશ્ચિતતા હતી અને એ જ તેમના અચાનક લગ્નનું મુખ્ય કારણ બન્યું હતું. સાનિયા મિર્ઝાના શોમાં પોતાની લગ્નની કહાની સંભળાવતી વખતે હિના ભાવુક થઈ ગઈ હતી. સાનિયા મિર્ઝાના શોમાં હિનાએ જણાવ્યું કે રોકી સાથે લગ્ન કરવાનો નિર્ણય અગાઉથી નક્કી નહોતો. બંને લગભગ 13થી 14 વર્ષથી સાથે હતાં, પરંતુ લગ્નનું કોઈ આયોજન નહોતું. તે સમયે પોતાની સ્વાસ્થ્ય સંબંધિત સ્થિતિનો ઉલ્લેખ કરીને હિનાએ રોકીને કહ્યું હતું કે કાં તો તે આગળ વધીને પોતાની પસંદગીની કોઈ બીજી વ્યક્તિ સાથે લગ્ન કરી લે અથવા તેની સાથે જ લગ્ન કરી લે, કારણ કે તેને પોતાનું ભવિષ્ય શું હશે તેની ખબર નહોતી. હિનાની આ વાત સાંભળીને સાનિયા મિર્ઝા પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. તેણે પૂછ્યું કે શું ખરેખર માત્ર 15 મિનિટમાં લગ્ન કરવાનો નિર્ણય લઈ લીધો હતો? તેના જવાબમાં હિનાએ કહ્યું કે હકીકતમાં આ નિર્ણય 15 મિનિટ કરતાં પણ ઓછા સમયમાં લેવાયો હતો. હિનાએ જણાવ્યું કે તેની તબિયતને લઈને અનિશ્ચિતતા હતી અને તેથી તેણે રોકીને લગ્ન વિશે વાત કરી હતી. રોકીને પણ આ નિર્ણય સામે કોઈ વાંધો નહોતો. હિનાએ વધુમાં કહ્યું કે લગ્ન તેમના સંબંધને વ્યાખ્યાયિત કરતા નથી. લગ્ન પહેલાં તેમનો સંબંધ જેવો હતો, તેવો જ લગ્ન પછી પણ રહ્યો છે. લગ્ન થયાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો હોવા છતાં બંને પોતાની પહેલી વેડિંગ એનિવર્સરી પણ યાદ રાખી શક્યા નહોતા. મુશ્કેલ સમયને યાદ કરતાં હિના ભાવુક થઈ ગઈ હતી. હિના ખાન અને રોકી જયસ્વાલે જૂન 2025માં લાંબા સમય સુધી સાથે રહ્યા બાદ ખાનગી સમારોહમાં લગ્ન કર્યા હતા. લગ્ન સમયે હિના સ્ટેજ-3 બ્રેસ્ટ કેન્સરની સારવાર કરાવી રહી હતી. લગ્ન બાદ બંને રિયાલિટી શો 'પતિ, પત્ની और પંગા'માં કપલ તરીકે સાથે જોવા મળ્યાં હતાં.

લગ્ન સમયે હિના સ્ટેજ-3 બ્રેસ્ટ કેન્સરની સારવાર કરાવી રહી હતી. લગ્ન બાદ બંને રિયાલિટી શો 'પતિ, પત્ની और પંગા'માં કપલ તરીકે સાથે જોવા મળ્યાં હતાં

પંજાબમાં યો યો હની સિંહના ભત્રીજાનું કરુણ મોત

સવારે બનેલી આ દુર્ઘટનામાં વિદિતના મિત્ર આરવ તલવારનું પણ મૃત્યુ થયું હતું

મુંબઇ

પ્રખ્યાત સિંગર અને રેપર યો યો હની સિંહના પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. હની સિંહના ભત્રીજા વિદિત ઓલકનું જલંધરમાં થયેલા ભયાનક માર્ગ અકસ્માતમાં મોત થયું છે. આજે વહેલી સવારે બનેલી આ દુર્ઘટનામાં વિદિતના મિત્ર આરવ તલવારનું પણ મૃત્યુ થયું હતું. બંને મિત્રો જન્મદિવસની પાર્ટીમાંથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની કાર ગંભીર અકસ્માતનો ભોગ બની હતી.

અહેવાલ અનુસાર આ અકસ્માત જલંધરના પોલીસ લાઈન્સ વિસ્તાર નજીક આવેલા ફ્લાયઓવર પર થયો હતો. વિદિત ઓલક અને આરવ તલવાર ફોક્સવેગન કારમાં સવાર હતા. તેમની કાર બીએમસી ચોકથી બીએસએફ ચોક તરફ જઈ રહી હતી, ત્યારે રસ્તા પર ઉભેલી નગર નિગમની ટ્રેક્ટર-ટ્રોલી સાથે અથડાઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે બંને યુવાનોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા.

બારાદરી પોલીસ સ્ટેશનના એસએચઓ સાહિલ ચૌધરીના જણાવ્યા અનુસાર, પોલીસને અકસ્માતની જાણ વહેલી સવારે લગભગ 3 વાગ્યે મળી હતી. તે સમયે નગર નિગમના સફાઈ કર્મચારીઓ ફ્લાયઓવર પર સફાઈ કરી રહ્યા હતા અને કચરો એકત્ર કરવા માટે ટ્રેક્ટર-ટ્રોલી રસ્તા પર ઊભી રાખી હતી. આ દરમિયાન પસાર થતી કાર તેની સાથે અથડાઈ હતી.

પોલીસના જણાવ્યા અનુસાર અકસ્માત સમયે ફોક્સવેગન કારમાં કુલ પાંચ લોકો સવાર હતા, જેમાંથી વિદિત ઓલક અને આરવ તલવારનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય ત્રણ લોકો અકસ્માત પહેલાં જ ઘરે પરત ફરી ગયા હતા. પોલીસ ઘટનાસ્થળે પહોંચી બંને મૃતદેહોને કબજામાં લીધા હતા.



પ્રેમિકા સબા આઝાદના જન્મદિવસે રીતિક રોશને વ્યક્ત કર્યો પ્રેમ, શેર કરી


સબાના જન્મદિવસના ખાસ અવસર પર રીતિકે સોશિયલ મીડિયા પર કેટલીક ખાસ તસવીરો અને વીડિયો શેર કરીને પોતાના પ્રેમનો અનોખી રીતે ઇઝહાર કર્યો છે

મુંબઇ

બોલિવૂડના ગ્રીક ગોડ રીતિક રોશને પોતાની ગર્લફ્રેન્ડ અને અભિનેત્રી સબા આઝાદના 40મા જન્મદિવસે તેના માટે રોમેન્ટિક પોસ્ટ શેર કરી છે. સબાના જન્મદિવસના ખાસ અવસર પર રીતિકે સોશિયલ મીડિયા પર કેટલીક ખાસ તસવીરો અને વીડિયો શેર કરીને પોતાના પ્રેમનો અનોખી રીતે ઇઝહાર કર્યો છે. અભિનેતાની આ રોમેન્ટિક પોસ્ટ ચાહકોમાં ચર્ચાનો વિષય બની છે. રીતિકે પોતાની પોસ્ટમાં સબા સાથેના સંબંધને એક અનોખી મુસાફરી સાથે સરખાવ્યો છે. તેણે લખ્યું કે, કોઈએ તેને સબા વિશે પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે તે તેના વિશે વાત કરવા માગતો નથી, કારણ કે સબા તેના માટે ખૂબ જ કિંમતી છે. જોકે, જ્યારે સામેની વ્યક્તિએ વધુ પૂછ્યું ત્યારે રીતિકે એક રસપ્રદ ઉદાહરણ આપીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી.

રીતિકે લખ્યું કે, માની લો કે મુંબઈથી કોઈ દૂરના સ્થળે જવા માટે બે ફ્લાઇટના વિકલ્પ હોય. એક સીધી ફ્લાઇટ હોય, જે સરળ અને સુવિધાજનક હોય, જ્યારે બીજી ફ્લાઇટ આઠ અલગ-અલગ શહેરોમાંથી પસાર થતી હોય, દરેક સ્થળે કલાકો સુધી રાહ જોવી પડે અને આગળની કનેક્ટિંગ ફ્લાઇટ ચૂકી જવાનો ડર પણ હોય. જો મુસાફરી સબા સાથે કરવાની હોય તો તે દરેક વખતે બીજો વિકલ્પ પસંદ કરશે.

અભિનેતાએ આગળ લખ્યું કે, સબા સાથે હોય ત્યારે દરેક સામાન્ય ક્ષણ, દરેક રાહ જોવાનો સમય અને નક્કી કરેલા રસ્તાથી થોડું ભટકવું પણ રોમાંચક સફરમાં ફેરવાઈ જાય છે. તેણે પોતાની પ્રેમિકાને જીવનભરની લાંબી મુસાફરીઓ અને લાંબી રાહના નામે પ્રેમભર્યો સંદેશ આપતાં લખ્યું કે, 'આપણે કંઈક રોમાંચક કરીએ. આપણી જીવનભરની લાંબી મુસાફરીઓ અને લાંબી રાહના નામે. હું તને પ્રેમ કરું છું. જન્મદિવસની શુભેચ્છા!' રીતિક અને સબા છેલ્લા પાંચ વર્ષથી એકબીજાના પ્રેમસંબંધમાં છે. બંનેએ 2022માં પોતાના સંબંધને જાહેર કર્યો હતો. તે પહેલાં મુંબઈમાં બંનેને સાથે જોવામાં આવ્યા બાદ તેમના ડેટિંગની ચર્ચાઓ શરૂ થઈ હતી.





IIFA 2026 એવોર્ડસમાં આખી મહેફિલ લૂંટી ગયું 'ધુરંધર'

બેસ્ટ ફિલ્મનો એવોર્ડ ધુરંધરને મળ્યો છે. આ ફિલ્મ માટે આદિત્ય ધરને બેસ્ટ ડિરેક્ટર અને રણવીર સિંહને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો છે

મુંબઇ

26મા ઈન્ટરનેશનલ ઈન્ડિયન ફિલ્મ એકેડમી (IIFA) એવોર્ડ્સ 2026ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. આ વખતે આદિત્ય ધરના નિર્દેશનમાં બનેલી અને રણવીર સિંહ અભિનીત ફિલ્મ ધુરંધરએ એવોર્ડ સમારોહમાં શાનદાર પ્રદર્શન કરતાં કુલ 12 એવોર્ડ પોતાના નામે કર્યા છે. સૈયારા અને છાવા ફિલ્મોએ પણ અનેક કેટેગરીમાં એવોર્ડ જીત્યા છે. જ્યારે OTT કેટેગરીમાં આર્યન ખાનની વેબ સિરીઝ ધ બેડ્સ ઓફ બોલિવૂડનો દબદબો રહ્યો હતો. બેસ્ટ ફિલ્મનો એવોર્ડ ધુરંધરને મળ્યો છે. આ ફિલ્મ માટે આદિત્ય ધરને બેસ્ટ ડિરેક્ટર અને રણવીર સિંહને બેસ્ટ એક્ટરનો એવોર્ડ આપવામાં આવ્યો છે. જ્યારે સૈયારા માટે અનીત પદ્દાને બેસ્ટ એક્ટ્રેસનો એવોર્ડ મળ્યો છે. બેસ્ટ સપોર્ટિંગ એક્ટર તરીકે સંજય દત્ત અને બેસ્ટ નેગેટિવ રોલ માટે અક્ષય ખન્નાને ધુરંધર માટે એવોર્ડ મળ્યો છે. જોલી LLB 3 માટે હુમા કુરેશીને બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ જાહેર કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય ફિલ્મ કેટેગરીમાં અવતાર: ફાયર એન્ડ એશને બેસ્ટ ઈન્ટરનેશનલ ફિલ્મનો એવોર્ડ મળ્યો છે. આ ફિલ્મ માટે 20th Century Studios, જોન લેન્ડાઉ અને જેમ્સ કેમેરોનનું નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યું છે. બેસ્ટ મ્યુઝિક ડિરેક્શનનો એવોર્ડ ધુરંધર માટે શાશ્વત સચદેવને મળ્યો છે. બેસ્ટ ઓરિજિનલ સ્ટોરી માટે આદિત્ય ધર અને બેસ્ટ એડેપ્ટેડ સ્ટોરી માટે હોમબાઉન્ડના બશારત પીર, સુમિત રોય અને નીરજ ઘાયવાનને એવોર્ડ આપવામાં આવ્યો છે. સૈયારા માટે ઈર્શાદ કામિલને બેસ્ટ લિરિક્સનો એવોર્ડ મળ્યો છે. ફહીમ અબ્દુલ્લાએ બેસ્ટ પ્લેબેક સિંગર (મેલ) અને શ્રેયા ઘોષાલે સૈયારા (રીપ્રાઈઝ - ફિમેલ) માટે બેસ્ટ પ્લેબેક સિંગર (ફિમેલ)નો એવોર્ડ જીત્યો છે. ટેક્નિકલ એવોર્ડ્સમાં ધુરંધરએ અનેક પુરસ્કારો જીત્યા છે. ફિલ્મ માટે બેસ્ટ સિનેમેટોગ્રાફીનો એવોર્ડ વિકાસ નૌલખાને, બેસ્ટ સ્ક્રીનપ્લે અને બેસ્ટ ડાયલોગ્સનો એવોર્ડ આદિત્ય ધરને મળ્યો છે.

નસીરુદ્દીન શાહના 'દિમાગી નક્સલ' નિવેદન પર અન્નુ કપૂરનો પ્રહાર, કહ્યું- દેશના હિત વિશે તે કેટલું વિચારે છે તે અંગે શંકા

મુંબઇ

અભિનેતા નસીરુદ્દીન શાહના 'દિમાગી નક્સલ' નિવેદનને લઈને વિવાદ વકર્યો છે. હવે અભિનેતા અન્નુ કપૂરે પણ આ મામલે પ્રતિક્રિયા આપતાં નસીરુદ્દીન શાહના દેશના હિત અને કલ્યાણ અંગેના વિચારો પર સવાલ ઉઠાવ્યા છે. જોકે, અન્નુ કપૂરે લોકશાહીમાં દરેક વ્યક્તિને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની અને વિરોધ પ્રદર્શન કરવાની સ્વતંત્રતા હોવાનો પણ સ્વીકાર કર્યો છે. અન્નુ કપૂરે એક ઈન્ટરવ્યૂની વાતચીતમાં કહ્યું કે, 'નસીરુદ્દીન શાહ સંવાદો બોલવામાં સારા હોઈ શકે છે, પરંતુ દેશના હિત અને કલ્યાણ વિશે તે ખરેખર કેટલું વિચારે છે તે અંગે મને શંકા છે. આવા નિવેદનો આપનારા લોકો અંગે મને ગંભીર વાંધા છે. આપણી લોકશાહીના કારણે જ તેઓ મુક્તપણે બોલી શકે છે, આવા નિવેદનો આપી શકે છે અને વિરોધ પ્રદર્શન કરી શકે છે.'

અગાઉ પણ અન્નુ કપૂરે વિરોધ પ્રદર્શન કરનારાઓ પર સરકારની પ્રતિક્રિયા અંગે વાત રજૂ કરી હતી. તેણે કહ્યું હતું કે શાંતિપૂર્ણરીતે અસહમતી દર્શાવવું લોકશાહીમાં એક અધિકાર છે, પરંતુ હિંસા કરવી અને જાહેર સંપત્તિને નુકશાન પહોંચાડવું અયોગ્ય છે.



ફિલ્મ નિર્માતા અશોક પંડિતે પણ નસીરુદ્દીન શાહના નિવેદનની ટીકા કરી હતી. તેમણે શાહ પર વારંવાર અપમાનજનક ભાષાનો ઉપયોગ કરવાનો અને જાહેર નિવેદનોમાં હતાશા વ્યક્ત કરવાનો આરોપ લગાવ્યો હતો.

શ્રેયસ-ઈશાનની ફિફ્ટી બેકાર ગઈ, ટીમ ઈન્ડિયાએ સિરીઝ 3-2થી જીતી

ટિમ સાયફર્ટની તોફાની ઇનિંગથી ન્યૂઝીલેન્ડની 7 વિકેટે જીત

મુંબઈ

ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેની 5મી અને છેલ્લી T20 મેચ ન્યૂઝીલેન્ડે 7 વિકેટે જીતી. ભારતે પ્રથમ બેટિંગ કરી 191/8 રન બનાવ્યા, જેના જવાબમાં ન્યૂઝીલેન્ડે 3 વિકેટે 195 રન બનાવી મેચ જીતી. ટિમ સાયફર્ટે 93 અને ગ્લેન ફિલિપ્સે 65 રનની આક્રમક ઇનિંગ રમી. જોકે, ભારતે 3-2થી શ્રેણી જીતી લીધી. ઈશાન કિશન T20Iમાં એક વર્ષમાં 1220 રન બનાવી ભારતીય ખેલાડીઓમાં મોખરે રહ્યા. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની પાંચ મેચોની T20 સીરિઝની પાંચમી અને છેલ્લી મેચ ન્યૂઝીલેન્ડે 7 વિકેટે જીતી લીધી. મેચમાં ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પહેલાં બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. ભારતીય ટીમે પહેલાં રમતા 191/8 નો સ્કોર બનાવ્યો. જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમે 3 વિકેટ ગુમાવીને 18 ઓવરમાં 195 રન બનાવીને મેચ જીતી લીધી. સીરિઝની શરૂઆતની



ત્રણ મેચ ભારતીય ટીમે જીતી હતી, જ્યારે છેલ્લી બે મેચ ન્યૂઝીલેન્ડની ટીમે પોતાના નામે કરી. જેથી ભલે મેચ હાર્યા છતાં પણ સીરિઝ પર કબજો 3-2થી ભારતનો કબજો રહ્યો છે. આ સીરિઝના શરૂઆતના બે મુકાબલા ક્રાઈસ્ટચર્ચમાં રમાયા હતા, જે ભારતે 4 વિકેટના સમાન અંતરથી જીત્યા. પછી વેલિંગ્ટનમાં ભારતીય ટીમ 6 વિકેટથી મેચ જીતવામાં સફળ રહી હતી. ઓકલેન્ડમાં કીવી ટીમ પુનરાગમન કરીને 87 રનથી જીત હાંસલ કરી હતી.

ટીમ ઈન્ડિયા પાંચમી T20માં ટિમ સાયફર્ટનું 'વાવાઝોડું' ઝીલી શકી નહીં. તેણે 50 બોલમાં 93 રનની તોફાની ઇનિંગ રમી, જેમાં 11 ચોગ્ગા અને પાંચ છગ્ગા છે. ગ્લેન ફિલિપ્સે 38 બોલમાં અણનમ 65 રનની ઇનિંગ રમી. તેના બેટમાંથી આઠ ચોગ્ગા અને ત્રણ છગ્ગા નીકળ્યા. બેવોન જેકબ્સ એક રન બનાવીને અણનમ રહ્યો. ઈશાન કિશન એક કેલેન્ડર વર્ષમાં T20 ઈન્ટરનેશનલ રન બનાવવાના મામલે ભારતીય ક્રિકેટરોમાં સૌથી આગળ થઈ ગયા છે. ઈશાન કિશનના હવે 37 મેચોની 37 ઈનિંગ્સમાં 1220 રન થઈ ગયા છે. આ પહેલા આ રેકોર્ડ સૂર્યકુમાર યાદવના નામે હતો. તેમણે વર્ષ 2022માં 31 મેચોની 31 ઈનિંગ્સમાં 1164 રન બનાવ્યા હતા.

ભારતે પ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપમાં ઇતિહાસ રચ્યો

અમદાવાદ

ભારતે પ્રથમ કોમનવેલ્થ કબડ્ડી ચેમ્પિયનશિપ 2026માં ઐતિહાસિક સફળતા મેળવી છે. અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે શનિવાર, 31 ઓક્ટોબરે રમાયેલી મેન્સ ફાઇનલમાં ભારતે શ્રીલંકાને 54-20ના મોટા અંતરથી હરાવીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

આ સાથે જ ભારતીય ટીમે સમગ્ર ટુર્નામેન્ટમાં અજેય રહીને ચેમ્પિયન બન્યું. ફાઇનલ મુકાબલાની શરૂઆતમાં ભારત અને શ્રીલંકા વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. જોકે, ભારતીય ખેલાડીઓએ ટૂંક સમયમાં જ રમત પર પોતાની પકડ મજબૂત બનાવી હતી. સુરજીત સિંહની આગેવાની હેઠળની ભારતીય ટીમે પ્રથમ હાફની અંતિમ 10 મિનિટમાં શાનદાર પ્રદર્શન કરીને શ્રીલંકા સામે 15-2ની સરસાઈ મેળવી હતી. પ્રથમ 20 મિનિટની રમત પૂર્ણ થતાં ભારતે 30-10ની મજબૂત લીડ મેળવી લીધી હતી. બીજા હાફમાં શ્રીલંકાની ટીમે કમબેક કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ભારતીય ખેલાડીઓના આક્રમક રેઇડિંગ અને મજબૂત ડિફેન્સ સામે તેમની એક પણ ચાલ સફળ થઈ નહોતી. શ્રીલંકાની ટીમ બીજા હાફમાં માત્ર 10 પોઈન્ટ જ મેળવી શકી હતી અને અંતે ભારતે 54-20થી ભવ્ય વિજય નોંધાવ્યો હતો.

ઈશાન કિસને સૂર્યાનો રેકોર્ડ તોડ્યો

ઈશાન એક વર્ષમાં T20Iમાં રન બનાવવાના મામલે ભારતીય ક્રિકેટરોમાં સૌથી આગળ

મુંબઈ

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પાંચ મેચોની T20 સીરીઝનો પાંચમો મુકાબલો હેમિલ્ટનના સેડન પાર્કમાં રવિવાર (1 નવેમ્બર) ના રોજ થયો. જ્યાં ભારતીય ટીમના વિકેટકીપર બેટર ઈશાન કિશને શાનદાર ઇનિંગ રમી અને એક રેકોર્ડ પણ પોતાના નામે કર્યો.



ઈશાન કિશન એક કેલેન્ડર વર્ષમાં T20 ઈન્ટરનેશનલ રન બનાવવાના મામલે ભારતીય ક્રિકેટરોમાં સૌથી આગળ થઈ ગયા છે. ઈશાન કિશનના હવે 37 મેચોની 37 ઈનિંગ્સમાં 1220 રન થઈ ગયા છે. આ પહેલા આ રેકોર્ડ સૂર્યકુમાર યાદવના નામે હતો. તેમણે વર્ષ 2022માં 31 મેચોની 31 ઈનિંગ્સમાં 1164 રન બનાવ્યા હતા. ત્યાં જ અભિષેક શર્માએ પણ આ કેલેન્ડર વર્ષ (2026) માં 39 મેચોની 39 ઈનિંગ્સમાં 1153 રન બનાવ્યા છે. સંજૂ સેમસને પણ આ વર્ષે એટલે કે વર્ષ 2026માં 30 મેચોની 30 ઈનિંગ્સમાં 810 રન બનાવ્યા હતા. જોકે T20 ઈન્ટરનેશનલ ક્રિકેટના એક કેલેન્ડર વર્ષમાં સૌથી વધુ રન બનાવવાનો કિર્તીમાન ઓસ્ટ્રિયાના કરનબીર સિંહના નામે છે, તેમણે 32 મેચોમાં 1488 રન વર્ષ 2025માં બનાવ્યા હતા. જે એક વર્ષમાં સૌથી વધુ છે. ત્યાં જ આ લિસ્ટમાં બીજા નંબર પર પાકિસ્તાનના મોહમ્મદ રિઝવાન છે, જેમણે વર્ષ 2021માં 29 મેચોની 26 ઈનિંગ્સમાં 1326 રન બનાવ્યા હતા. નંબર 3 પર ફિયાઝ અહમદ છે.

ઓસ્ટ્રેલિયાની શરમજનક હાર, દ.આફ્રિકાએ સિરીઝ કબજે કરી

સાયમન હાર્મરે 10 વિકેટ અને કાગીસો રબાડાએ 350 વિકેટ પૂરી કરી વિશ્વ વિક્રમ સર્જ્યો

કેપટાઉન

કેપટાઉનમાં રમાયેલી ત્રીજી ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાએ ઓસ્ટ્રેલિયાને 176 રને હરાવી, 3 મેચની શ્રેણી 2-1થી જીતી લીધી. સાયમન હાર્મરે 10 વિકેટ અને કાગીસો રબાડાએ 350 વિકેટ પૂરી કરી વિશ્વ વિક્રમ સર્જ્યો. આ જીતથી WTC પોઈન્ટ્સ ટેબલમાં મોટો ફેરફાર થયો, જેમાં ન્યુઝીલેન્ડ ટોચ પર અને ભારત ચોથા સ્થાને છે. કેપટાઉનના ન્યૂલેન્ડ્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં દક્ષિણ આફ્રિકાએ શાનદાર પ્રદર્શન કરતાં ઓસ્ટ્રેલિયાને 176 રને કારમી હાર આપી છે. મેચના પાંચમા દિવસે 288 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી કાંગારૂ ટીમ માત્ર 111 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.



આ જીત સાથે દક્ષિણ આફ્રિકાએ 3 મેચોની ટેસ્ટ શ્રેણી 2-1 થી પોતાના નામે કરી લીધી છે. ચોથી ઈનિંગ્સમાં 288 રન બનાવવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમ માટે કેપટાઉનની પિચ અત્યંત મુશ્કેલ સાબિત થઈ હતી. સ્પિનર સાયમન હાર્મરે ઘાતક બોલિંગ કરતાં માત્ર 16 રન આપીને 6 વિકેટ ઝડપી હતી. આ મેચની પ્રથમ ઈનિંગ્સમાં 4 વિકેટ સાથે સમગ્ર મેચમાં કુલ 10 વિકેટ લેવા બદલ સાયમન હાર્મરને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યા હતા. આ સાથે કગિસો રબાડાએ પણ ઝડપી બોલિંગથી ઓસ્ટ્રેલિયન ટીમને મુશ્કેલીમાં મૂકી દીધી હતી. ઓસ્ટ્રેલિયાની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી અને સ્કોરબોર્ડ પર માત્ર 5 રન નોંધાયા ત્યાં સુધીમાં બંને ટોચના બેટ્સમેનો મેટ રેનશો અને માર્નસ લાબુશેન પેવેલિયન ભેગા થઈ ગયા હતા. ત્યારબાદ ટ્રેવિસ હેડે 14 રન અને કેમરૂન ગ્રીને 27 રન બનાવ્યા હતા, પરંતુ મિડલ ઓર્ડર તાસના પત્તાની જેમ ધરાશાયી થતાં એક સમયે ટીમની 6 વિકેટ માત્ર 42 રનમાં પડી ગઈ હતી.

બિઝનેસ

ફોન કૉલ, ટોલ ટેક્સ સહિત નવેમ્બરની શરૂઆતમાં થઈ ગયા આ 5 મોટા ફેરફાર

દિવાળી પહેલાં જ ગેસનો બાટલો મોંઘો થયો: તમારા ખિસ્સા પર પડશે સીધી અસર

મુંબઈ

નવેમ્બર 2026માં સિલિન્ડર, ટેલિકોમ, ટ્રાન્સપોર્ટ અને ઈન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલા 5 ફેરફારો થઈ રહ્યા છે. તેમને સરળ ભાષામાં નીચે સમજાવવામાં આવ્યા છે 1. કોમર્શિયલ સિલિન્ડર 17 રૂપિયા સુધી મોંઘો ફેરફાર: તેલ કંપનીઓએ દિવાળી પહેલાં કોમર્શિયલ ગેસ સિલિન્ડર 17 રૂપિયા સુધી મોંઘો કરી દીધો છે. અસર: કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધવાથી



રેસ્ટોરાં માલિકોનો ખર્ચ થોડો વધશે. આવી સ્થિતિમાં તેઓ ચા અને નાસ્તો મોંઘો કરી શકે છે. લગ્ન પ્રસંગોમાં કેટરિંગ પણ મોંઘું થઈ શકે છે. ફેરફાર: આજથી તમારા ફોન પર જ્યારે પણ કોઈ અજાણ્યા નંબર પરથી કૉલ આવશે, ત્યારે સ્ક્રીન પર નંબર સાથે તે વ્યક્તિનું સાચું નામ પણ દેખાશે. આ નામ એ જ હશે, જે તેણે સિમ ખરીદતી વખતે સરકારી ID (જેમ કે આધાર)માં આપ્યું હતું. આ માટે તમારે કોઈ થર્ડ પાર્ટી એપ ડાઉનલોડ કરવાની કે સર્વિસ શરૂ કરવાની જરૂર રહેશે નહીં, આ સુવિધા આપમેળે કામ કરશે. દૂરસંચાર વિભાગે તમામ ટેલિકોમ કંપનીઓ માટે આ નિયમ લાગુ કરવો ફરજિયાત બનાવ્યો છે. અસર: હાલમાં અજાણ્યા નંબરની ઓળખ માટે ટ્રૂકોલર જેવી એપનો ઉપયોગ કરવો પડે છે, પરંતુ હવે કોઈપણ થર્ડ પાર્ટી એપ વિના જ તમને ખબર પડી જશે કે કોણ કૉલ કરી રહ્યું છે. તેનાથી નકલી અને છેતરપિંડીવાળા કૉલથી બચવામાં સરળતા રહેશે. ફેરફાર: ટોલ પ્લાઝાના 20 કિમીના દાયરામાં રહેતા ખાનગી વાહન માલિકોને દર વખતે ટોલ ટેક્સ ચૂકવવામાંથી રાહત મળશે.

ઓક્ટોબરમાં GST કલેક્શનમાં 22.9%નો ઉછાળો

સરકારની તિજોરીમાં 2.31 લાખ કરોડ રૂપિયાથી છલકાઇ

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓક્ટોબર સુધીમાં કુલ GST કલેક્શન 14.77 લાખ કરોડ રૂપિયા થયું છે, જે 13.2%નો વધારો દર્શાવે છે

મુંબઈ

ભારતમાં ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (GST) કલેક્શનમાં સતત વધારો થઈ રહ્યો છે. ઓક્ટોબર 2026માં ગ્રોસ GST કલેક્શન વાર્ષિક ધોરણે 22.9 ટકા વધીને 2,31,290 કરોડ રૂપિયા થયું છે. ઓક્ટોબર 2025માં આ આંકડો 1,88,125 કરોડ રૂપિયા હતો. આમ, ગયા વર્ષની સરખામણીમાં આ વખતે 43,165 કરોડ રૂપિયાની વધુ આવક થઈ છે. નાણાં મંત્રાલયે જાહેર કરેલા આંકડા અનુસાર, સ્થાનિક આવક અને આયાતમાંથી મળેલી આવકમાં થયેલો વધારો GST કલેક્શન વધવાનું મુખ્ય કારણ છે. ઓક્ટોબર 2026માં સ્થાનિક વ્યવહારોમાંથી મળેલી ગ્રોસ GST આવક વાર્ષિક ધોરણે 15.8 ટકા વધીને 1,59,044 કરોડ રૂપિયા



થઈ છે. ઓક્ટોબર 2025માં આ આવક 1,37,328 કરોડ રૂપિયા હતી. બીજી તરફ, આયાતમાંથી મળેલી GST આવકમાં 42.2 ટકાનો મોટો વધારો નોંધાયો છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં આયાતમાંથી 50,796 કરોડ રૂપિયાની આવક થઈ હતી, જે આ વર્ષે વધીને 72,246 કરોડ રૂપિયા થઈ છે. ઈન્ટિગ્રેટેડ GST (IGST) માં સ્થાનિક વ્યવહારોમાંથી 64,769 કરોડ રૂપિયા અને આયાતમાંથી 72,246 કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. ઓક્ટોબર 2026 દરમિયાન કુલ GST રિફંડ વાર્ષિક ધોરણે 6.5 ટકા વધીને 27,934 કરોડ રૂપિયા થયું છે. ઓક્ટોબર 2025માં 26,225 કરોડ રૂપિયાનું રિફંડ આપવામાં આવ્યું હતું. આ વખતે કુલ રિફંડમાં સ્થાનિક વ્યવહારોના 14,007 કરોડ રૂપિયા અને આયાત તથા ICEGATE નિકાસ સંબંધિત 13,927 કરોડ રૂપિયાનો સમાવેશ થાય છે. રિફંડની રકમ બાદ કરતાં ઓક્ટોબર 2026નું નેટ GST કલેક્શન 25.6 ટકા વધીને 2,03,356 કરોડ રૂપિયા થયું છે. ગયા વર્ષે સમાન મહિનામાં નેટ GST આવક 1,61,900 કરોડ રૂપિયા હતી.

ચાલુ નાણાકીય વર્ષ 2026-27માં એપ્રિલથી ઓક્ટોબર સુધીના સાત મહિનામાં કુલ ગ્રોસ GST કલેક્શન 14,77,569 કરોડ રૂપિયા થયું છે. ગયા નાણાકીય વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો 13,05,213 કરોડ રૂપિયા હતો. આમ, વાર્ષિક ધોરણે તેમાં 13.2 ટકાનો વધારો નોંધાયો છે. આ સાત મહિનામાં કુલ નેટ GST આવક 12,69,486 કરોડ રૂપિયા રહી છે.

CCI દ્વારા દરખાસ્ત મંજૂર

ફ્રેન્ચ બિલિયોનેર ઝેવિયર નીલ વોડાફોનનો 16.2% હિસ્સો ખરીદશે

મુંબઈ

ભારતીય સ્પર્ધા આયોગ (CCI)એ ફ્રાન્સના ઉદ્યોગપતિ ઝેવિયર નીલને વોડાફોન ગ્રૂપમાં 16.2 ટકા હિસ્સો ખરીદવાની મંજૂરી આપી દીધી છે. ઝેવિયર વેગા SAS (Vega SAS) મારફતે આ હિસ્સો ખરીદી રહ્યા છે. ઝેવિયર નીલની કંપની વેગા SASની ભારતમાં સીધી કોઈ વ્યાવસાયિક હાજરી નથી. વોડાફોનમાં હિસ્સેદારી ખરીદવાથી નીલની ભારતમાં એન્ટ્રી થશે. ઝેવિયર નીલની ગણતરી વિશ્વના સૌથી પ્રભાવશાળી ટેક્નોલોજી ઉદ્યોગપતિઓમાં થાય છે. તેઓ વિશ્વના 211મા સૌથી ધનિક વ્યક્તિ છે. માત્ર 25 વર્ષની ઉંમરે પોતાની કંપની શરૂ કરનારા



નીલ હાલમાં આશરે 1.33 લાખ કરોડની સંપત્તિના માલિક છે. ફ્રાન્સના ટેલિકોમ ક્ષેત્રમાં મોટું પરિવર્તન લાવવા માટે તેઓ જાણીતા છે. તેમનો વેપાર ફ્રાન્સ ઉપરાંત ઇટાલી, પોલેન્ડ અને આયર્લેન્ડ સહિત અનેક દેશોમાં ફેલાયેલો છે. 25 વર્ષની ઉંમરે શરૂ કરી હતી પહેલી કંપની ઝેવિયર નીલે માત્ર 25 વર્ષની ઉંમરે વર્ષ 1993માં ફ્રાન્સના પ્રથમ ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ (ISP) પૈકીની એક કંપની 'વર્લ્ડનેટ'ની સ્થાપના કરી હતી. સાત વર્ષ સુધી સફળતાપૂર્વક કંપની ચલાવ્યા બાદ તેમણે વર્ષ 2000માં તેને આશરે 50 મિલિયન ડોલરમાં વેચી દીધી હતી. ત્યારબાદ તેમણે ટેલિકોમ ગ્રૂપ 'ઇલિયાડ' (Iliad)ની સ્થાપના કરી અને તેના હેઠળ 'ફ્રી' (Free) બ્રાન્ડ શરૂ કરી હતી. વર્ષ 2002માં તેમણે જાણીતી 'ફ્રીબોક્સ' (Freebox) સેવા રજૂ કરી હતી, જેણે મલ્ટી-સર્વિસ બ્રોડબેન્ડ ક્ષેત્રનો ચહેરો બદલી નાંખ્યો હતો. વર્ષ 2012માં તેમણે ફ્રાન્સમાં 'ફ્રી મોબાઈલ' (Free Mobile) શરૂ કર્યું હતું.

CHATGPT પર હવે હથિયારોની માહિતી નહીં મળે

- **ઓપનએઆઇ લાવી રહી છે સેફ્ટી ફીચર્સ, હિંસક ચેટ પણ કરી શકાશે નહીં, પેરેન્ટ્સને મળશે એલર્ટ**

મુંબઈ

હવે ChatGPT પાસેથી હથિયારો અને સુરક્ષા પ્રણાલીઓ સાથે જોડાયેલી માહિતી નહીં મળે. કંપનીએ શુક્રવારે જાહેરાત કરી કે તે કિશોરો માટે હથિયારો અને સુરક્ષા પ્રણાલીઓ સાથે જોડાયેલી વ્યવહારુ માહિતી પર કડક પ્રતિબંધ મૂકશે. આ નિયમ ત્યારે પણ લાગુ પડશે જ્યારે ઉપયોગકર્તાનો પ્રશ્ન દેખાવમાં સામાન્ય અથવા કોઈ હિંસક ઇરાદા વિનાનો હોય. દુનિયામાં હિંસા રોકવાના ઉદ્દેશથી કંપની આ નવા સુરક્ષા પગલાં અમલમાં મૂકી રહી છે.

હિંસક ચેટ આપમેળે બંધ થશે, વારંવાર ઉલ્લંઘન પર એકાઉન્ટ બંધ ઓપનએઆઈના નવા સુરક્ષા નિયમો તમામ ઉપયોગકર્તાઓ પર લાગુ થશે. જો કોઈ ઉપયોગકર્તા વાતચીત દરમિયાન સતત હિંસા અથવા કોઈને નુકસાન પહોંચાડવા જેવી બાબતો પર કેન્દ્રિત રહે છે, તો ChatGPT તે ચેટ સેશનને આપમેળે બંધ કરી દેશે. કંપનીએ એ પણ જણાવ્યું છે કે જો કોઈ ઉપયોગકર્તા વારંવાર આ પ્રકારની હિંસક વાતોનું પુનરાવર્તન કરે છે, તો તેનું એકાઉન્ટ અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવશે. ઓપનએઆઈએ ભૂતકાળમાં થયેલા નરસંહારોની માહિતી આપવા સંબંધિત નિયમોને પણ કડક બનાવ્યા છે. તમામ યુઝર્સ માટે જૂના સામૂહિક હુમલાઓની વિસ્તૃત માહિતી સુધીની પહોંચ મર્યાદિત કરી દેવામાં આવી છે.

તહેવારોમાં રોજીરોટી પર તરાપ!! : એસ્ટેટ વિભાગ સામે પ્રચંડ વિરોધ!

ભદ્રકાળી મંદિર પાસે પથારાવાળાઓના સમર્થનમાં કાઉન્સિલરો મેદાનમાં ઉતર્યા



અમદાવાદ

અમદાવાદના ઐતિહાસિક અને પ્રખ્યાત ભદ્રકાળી મંદિર પરિસરમાં દિવાળીના પવિત્ર તહેવારો ટાણે જ ગરીબ પથારાવાળાઓ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ વચ્ચે ગરમાગરમ મોરચો મંડાયો છે. તહેવારોની સિઝનમાં પોતાનું ગુજરાન ચલાવવા માટે ધંધો-રોજગાર લઈને બેઠેલા નાના વેપારીઓ અને પથારાવાળાઓને એસ્ટેટ વિભાગ દ્વારા અચાનક હટાવવાની સપાટાબંધ કામગીરી શરૂ કરાતા મામલો ભારે બિચક્યો છે. ગરીબોની રોજીરોટી પર સંકટ આવતા જ સ્થાનિક કાઉન્સિલરો લાલઘૂમ થઈને રોડ પર ઉતરી આવ્યા છે.

તહેવારોના સમયે જ ગરીબોનું પેટ કાપવા સામે વિરોધનો વંટોળ

દિવાળી જેવા મોટા તહેવારને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે ભદ્ર વિસ્તારમાં વર્ષોથી નાની-મોટી પથારીઓ અને લારી-ગલ્લા લગાવીને પરિવારનું પોષણ કરતા ગરીબ પથારાવાળાઓ પર એસ્ટેટ વિભાગે દંડો પછાડ્યો હતો. એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા પથારાવાળાઓનો સામાન હટાવવાની અને તેમને ધંધો અટકાવવાની કડક કાર્યવાહી કરાતા નાસભાગ અને ઉશ્કેરાટનો માહોલ સર્જાયો હતો. આ વાતની જાણ થતાં જ જમાલપુર અને ખાડિયા વોર્ડના કાઉન્સિલરો ગરીબ વેપારીઓની વહારે દોડી આવ્યા હતા.

ગરીબોના હક માટે ખાડિયા અને જમાલપુર વોર્ડના કાઉન્સિલરોએ સ્થળ પર જઈને એસ્ટેટ વિભાગની ટીમ સામે મોરચો માંડ્યો હતો. જેમાં જમાલપુર વોર્ડના કાઉન્સિલર મુસ્તાકભાઈ ખાદીવાલા, સાનિયા નૌમાન પઠાણ અને ડૉ. નાઝનીન ઠાકોર તેમજ ખાડિયા વોર્ડના કાઉન્સિલર બીરજુબેન અલ્પેશભાઈ ઠક્કર અને મીનાબેન સંજયભાઈ નાયક સહિતના અગ્રણીઓએ સ્થળ પર પહોંચીને એસ્ટેટ વિભાગની આકરા શબ્દોમાં ખીંચાઈ કરી હતી અને કામગીરી સામે વિરોધ નોંધાવ્યો હતો.

"દિવાળી ટાણે જ હેરાનગતી કેમ?" : તંત્ર સામે ઉઠ્યા ગંભીર સવાલો

કાઉન્સિલરોએ તંત્ર સામે આક્રમક રજૂઆત કરતા જણાવ્યું હતું કે, 'દિવાળીનો મોટો તહેવાર માથા પર છે ત્યારે અનેક ગરીબ અને સામાન્ય પરિવારો આ પથારીઓ અને નાની દુકાનો દ્વારા જ વર્ષભરની આજીવિકા મેળવતા હોય છે.

વર્ષમાં એકવાર આવતા આ તહેવારમાં જો ગરીબોને ધંધો નહીં કરવા દેવાય તો તેઓ પોતાના ઘરનું ગુજરાન કેમ ચલાવશે? આવા સમયે પથારાવાળાઓને હેરાન-પરેશાન કરવા કે તેમની રોજીરોટી છીનવવી એ જરાય યોગ્ય નથી.'

કાઉન્સિલરોના વિરોધ અને જનઆક્રોશને જોતા એસ્ટેટ વિભાગની કામગીરી થંભી ગઈ હતી. સ્થાનિકો અને કાઉન્સિલરોની માંગ છે કે તહેવારોના દિવસો દરમિયાન પથારાવાળાઓને શાંતિથી વેપાર કરવા દેવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે, નહીં તો આગામી દિવસોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સામે વધુ ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

સંક્ષીપ્ત સમાચાર

અમદાવાદના ઓઢવમાં ₹34 લાખની લૂંટનો રેલો ખણાયો: LCB ઝોન-૮ ની માસ્ટર સ્ટ્રાઇક

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક અત્યંત ચકચારી અને મોટી ઘટના સામે આવી છે. અમદાવાદના ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થોડા સમય પહેલાં ઘટેલી અંદાજે ૩૪ લાખની તોતિંગ લૂંટની ઘટનામાં પોલીસને ખૂબ જ મોટી અને યશકલગી સમાન સફળતા મળી છે. એલ.સી.બી. (LCB) ઝોન-૮ ની ટીમે બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે સપાટો બોલાવીને આ કરોડોની લૂંટના ગુનામાં સીધી રીતે સંડોવાયેલા ત્રણ મુખ્ય આરોપીઓને દબોચી લીધા છે, જેનાથી ગુનાખોરીની દુનિયામાં ફફડાટ વ્યાપી ગયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદના વ્યસ્ત અને સંવેદનશીલ ગણાતા ઓઢવ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં થોડા દિવસો અગાઉ અજાણ્યા ઈસમો દ્વારા ૩૪ લાખ જેવી માતબર રકમની લૂંટ ચલાવવામાં આવી હતી. ધોળા દિવસે કે અંધારામાં આચરવામાં આવેલી આ મોટી લૂંટની ઘટનાને પગલે વેપારી આલમ અને સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.

અમદાવાદમાં હૃદયદ્રાવક ઘટના: વટવામાં સામાન્ય ઝઘડાએ લીધો પત્નીનો ભોગ

અમદાવાદ શહેરના વટવા વિસ્તારમાંથી એક અત્યંત કરુણ, હચમચાવી નાખનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે. વટવા વિસ્તારના વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળિયા ખાતે માસૂમ પરિવારમાં સામાન્ય બાબતે શરૂ થયેલો નાનો ઝઘડો એટલો બધો વકરી ગયો કે ૬૮ વર્ષીય પતિએ પોતાની ૬૦ વર્ષીય ધર્મપત્નીની ઘાતકી હત્યા કરી નાખી. માત્ર એક જ ક્ષણના આવેશ અને ઉશ્કેરાટમાં ૪૦ વર્ષના લાંબા લગ્નજીવનનો કરુણ અંત આવતા સમગ્ર વિસ્તારમાં ભારે સન્નાટો અને શોકનું મોજું ફરી વળ્યું છે. મળતી વિગતો અનુસાર, વટવાના વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળિયામાં રહેતા ૬૮ વર્ષીય મહેમૂદ ભાટી અને તેમની ૬૦ વર્ષીય પત્ની મહેરાજ બાનુ વચ્ચે છેલ્લા લગભગ બે વર્ષથી ઘરકંકાસ અને નાના-મોટી બાબતોને લઈને તકરાર ચાલતી હતી. અવારનવાર ઘરમાં થતા આ ઝઘડાઓએ આજે ખૌફનાક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. વહેલી સવારે જ્યારે ઘરમાં સામાન્ય બાબતે પતિ-પત્ની વચ્ચે ફરીથી બોલાચાલી અને ઝઘડો શરૂ થયો, ત્યારે ગુસ્સામાં આપાત ખો બેઠેલા મહેમૂદ ભાટીએ ઉશ્કેરાઈને ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

વેપારીને નકલી જમીન માલિક સાથે મળાવી ખોટા ડોક્યુમેન્ટથી દસ્તાવેજ કરીને 4.70 કરોડ પડાવ્યા

ભાડજ વિસ્તારમાં રહેતા એક જમીનના વેપારી સાથે ઓગણજ ગામની જમીનનો સોદો કરાવી આપવાના બહાને 4.70 કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. 10 આરોપીઓએ એક જમીનના અસલી માલિકના ફેક આધારકાર્ડ તેમજ પાનકાર્ડ બનાવી, ખોટા બેંક એકાઉન્ટ ખોલાવી અને નકલી ખેડૂતો ઉભા કરીને ડુપ્લીકેટ ડોક્યુમેન્ટના આધારે કરોડો રૂપિયાની ઠગાઈ કરી હોવાની સોલા હાઈકોર્ટે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. ભાડજમાં રહેતા રશ્મિનભાઈ પટેલ જમીન લે-વેચનો ધંધો કરે છે. તેમની પાસે આશરે 10 મહિના પહેલા ધરમશી રબારી અને દિપક ત્રિપાઠી આવ્યા હતા. આ બંને વ્યક્તિઓએ રશ્મિનભાઈને ઓગણજ ગામમાં જમીન વેચવાની ઓફર આપી હતી. રશ્મિનભાઈને અગાઉથી પરિચિત હોવાથી દીપક અને ધરમશી પર ભરોસો કર્યો હતો. ત્યારબાદ આ બંનેએ રશ્મિનભાઈની મુલાકાત જમીનના મૂળ માલિકો તરીકે ખોટા વ્યક્તિઓ સાથે કરાવી હતી. આરોપીઓએ જમીનના મૂળ માલિકો બળદેવભાઈ પટેલ, કાન્તાબેન, મીનલબેન અને હિતેન્દ્રકુમારના નામના બોગસ આધારકાર્ડ અને પાનકાર્ડ બનાવ્યા હતા. આ બનાવટી દસ્તાવેજોના આધારે તેઓએ બંધન બેંકમાં ખોટા ખાતાઓ ખોલાવ્યા હતા.

નારોલ બ્રિજ પરથી ચાલતા મુસાફરોના હાથમાંથી મોબાઈલ ઝૂંટવી ભાગનાર શાતિર સ્નેચર ઇસનપુર પોલીસની ગિરફ્તમાં!

અમદાવાદ શહેરના સંવેદનશીલ અને વ્યસ્ત વિસ્તારોમાં પોલીસ દ્વારા ગુનેગારો પરનો વધુ કસવામાં આવ્યો છે. ખાસ કરીને હાઈવે અને ઓવરબ્રિજ પરથી પસાર થતા નાગરિકોને નિશાન બનાવીને પળભરમાં મોબાઈલ ફોન સેરવી લેતી ગેંગના એક કુખ્યાત સ્નેચરને ઇસનપુર પોલીસે ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. નારોલ બ્રિજ જેવા ભારે ટ્રાફિક અને ધમધમતા માર્ગ પરથી ચાલુ રસ્તે મોબાઈલ સ્નેચિંગની ઘટનાને અંજામ આપનાર અસલી ગુનેગાર આખરે પોલીસની લોખંડી પકડમાં આવી ગયો છે. અમદાવાદના અત્યંત વ્યસ્ત ગણાતા નારોલ બ્રિજ પરથી અવારનવાર પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકો પોતાના મોબાઈલ ફોન પર વાતચીત કરતા હોય અથવા સામાન્ય કામમાં વ્યસ્ત હોય ત્યારે આ શાતિર તસ્કરો ટાંચ સાધીને ત્રાટકતા હોય છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપી ફતેવાડી વિસ્તારનો રહેવાસી છે અને તેણે નારોલ બ્રિજ પરથી પસાર થતા એક નાગરિકને નિશાન બનાવીને ચાલુ રસ્તેથી તેનો કિંમતી મોબાઈલ ફોન આંચકી લીધો હતો અને પળભરમાં પવનવેગે ફરાર થઈ ગયો હતો. બ્રિજ પર રોજિંદા મુસાફરોમાં આ પ્રકારની ઘટનાઓથી ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.


હયાત હોટેલમાં વિદેશી મહિલાના રૂમમાં ઘૂસી વીડિયો બન્યો

'હોટેલમાં દેહ વ્યાપાર ચાલે છે' કહી મેનેજર પાસે સેટલમેન્ટના 5 લાખ માગ્યા

શુભ શાહ હોટેલમાં કહ્યું પણ હતું કે, હોટેલમાં ઓનલાઇન ગ્રાહક બોલાવીને વિદેશી મહિલાઓ દ્વારા દેહ વ્યાપાર ચલાવવામાં આવે છે

અમદાવાદ

અમદાવાદની જાણીતી હયાત હોટેલમાં દેહ વ્યાપારની પ્રવૃતિ ચાલતી હોવાનું કહીને બે શખસે હોટેલમાં વિદેશી મહિલાની પાછળ ઘૂસી ગયા અને રૂમમાં જઈને મહિલાની મંજૂરી વગર વીડિયો બનાવ્યો હતો. મહિલાનો વીડિયો બનાવ્યા બાદ હયાત હોટેલના મેનેજર પાસે આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ કરવાની ધમકી આપી 5 લાખ રૂપિયાની ખંડણી માગી હતી. જોકે હોટેલ મેનેજરે પૈસા આપવાની ના પાડતા વીડિયો વાયરલ કરવામાં આવ્યો હતો, જેમાં હયાત હોટેલમાં વિદેશી મહિલા બોલાવીને 25 હજારમાં દેહ વેપાર ચાલતો હોવાનું ભ્રામક લખાણ લખવામાં આવ્યું હતું. મહિલા ક્રાઈમ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ચાર શખસ સામે ફરિયાદ નોંધાઈ છે.



હયાત હોટેલ તરફથી મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે કે, 29 ઓક્ટોબરના વહેલી સવારે 5 વાગ્યાની આસપાસ તેમની હોટેલમાં એક ફિલિપાઈન્સની મહિલા આવી હતી, જેની પાછળ-પાછળ શુભ શાહ નામનો વ્યક્તિ વીડિયો ચાલુ રાખીને આવ્યો હતો. મહિલા રૂમમાં ગઈ ત્યારે શુભ પણ મહિલાની પાછળ રૂમમાં ગયો હતો. મહિલાની મંજૂરી વિના વીડિયો બનાવ્યો હતો. શુભ શાહ હોટેલમાં કહ્યું પણ હતું કે, હોટેલમાં ઓનલાઈન ગ્રાહક બોલાવીને વિદેશી મહિલાઓ દ્વારા દેહ વ્યાપાર ચલાવવામાં આવે છે. હોટેલ અને મહિલાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શુભે રિસેપ્શન પર આવી પોતાનું વિઝિટિંગ કાર્ડ આપીને નીકળી ગયો હતો. વિઝિટિંગ કાર્ડમાં સંકેત પ્રજાપતિ નામ લખ્યું હતું. બાદમાં હોટેલના સ્ટાફને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટની એક લિંક મોકલી હતી. લિંક પરનો વીડિયો ડિલિટ કરવા હોટેલ તરફથી જણાવવામાં આવ્યું, ત્યારે શુભ શાહે મળવાનું કહ્યું હતું. 30 ઓક્ટોબરે શુભ શાહ, સંકેત પ્રજાપતિ અને અન્ય બે શખસ ગાડીમાં હયાત હોટેલમાં મેનેજરને મળવા આવ્યા હતા.

ત્રણ દરવાજા પાસે આગ લાગીને ફાયરની ગાડી ટ્રાફિકમાં ફસાઇ

અમદાવાદ

દિવાળીના તહેવારો દરમિયાન આગ અકસ્માતના બનાવો વધતા હોય છે, ત્યારે શહેરના કોટ વિસ્તારમાં ફાયર બ્રિગેડની ગાડીઓને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના ત્રણ દરવાજા વિસ્તારમાં રાત્રે આગ લાગવાની ઘટના બની હતી, જેમાં ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. જોકે ફાયર વિભાગની ગાડીઓ પાંચકુવા વિસ્તારથી નીકળી ત્યારે રતનપોળ અને ત્રણ દરવાજા તરફ જવાના રોડ ઉપર વાહનોના પાર્કિંગ અને પાથરણા તેમજ લારીઓ સહિતના દબાણોના કારણે ગાડી જલ્દી નીકળી શકી ન હોવા અંગેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયો છે. કોટ વિસ્તારમાં આગ લાગવાનો બનાવ બને ત્યારે રોડ ઉપર ગેરકાયદેસર રીતે પાર્કિંગ અને વાહનોની અવરજવર વધુ હોવાના કારણે ફાયર બ્રિગેડને સમયસર પહોંચવામાં તકલીફનો સામનો કરવો પડે છે. શહેરના સૌથી ભરચક વિસ્તાર ગણાતા એવા ત્રણ દરવાજા વિસ્તારમાં દુકાનની પાછળના ભાગે આવેલા મકાનમાં આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા પાંચકુવા ફાયર સ્ટેશનની ગાડીઓને સ્થળ પરથી રવાના કરવામાં આવી હતી.

નવનિર્મિત સાઈટના ખાડામાં શાયોના તિલક ૩ની સેફ્ટી વોલ ધરાશાયી થઇ

સેફ્ટી સપોર્ટ વગર ખોદકામ: બિલ્ડર અને કોન્ટ્રાક્ટરની ગંભીર લાપરવાહી

અમદાવાદ

અમદાવાદના પોશ ગણાતા ગોતા વિસ્તારમાં આજે એક મોટી દુર્ઘટના સામે આવી છે. વંદે માતરમ રોડ પર આવેલા શાયોના તિલક ૩ રહેણાંક ફ્લેટની સેફ્ટી વોલ અચાનક કન્સ્ટ્રક્શન સાઈટના ઊંડા ખાડામાં ધરાશાયી થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો છે. ઘટનાને પગલે ફ્લેટમાં રહેતા સો કરતાં વધુ પરિવારોમાં ભારે ફાળ પડી છે અને લોકો જીવ બચાવવા ઘરની બહાર દોડી આવ્યા હતા.



મળતી માહિતી મુજબ, શાયોના તિલક ૩ રહેણાંક ફ્લેટની બિલકુલ અડીને જ એક નવી કન્સ્ટ્રક્શન સાઈટનું કામ ચાલી રહ્યું હતું. આ નવનિર્મિત સાઈટમાં પાયા ખોદતી વખતે બિલ્ડર અને કોન્ટ્રાક્ટર દ્વારા સુરક્ષાના તમામ નિયમો નેવે મૂકી દેવામાં આવ્યા હતા. પાયાનો ઊંડો ખાડો ખોદતી વખતે બાજુની ઈમારતની જમીન ન ખસે તે માટે જરૂરી શશીંગ કે પાઈલિંગ (સેફ્ટી સપોર્ટ) કરવામાં આવ્યું નહોતું. સુરક્ષાના કોઈ પણ પૂર્વાયોજન વગર કરાયેલા ખોદકામના કારણે શાયોના તિલક ૩ ફ્લેટની નીચેની જમીન અચાનક ધસી પડી હતી. જમીનનું મોટું ધાણું ખસી જતાં જ ફ્લેટની મુખ્ય રક્ષણાત્મક સેફ્ટી વોલ પત્તાના મહેલની જેમ કન્સ્ટ્રક્શન સાઈટના ઊંડા ખાડામાં ગરકાવ થઈ ગઈ હતી. સદનસીબે જે સમયે આ ભીંત તૂટી પડી ત્યારે કન્સ્ટ્રક્શન સાઈટના ખાડામાં કે સેફ્ટી વોલ પાસે કોઈ હાજર નહોતું, જેના કારણે એક મોટી જાનહાનિ ટળી છે. જોકે, સેફ્ટી વોલ ધરાશાયી થવાથી ફ્લેટના પાર્કિંગ અને મુખ્ય ઈમારતના પાયાને પણ નુકસાન પહોંચવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે રહીશોના જીવ તાળવે ચોંટી ગયા છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા.

પોલીસકર્મી બનીને ત્રણ લોકો સાથે ઠગાઈ કરનાર નકલી પોલીસ આખરે અસલી પોલીસના શંકાના ઘેરામાં!

આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

અમદાવાદ

અમદાવાદ શહેરમાંથી ખાખી વર્દી અને પોલીસ ઓળખનો દુરુપયોગ કરી સામાન્ય લોકો અને વેપારીઓ સાથે ઠગાઈ આચરતો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પોલીસકર્મી હોવાની ખોટી ઓળખ આપીને લોકો પાસેથી લાખો રૂપિયા ખંખેરતી ભેજાબાજ શખ્સ અલ્કેશ પરમાર વિરુદ્ધ ખોખરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર રીતે ગુનો નોંધવામાં આવ્યો છે. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આરોપી અલ્કેશ પરમારે પોતાની ઓળખ પોલીસકર્મી તરીકે આપીને એક વેપારી મહિલાને ટાર્ગેટ કરી હતી. મહિલા વેપારીના 567 જેટલા શર્ટ અટવાયા હતા અથવા પરત મેળવવાની જરૂરિયાત હતી, જેનો ફાયદો ઉઠાવીને આ ભેજાબાજે શર્ટ પરત અપાવવા માટેની ખોટી ખાતરી આપી હતી. આ કામગીરીના બહાને તેણે વેપારી મહિલા પાસેથી અલગ-અલગ પ્રકારે કુલ ૨૩,૫૦૦ પડાવી લીધા હતા અને ત્યારબાદ કામ પણ પૂરું કર્યું નહોતું અને નાણાં પણ પરત આપ્યા નહોતા. આરોપી અલ્કેશ પરમારની ઠગાઈ માત્ર અહીં જ અટકી નહોતી. તેણે અન્ય લોકો સાથે પણ આ જ પ્રકારે ઠગાઈ આચરી હોવાનું સામે આવ્યું છે. બાકરોલ વિસ્તારમાં શેડ અને મકાનના દસ્તાવેજ કાગળો પરફેક્ટ કરાવી આપવા તથા સરકારી કામો પતાવી આપવાના બહાને પણ આ નકલી પોલીસે ભોળા નાગરિકો પાસેથી નાણાં પડાવ્યા હતા. આમ, કુલ મળીને ત્રણ અલગ-અલગ લોકો સાથે તેણે કુલ ૪૭,૫૦૦ ની આસપાસની રકમની છેતરપિંડી આચરી હોવાનો ગંભીર આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે. લોકો સાથે ઠગાઈ કરનાર આ નકલી પોલીસની કરતૂતો સામે આવતા પીડિતોએ કાયદાકીય સહારો લીધો હતો. આ મામલે ખોખરા પોલીસ સ્ટેશનમાં આરોપી અલ્કેશ પરમાર વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. ખોખરા પોલીસે ફરિયાદના આધારે આગળની સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI